بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફ્ય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/સપ્ટેમ્બર/૨૦૧૮**

ઝિલ હજ્જ–મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૯/૧૪૪૦

વર્ષ : ૧૫, અંક : ૦૯, સળંગ અંક : ૧૭૭

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)




**● અનુક્રમણિકા ●**


01 હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ આપે મુફતીએ આ'ઝમની જાનશીનીનો હક્ક્ અદા કરી આપ્યો ! 03

02 જંગે કરબલાથી શિખવાની મુખ્ય બાબતો 09

03 હુઝૂર તાજુશ્શરીઅહ યાદોના ઝરૂખેથી.... 13

04 તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો 16

05 હુઝૂર તાજુશ્શરીઅહ અરબાબે ઈલ્મો દાનિશ કી નઝર મેં 19

06 શરીઅત તથા તરીક્તનો આફતાબ 25

07 તાજુશ્શરીઅહના વિસાલ પર ઈસ્લામી જગત શોકમાં ડૂબ્યુ ! 28

08 હુઝૂર તાજુશ્શરીઅહકા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા ઈસ્તેઆરા 32

09 અતાએ મુસ્તફા અખ્તર રઝા 35

10 સિતારો જે તૂટી ગયો ! 36

11 બારગાહે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہમાં ખિરાજે અક઼ીદત 41

12 બરકાતે ખ્વાજાની ટપાલ 50


**મુનવ્વર મેરી આંખોં કો મેરે શમ્સુદ્દુહા કર**

મુનવ્વર મેરી આંખોં કો મેરે શમ્સુદુહા કર દે
ગમોં કી ધૂપ મેં વોહ સાયએ ઝુલ્ફે દુતા કર દે

જહાંબાની અતા કર દે ભરી જન્નત હિબા કર દે
નબી મુખ્તારે કુલ હે જિસ્કો જો ચાહે અતા કર દે

જહાંમે આમ પૈગામેં શહે અહમદ રઝા કર દે
પલટ કર પીછે ફિરસે તજવીદે વફા કર દે

નબીસે જો હો બેગાના ઉસે દિલસે જુદા કર દે
પિદર માદર બિરાદર માલો જાં ઉન્પે ફિદા કર દે

જહાંમેં ઉન્કી ચલતી હે વોહ દમમેં ક્યાસે ક્યા કર દે
ઝમીં કો આસ્માં કર દે સુરૈયા કો સરા કર દે

મુઝે ક્યા ફિક્ર હો 'અખ્તર' મેરે યાવર હૈ વોહ યાવર
બલાઓં કો જો મેરી ખુદ ગિરફતારે બલા કર દે



# હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ

## આપે મુફતીએ આ'ઝમની જાનશીનીનો હક્ક અદા કરી આપ્યો !

*જન્મ : ૧૪ ઝી કૃઅદા હિ.સ. ૧૩૬૧, અં.તા. ૨૩-૧૧-૧૯૪૨*
*વફાત : ૭ ઝી કૃઅદા, હિ.સ. ૧૪૩૯, અં.તા. ૨૧-૦૭-૨૦૧૮*

तंत्री लेख

૭ ઝિલકઅદ હિ.સ. ૧૪૩૯ ઈ.સ. મુજબ ૨૦–૭–૨૦૧૮ના રોજ જુમ્આના મગરિબના સમયે જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہનો વિસાલ દરેક સુન્ની માટે એક અતિ ગમઅંગેઝ સદમો તથા એવી દર્દ અંગેઝ ખબર છે કે જેનું શબ્દો થકી વર્ણન શક્ય નથી. દિલની કૈફિયત અલ્લાહ બેહતર જાણવાવાળો છે. બસ ! એટલું જ કહીશું કે અલ્લાહ કરીમ આ હુઝૂર મુફતીએ આ'ઝમના સાચા જાનશીનની કૃબ્ર પર રહમતોની અનહદ વર્ષા સદા વરસાવે અને આપણને અહલે સુન્નતને તેમના રૂહાની ફયઝાનથી નવાઝતો રહે અને રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہના ઈલ્મોના આ વારિસની જગાએ એમનો નેઅમલ બદલ ઈલ્મી રૂહાની શખ્સિયતના રૂપમાં અતા કરે કે જેનાથી સર્વ સુન્નીઓની આંખોને તથા દિલોને ઠંડક મયસ્સર થાય, નહીં તો અહલે સુન્નતમાં આ મહાન ઈલ્મી રૂહાની હસ્તીના જવાથી જાણે સન્નાટો છવાય ગયો હોય એવું મેહસૂસ થઈ રહ્યું છે.

### ★ કેવળ દીદાર કરતાં જ લોકો મુરીદ થઈ જતા ! ★

અલ્હમ્દુલિલ્લાહ ! ઈ.સ. ૧૯૮૨થી ફકીર નાચીઝ, હઝરત કિબ્લા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہથી બયઅતનો શરફ ધરાવે છે. મને યાદ છે જ્યારે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ (વિસાલ : ૧૩ મુહર્રમ, હિ.સ. ૧૪૦૨, અં. તા. ૧૧–૧૦–૧૯૮૧)ના વિસાલનો સમય નજીક હતો તે અરસામાં મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરા (તા.જિ. ભરૂચ) ખાતે ખલીફાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના અબુલ કલામ રઝવી, હાફિઝ હસન રઝવી હલદરવી સાહબ, મર્હૂમ હાજી વલીભાઈ ગોરજી (માજી નાઝિમે આ'લા તથા બાની દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ) તેમજ વડોદરા, જંબુસર, હલદરવા, દયાદરા વગેરે ગામોના જિમ્મેદારોની એક મીટિંગ થઈ જેમાં આ ફકીર પણ હાજર હતો અને ઠરાવવામાં આવ્યું કે હુઝૂર મુફતીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہને ભરૂચ જિલ્લાના દૌરા માટે "ફ્લાઈટ"થી બોલાવીએ! પણ કિસ્મતની વાત કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ખૂબ જ બીમાર હતા અને છેવટે અલ્લાહને પ્યારા થઈ ગયા. કાશ ! એક દૌરો હઝરતનો થઈ ગયો હોત તો ભરૂચ જિલ્લાનો નકશો કાંઈક અલગ જ હોત ! ખૈર, એ જ થાય છે જે અલ્લાહને મંઝૂર હોય છે. પણ ત્યારબાદ સૌની સહમતિએ જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો દૌરો ગોઠવાયો અને ૧૯૮૨ ફેબ્રુઆરીમાં લગભગ આ દૌરો થયો જેમાં હઝરત સૂરતથી દયાદરા, થામ, હલદરવા વગેરે ગામોએ તશરીફ લાવ્યા હતા. ચો તરફ સમાચાર ફેલાય ગયા કે બરેલી શરીફથી આ'લા હઝરત رحمۃ اللہ علیہની ઔલાદમાંથી મહાન ઈલ્મી રૂહાની હસ્તી તશરીફ લાવેલ છે તો જેને જ્યાં મોકો મળ્યો

સૂરત, હલદરવા, દયાદરા, થામ, ભરૂચ, જંબુસર વગેરેએ દૂર દૂરથી દીદાર માટે તથા મુરીદ થવા લોકોનાં ટોળે ટોળાં તૂટી પડયાં અને આ એક જ દૌરામાં ભરૂચ, વડોદરા, સૂરત તથા અન્ય જિલ્લાના હજારો સ્ત્રી પુરૂષો મુરીદ બની ગયા. કેટલાક લોકો તો કેવળ ઝિયારત માટે આવતા પણ આપના નૂરાની તાબનાક ખુશનુમા રૂહાનિયતથી ભરપુર તક્વો ટપકાવતા ચહેરાના જમાલને જોઈને મુરીદ થવા જાણે મજબૂર થઈ જતા કે જો આજે મુરીદ ન થયા તો ખબર નહીં ફરી આવી હસ્તી જીવનમાં મળશે કે નહીં મળે ! મારી જાણમાં એવા કેટલાય લોકો છે કે આપના જમાલ તથા રૂહાની પ્રભાવને ફક્ત જોઈને જ મુરીદ થઈ ગયા. આ આકર્ષણ આપના તક્વા તથા રૂહાનિયતનું હતું એમાં કોઈ બેમત નથી.

## ★ કાંઈક હકીરના દિલની વાત પણ સાંભળી લો ! ★

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના ૧૯૮૨ના પ્રથમ દૌરા બાદ અલ્હમ્દુલિલ્લાહ ! કેટલીયે વાર સૂરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, આણંદ, પેટલાદ તથા સૌરાષ્ટ્રના દૌરા પર આવી ચૂક્યા અને હજારો લાખો સુન્નીઓ ગુજરાતભરમાં આપનાથી બયઅતનો શરફ પામ્યા અને સૂરતથી સૌરાષ્ટ્ર સુધી નાચીઝથી જ્યાં સુધી શક્ય બનતુ હઝરત સાથે રહેલો છે. હઝરતની સોહબત, શફકત તથા દુઆઓથી ફયઝ ઉઠાવ્યો છે. ખાસ કરીને દયાદરામાં હઝરત નાચીઝના ગરીબખાના પર ઘણીવાર આવેલા છે અને બે દિવસોનો ક્યામ પણ એક દૌરામાં નાચીઝને ત્યાં કર્યો છે. શરૂઆતમાં ક્લમકાર મર્હૂમ મૌલાના અબ્દુન્નઈમ અઝીઝી (બરેલ્વી) હઝરત સાથે ખાદિમની હૈસિયતથી રહેતા હતા, ઉપરાંત કેટલીકવાર હઝરત સાથે મુફતીએ મહારાષ્ટ્ર હઝરત મુફતી મુજીબ અશરફ સાહબ مدظلہ العالی પણ સાથે રહેતા. છેવટમાં મર્હૂમ મૌલાના શોએબ રઝા رحمۃ اللہ علیہ (દામાદે તાજુશ્શરીઅહ), સૈયદ આ'લે રસૂલ ઝયનુલ આબેદીન સાહબ નડિયાદવાળા તથા અબ્દુલ લતીફભાઈ (મુંબઈ), યૂસુફ નૂરી પોરબંદરવાળા વગેરે પણ હઝરત સાથે રહેતા હતા. અને લગભગ ઈ.સ. ૨૦૦૭ના દૌરામાં હઝરત સાથે મર્હૂમ અલી મુહમ્મદ ખત્રી (માજી નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર) તથા અન્ય ઉપલેટાના સાથી આવેલા તેમણે નાચીઝને હઝરતની ખિલાફત સ્વીકારવા ઓફર કરેલી પણ મેં પોતાને હરગિઝ એના પાત્ર ન હોવાનું જણાવીને મઅઝેરત કરેલી. પણ લગભગ દયાદરાના લાસ્ટ દૌરામાં ઈ.સ. ૨૦૧૨માં મારા ઘરમાં મૌલાના શોએબ રઝા رحمۃ اللہ علیہની હાજરીમાં અચાનક હઝરતે મને હાથોને લંબાવવા કહ્યું અને સર્વ સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝતથી નવાઝી આપ્યો. આ હઝરતની ઝર્રાનવાઝી હતી, નહીં તો ક્યાં હું નાચીઝ અને ક્યાં હઝરતની મહાન હસ્તી ! પણ હું કાંઈ બોલી ન શક્યો. અને હઝરતે ખૂબ દિલથી દુઆઓ પણ આપી. નાચીઝે એ દૌરામાં સ્ટેજ પરથી, મસ્જિદમાં દયાદરા ખાતે તથા ભરૂચ બાદશાહી મસ્જિદમાં માદરી ઝબાનમાં હઝરતની ટૂંકી ઓળખ આપી મુરીદ થવા, તાલિબ થવા અવામને ઓફર કરેલી તો હજારો યુવાનો વડીલો, બહેનો હઝરતથી બયઅત પામ્યાં હતાં. એ વાતની મને આજેય ખુશી છે કે હું આ નેક કામનો નિમિત્ત બનતો રહ્યો. ત્યારબાદ પણ છેવટ સુધી ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લાના દૌરામાં તથા છેલ્લે છેલ્લે એક દોરામાં હઝરત હલદરવા તથા થામ આવ્યા હતા તો વડોદરા એરપોર્ટ હોટલ પર ઈત્મિનાનથી હઝરતના કમરામાં હઝરતથી તથા હઝરત અસ્જદમિયાંથી મુલાકાતનો નાચીઝને શરફ મળ્યો હતો. ત્યારબાદ બરેલી શરીફ પહોંચીને ફકીર હઝરતથી મુલાકાત તથા દુઆનો શરફ પામતો રહ્યો. મને એ પણ યાદ છે કે મુરીદ થયા બાદ પ્રથમવાર ઉર્સે રઝવીમાં હું નાચીઝ પોતે હઝરત મૌલાના કારી અબુલકલામ રઝવી مدظلہ العالی સાથે ગયો હતો ત્યારે અમારા રહેવાના ઈન્તેઝામ માટે હઝરત ખુદ

ગલીમાં નીકળી જાતે સ્થળ બતાવવા આવેલા અને ત્યારે રસ્તામાં કોઈ હાથ ચૂમતુ તો કોઈ પીઠ પર હાથ મૂકીને ચૂમતુ, કોઈ દામનને બોસો દેતું, છતાં આવી મહાન હસ્તીની સાદગી જુઓ કે અમારા જેવા નાચીઝોના માટે જેહમત ઉઠાવી રહ્યા હતા. આજે એ શફીક઼ હઝરતના વિસાલ પર એ બધુ માનસ પટ પર ફરી રહ્યું છે અને દિલ રડી રહ્યું છે, આંખો આંસૂ વેરી રહી છે.

## ★ હુઝૂરના તક઼વા પરહેઝગારીનો કોઈ જવાબ નથી ! ★

અલ્હમ્દુલિલ્લાહ ! હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો ખૂબસૂરત નૂરાની તાબનાક જમાલવાળો ચહેરો જ આપની રૂહાનિયતને જાણે છલકાવતો હતો. સાથોસાથ આપે જીવનભર તક઼વો અપનાવીને હુઝૂર મુફ્તીએ આ'ઝમ, મુત્તક઼ીએ આ'ઝમ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہની જાનશીનીનો હક્ક઼ અદા કરી આપ્યો. ઝુહદો તક઼વા તથા સુન્નતની પાબંદીમાં હુઝૂર તાજુશ્શરીઅહની જાત હુઝૂર મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہનો અમલી નમૂનો હતા. અનેક મેહફિલોમાં હઝરત સાથે રહેવાનો મોક઼ો મળ્યો. અનેક પુરૂષો સ્ત્રીઓ હઝરતના હાથે સિલસિલએ ક઼ાદરી રઝવીમાં દાખલ થતાં પણ કદી કોઈ બેપર્દા સ્ત્રીની મિજાલ ન હતી કે હઝરત સામે આવીને બેસે કે ઉભી રહે ! હમેશાં પર્દામાં રહીને, દીવાલ ઓથે રહીને સ્ત્રીઓ મુરીદ થતી હતી. શરીઅતનુ ઉલ્લંઘન થતુ જોતા તો હઝરત જલાલમાં આવી જતા અને જલાલમાં કહેતા *લાઈલાહ ઈલ્લલ્લાહ ! અલ્લાહુ અકબર ! અસ્તગફિરુલ્લાહ !* ભૂલથી સ્ત્રીઓ અચાનક કદી આવી પડી તો કહી દીધું, "ભગાઓ ! ઈન કમ્બખ્તોંકો !" પછી શાંત પડીને પર્દામાં રાખી મુરીદ કરતા, નસીહત કરતા, દુઆઓ આપતા. સ્ત્રીઓની ભીડમાંથી કદી વચ્ચે પસાર ન થતા બલ્કે પ્રથમ આડ કરવામાં આવતી. જાણે મુફ્તીએ આ'ઝમ رحمۃ اللہ علیہના તક઼વાની હરતી ફરતી આપ તસ્વીર હતા. સુબ્હાનલ્લાહ !

બિહમ્દિહી તઆલા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની જાતમાં તક઼વાની જે હક઼ીક઼ી સિફતો છે તે સર્વ ઉત્તમ કક્ષાની મૌજૂદ હતી. આપે તક઼વા તથા શરીઅતની પાબંદીને પોતાના માટે લાઝિમ કરી લીધી તો પરવરદિગારે આલમનો આપ પર તે ખાસ ફઝ્લો કરમ થયો કે આજે આપની જાત ઈસ્લામી જગતના મુસલમાનો માટે રુશ્દો હિદાયતનો મિનારો બની છે. આપની તક઼વા શિઆરી તથા શરીઅતની પાબંદીના સંબંધે મૌલાના મુહમ્મદ શહાબુદ્દીન રઝવી પોતાનો અનુભવ વર્ણવતાં જણાવે છે : હિ.સ. ૧૪૦૭ની વાત છે કે ઝનાનખાનામાં સ્ત્રીઓ ઝિયારત તથા બયઅતના માટે હાજર છે. જ્યારે આપ ઝનાનખાનામાં તશરીફ લઈ ગયા તો અમુક સ્ત્રીઓના નકાબ ઉલટાવેલા હતા અને ચહેરા ખુલ્લા હતા, તો આપે તુરત જ પોતાની આંખો બીજી તરફ ફેરવી લીધી અને ફર્માવ્યું, "પર્દો કરો ! બેપર્દા ઘૂમવું ફરવું સખ્ત મના છે. નિક઼ાબ નાખો !" સૌ સ્ત્રીઓએ નિક઼ાબો નાખી લીધા પછી બયઅત કરવામાં આવી. સુબ્હાનલ્લાહ ! તક઼વો હોય તો આવો હોય." *(મુફતીએ આ'ઝમ ઔર ઉન્કે ખુલફા, ૧/૧૫૯)*

હઝરતની ચાહતના દાવેદારો માટે આ બાબત ખાસ વિચારવા જેવી છે કે શું પોતે આના પર આમિલ છે ? કે પછી મોબાઈલ પર ક્યાંથી ક્યાં નીકળી ગયા છે ? અલ્લાહ હઝરતના સદક઼ામાં આપણને નેક બનાવે. (આમીન)

આપને નમાઝથી બેહદ મહોબ્બત હતી. સફરમાં હોય કે ઉતારા પર, નમાઝના સમયમાં પ્રથમ નમાઝ પઢતા પછી અન્ય કામકાજમાં વ્યસ્ત થતા. સફર ચાહે જેવો પણ હોય પ્લેનથી ટ્રેનથી કે ગાડીથી, પણ નમાઝનો સમય થતાં જ નમાઝની અદાયગીના માટે બેચૈન થઈ જતા. (જેમ કે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના બનાવો આ વિશે છે) એરપોર્ટ હોય કે સ્ટેશન નમાઝ કદી ક઼ઝા થવા ન દીધી. અને સૌને નમાઝની તાકીદ કરતા, દાઢીની

તાકીદ કરતા, શરીઅતની પાબંદીની તાકીદ કરતા. કોઈ મસ્જિદમાં શર્ટના ઉપલા બટન ખોલી આવતો તો છાતીનાં હાડકા પર હાથ રાખી કહેતા કે, "બટન લગાઓ, નમાઝમેં યહ ખુલા રહેગા તો નમાઝ મકરૂહે તહરીમી હોગી દોહરાના વાજિબ હોગા !" હોટની નીચે દાઢી છોલાવનારને તથા મુઠ્ઠીથી ઓછી કરનારને તે જગાએ હાથ રાખી કહેતા કે, "ઈસે મત છીલવાઓ ઔર એક મુશ્ત દાળ્હી રખો, કમ મત કરો !" અને આપની વાણીની અસર એ થતી કે ફરી તે નસીહત સાંભળનાર તે કામ ન કરતો.

**★ આજે ક્યાં છે આવા તક્વાવાળા લોકો કે જે કહે તે કરી બતાવે ? ★**

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ જે ઘરમાં જાનદારની તસ્વીર લટકતી હોય તે ઘરમાં પ્રવેશતા પણ ન હતા જ્યાં સુધી તેને ન હટાવે ! તો જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ પણ તસ્વીરને હરામ જાણી અને કદી કોઈ તસ્વીર લેવા ચાહતો તો રોકી દેતા કે, "ઈસ્લામમાં જાનદારની તસ્વીર હરામ છે." એટલુ જ નહીં પણ કદી કોઈ વ્યક્તિને શોખના ફોટા લેવાની કે યાદગારીના ફોટા પાડવાની કોઈ રીતે ઈજાઝત આપી કે ન પોતે ફોટાનો શોખ રાખ્યો. બલ્કે આપે પોતે જાહેરાત કરી છે કે :

"મૈં ઉન લોગોંસે જિન્હોંને કિસી તૌર પર મેરી તસ્વીર ખીંચી ઔર ઉસ્કી નુમાઈશ કરતે હૈં, અપને પાસ રખ્ખે હુએ હૈં, મૈં ઉનસે ભી કહતા હૂં ઔર જિન લોગોંને ઈન્ટરનેટ પર મેરી તસ્વીર ડાલી હૈ, મૈં ઉનસે ભી અપની બરહમીકા ઔર "નારાઝગી"કા ઈઝહાર કરતા હૂં. ઔર સબસે મેરા યહ મુતાલબા હૈ કે મેરી તસ્વીર વો યકલખ્ત ડીલેટ કરેં વરના મુવાખઝા ઉનકે ઉપર હોગા. મુઝે જો કહના થા ઔર જો મેરી જિમ્મેદારી થી અલ્હમ્દુલિલ્લાહ ! વો મૈં કહ ચુકા ઔર પૂરી કર ચુકા." *(ઓન લાઈન સવાલો જવાબ ઓડીયો ક્લિપ)*

આજે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની અતિ મહોબ્બતનો દાવો કરનારા અને અન્યો પર આક્ષેપો મૂકીને તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના વિરોધી બતાવનારા કેટલાયને અમે જોઈ રહ્યા છીએ કે હુઝૂરના આ ફર્માનથી વિમુખ છે અને પોતે પણ તસ્વીરો શોખથી પડાવે છે તથા વીડીયો પણ કરાવે ને અખ્બારોમાં પણ ફોટા છપાવે છે ! ફેસબુક પ્રોફાઈલ પર મૂકે છે ! એવા ચાહતનો દેખાડો કરનારાઓએ આ પરથી બોધ લઈ તૌબા કરવી જોઈએ.

એ જ પ્રમાણે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ સુન્નીને ત્યાં શાદીમાં જવા વિશે એક સવાલના જવાબમાં શું ફર્માવ્યું છે તે સાંભળો ?! આ'લા હઝરત તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہماની જેમ આપની બદમઝહબથી નફરત જુઓ :

**સવાલ** : અકષર શાદિયોંમેં બદ મઝહબ ભી ઈન્વાઈટ (આમંત્રિત) કીએ જાતે હૈં. ક્યા ઐસી શાદિયોં મેં શરીક હોના ચાહિયે જબ કે માલૂમ હો કે વહાં બદમઝહબ ભી આયેંગે. ઔર વહાં ચલે ગયે ઔર દેખા કે વહાં બદમઝહબ ભી હૈં, તો ક્યા વાપસ ચલે જાના ચાહિયે ? *(હઝરતની બદ્મઝહબોથી બેઝારી જુઓ !)*

**જવાબ** : જબ કે ઈલ્મ હૈ કે વહાં બદમઝહબ આયેંગેં, ઉનકી ઈઝ્ઝત હોગી. અગર પહેલેસે ઈલ્મ હૈ તો **"જાના હી જાઈઝ નહીં હૈ"** જાનેકે બાદ ઈલ્મ હુવા તો અગર ખાસ ઉસી જગહ પર જહાં યહ બૈઠા હૈ વહાં કિસી બદમઝહબકી શિર્કત હૈ તો ઉસકો વહાંસે ઉઠકર ભી આના ઝરૂરી હૈ. ઔર અગર તાકત રખતા હૈ તો ઉસ પર ભી ઈન્કાર કરે ખુસૂસન જબ કે વો મુક્તદા (પેશવા, આલિમ) હો, તો ઉસકો વહાં પર બૈઠના જાઈઝ નહીં હૈ........."*(ઓન લાઈન સવાલો જવાબ ઓડિયો ક્લિપ)*

આના પરથી વાંચકો એ પણ સમજી શકે છે કે જે લોકો મૈયતમાં પણ પોતાના દેવબંદી સગાઓને, દોસ્તોને ખબર કરીને બોલાવે છે તો પછી ત્યાં પણ આ જ હુકમ લાગુ થશે !

**એક અધિક સવાલ સાંભળી લો !** પૂછવામાં આવ્યું કે, **સવાલ :** એક મોઅતબર સુન્ની આલિમને યહ મસ્અલા બતાયા "વહાબીકે હોટલમેં" પૈસે દેકર ચાય પી સકતે હૈં. ઈસ પર એક શખ્સને કહા કે યહ મુફતી "સુલેહકુલ્લી" હૈ ! ઈસ પર કયા હુકમ હૈ ? *(હઝરતનો હદ દરજા એહતેયાત જુઓ !)*

**જવાબ :** સુન્ની આલિમકા યહ મસ્અલા બતાના સહીહ નહીં હૈ ઔર યહ સુલેહ કુલ્લિયતકી તરફ એક કદમ હૈ. ઔર વહાબિયોં કે સાથ મામલાત નાજાઈઝ નાદુરુસ્ત હૈ, ઈસ લિયે કે જિસકી બદમઝહબી હદ્દે કુફ્ર તક પહુંચ ચુકી ઉસસે મામલાત દુરૂસ્ત નહીં હૈ જબ તક કે કોઈ શરઈ મજબૂરી ન હો, ઉનસે મામલાત કી ઈજાઝત નહીં હૈ. ઉનકા યહ મસ્અલા બતાના નાદુરુસ્ત હૈ ઔર વહાબિયોં કે સાથ મામલાત ઔર તાલ્લુકાત કા દરવાજા ખોલના હૈ." *(ઓન લાઈન સવાલો જવાબ ઓડિયો ક્લિપ)*

આમાં સૌના માટે, ખાસ કરીને પોતાને જબદરસ્ત આશિક કહેવડાવનારાઓ માટે ખૂબ જ લાભદાયી તથા મહત્વનો સંદેશ સમાયેલો છે જેના પર તેમણે અમલ કરવો અતિ આવશ્યક છે. આથી પણ ચુસ્ત તકવાવાળા અન્ય સવાલો છે, લખાણ લાંબુ થવાના લીધે આટલે જ અટકુ છું. બસ એક આખરી સવાલ જવાબ પેશ કરું છું કે વાંચકો સમજી શકે કે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની જેમ તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો તકવો કેટલો ઉચ્ચ હતો અને આપણે ક્યાં ઉભા છીએ ?! શું કરીએ છીએ ! બહુ ઉગ્ર રીતે મહોબ્બતનો દાવો કરનારાઓને જણાવીશું કે કેવળ નારા મારીને મહોબ્બત જાહેર ન થઈ શકે બલ્કે જરા હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનાં ફર્માનો પર પણ ચાલી બતાવો ! સાંભળો !

*દૈનિક જાગરણ–હિન્દી* તા. ૨૧–૬–૨૦૧૭માં પણ આ સવાલ જવાબ પ્રસિધ્ધ થયેલા છે જે ઓનલાઈન હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને પૂછવામાં આવેલા :

**સવાલ : (૧)** "ફેસબુક પર કુછ લોગ તસ્વીર અપલોડ કર દેતે હૈં. ઉસે દેખકર ફ્રેન્ડસ માશાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! લિખતે હૈં. ક્યા ઐસા કરના સહીહ હૈ ?

**જવાબ :** ઐસા કરના **નાજાઈઝ** ઔર **હરામ** હૈ. ફૌરન તૌબા કર લેના ચાહિયે. જબ તક તૌબા નહીં કર લેતા ગુનેહગાર હોગા.

**સવાલ :** મોબાઈલ પર તસ્વીર દેખને ઔર ડાઉનલોડ કરનેવાલે ઈમામકે બારેમેં ક્યા હુકમ હૈ ?

**જવાબ : (૨)** મોબાઈલ મેં કિસી જાનદારકી **તસ્વીર દેખને** ઔર **ડાઉનલોડ** કરનેવાલે **ઈમામકે પીછે નમાઝ નહીં હોગી.** અગર ઉસકા યહ અમલ સાબિત હો જાએ તો ઉસે **ઈમામ બનાના હી નાજાઈઝ ઔર ગુનાહકા સબબ** હોગા. *(જાગરણ દૈનિક હિન્દી, ૨૧–૬–૨૦૧૭ના હવાલાથી ઓન લાઈન સવાલ જવાબ)*

બસ ! કોઈ ટીપ્પણી વિના જણાવી દઈએ કે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ આપેલ આદેશો પર આપે જાતે પોતે પણ સખ્તીથી અમલ કરી બતાવ્યો છે. હવેના દૌરમાં આવો તકવાવાળો આલિમ, મુફતી, પીર મળવો અતિ મુશ્કેલ કામ છે. ઈલ્લા માશાઅલ્લાહ ! અને આપે હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની જાનશીનીનો હક્ક દરેક ક્ષેત્રે તકવો પરહેઝગારી વગેરેમાં અદા કરી બતાવ્યો.



# જંગે કરબલાથી
## શિખવાની મુખ્ય બાબતો

રજૂકર્તા : મૌલાના શોએબ ચિશ્તી અલીમી

ઈમામ હુસૈન رضی اللہ عنہએ જે કુરબાની કરબલામાં આપી તેનું સાચુ માપ કાઢવું કઠિન છે અને સંપૂર્ણ સમજવું મુશ્કેલ છે, અને તેની સાચી અનુભૂતિ કરવી તો અશક્ય જ બાબત કહેવાય. એટલે જ કહેવામાં આવે છે કે શહીદ તો ઘણા થયા પરંતુ ઈમામ હુસૈનની શહાદત કાંઈ અલગ જ વસ્તુ હતી. કરબલાની જંગ જ એવી જંગ હતી જેવી બીજી જંગ ઈતિહાસનાં પાનાઓ પર જોવા નથી મળતી. આ જંગમાં જે દેખાતુ હતુ તે હતુ નહીં અને જે દેખાતુ ન હતુ તે જ હતુ !

કરબલાના મેદાનમાં દેખાય છે કે હૂર પોતાની પુષ્કળ ઈન્કમવાળી નોકરી ગુમાવે છે, સરકારી અફસર હોવાનું માન ગુમાવે છે, પોતાનાં પત્ની બાળ કોનો આશરો ગુમાવે છે, તાકતવર અને વિજેતા સેનાનો સથવારો ગુમાવે છે, માત્ર એટલું જ નહીં જેમના માટે રાત દિવસ જોયા વગર સેવા કરીને જેમના જાન માલની રક્ષા કરી છે તેઓ જ હૂરના સામે તલવારો ઉગામતા ઉભા થાય છે, હૂરના શરીર પર ઊંડા ઘા કરે છે, હૂરના શરીરના ટુકડે ટુકડા કરી નાખવા તલપાપડ થાય છે, હૂરના શરીરમાંથી લોહીનું ટીપે ટીપુ જમીન પર વેરાય છે. આપણે જોઈએ છીએ કે હૂરે બધુ જ ગુમાવી દીધું છે ! પરંતું હકીકત એવી ન હતી. વાસ્તવિકતા તેના કરતાં કાંઈક જુદી જ છે. હૂરે કાંઈ ગુમાવ્યું નથી, હૂરે તો બધુ બચાવી લીધુ છે, તેના ડગલે પગલે નેકીઓનો વરસાદ થઈ રહ્યો હતો. હૂરને એક એક પ્રહાર પર, એક એક લોહીના ટીપા પર રબની, મુસ્તફાની અને ફાતિમતુઝ્ઝહરાની રઝા પ્રાપ્ત થઈ રહી હતી. લોકોએ જોયું હતુ કે હૂરનું શરીર ધૂળમાં રગદોળાઈ ગયું છે, દયનીય હાલતમાં પડયું છે, પરંતુ જે ન દેખાયું તે એ હતું કે હૂરનું નામ ત્યાગ અને વફાદારીના પુસ્તકમાં સોનાના અક્ષરો વડે લખાઈ ગયું હતુ અને કયામત સુધી અમર થઈ ગયુ હતું.

*યે ફિકરા કાશ ! નકશે હર દરો દીવાર હો જાએ*
*જિસે જીના હો મરને કે લિએ તૈયાર હો જાએ*

કરબલાના રણે કાસિમની જવાની લૂટાતી જોયી, અલી અકબરનું યૌવન માટીમાં ખરડાતુ જોયું, અલી અસગરના પ્રાણ જતા જોયા, અબ્બાસના બાવડાં કપાતાં જોયાં, ઝૈનબની હાય નીકળતી જોઈ, શહેરબાનુનાં આંસૂ નીકળતાં જોયાં, સકીનાની ફરિયાદ ઉપર જતી જોઈ, ફુરાતના પુષ્કળ પાણી પર પ્યાલા પાણી માટે પ્રતિબંધ લાગતો જોયો, બોત્તેર શરીરોને ઘોડાની ખરીઓ નીચે કચડાતાં જોયાં, યઝીદીઓના ચહેરા પર ફેલાતુ લુચ્ચુ સ્મિત જોયું, કૂફીઓનો વચનભંગ અને ગદ્દારી જોઈ, ઈમામ હુસૈનના શરીર પર બોત્તેર ઝખમો થતા જોયા, ઈમામ હુસૈનનું માથુ કપાતુ, ફેંકાતુ, ઉંચકાતુ જોયું. આ બધુ દેખાતુ હતું તે હકીકત ન હતી, પણ હકીકત એ હતી કે યઝીદીઓને તેમનું જ ભવિષ્ય સ્કીન પર દેખાડવામાં આવી રહ્યું હતું. યઝીદીઓ સમજી રહ્યા હતા કે તેઓ ગેમ રમી રહ્યા હતા પરંતુ હકીકત એ હતી કે તેમની સાથે ગેમ રમાઈ રહી હતી !

ન હુસૈનીઓની જવાની, યૌવન કરમાતુ, લૂટાતુ હતુ, ન તેમના પ્રાણ જઈ રહ્યા હતા, ન તેમનો શ્વાસ બંધ પડી રહ્યો હતો...તેમને તો ક્યારેય ન જોઈ તેવી જવાની અપાઈ રહી હતી, કદી ન બંધ પડે તેવો શ્વાસ

અપાઈ રહ્યો હતો, જેમાં ક્યારેય દાગ ન લાગી શકે તેવી ઈજ્જત અપાઈ રહી હતી, કદી ન ભૂલાઈ તેવું નામ અપાઈ રહ્યું હતું. તેમને તરસ્યા રાખીને અમૃત (આબે કૌષર) પીવડાવવાની સગવડ કરાઈ રહી હતી. હુસૈનીઓને હારતા દેખાડીને અંદરખાને વિજય અપાઈ રહ્યો હતો.

*કત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ*
*ઈસ્લામ ઝિંદા હોતા હૈ હર કર્બલા કે બાદ*

## ★ દાસ્તાને કર્બલાનાં મૂળો ★

યુદ્ધો સત્તા માટે થતાં હોય છે, ધન વગેરે વસ્તુઓની પ્રાપ્તિ માટે થતાં હોય છે અથવા બદલા માટે થતાં હોય છે, પરંતુ પ્રશ્ન કરવામાં આવે કે ઈમામ હુસૈને આ યુદ્ધ શા માટે કરવું પડયું ? તો તેનો જવાબ થોડો અઘરો છે. અઘરો એટલા માટે નથી કે તેનો જવાબ ઈતિહાસ આપી શકે તેમ નથી, અઘરો એટલા માટે છે કે તેના પર ચર્ચા કરવામાં આવતી નથી. અને આ વિષય જ ધ્યાન કેન્દ્રિત કરવા યોગ્ય છે, તેના વગર કર્બલાના વાક્યાનું કોઈ મહત્વ રહેતુ નથી. કર્બલા તેના વગર માત્ર સામાન્ય યુદ્ધો જેવું યુદ્ધ બની રહી જશે.

મુસ્લિમ ઈતિહાસકારો એ વાત પર એકમત છે કે ઈમામ હુસૈનને ખિલાફત જોઈતી ન હતી, આપ માત્ર એટલું જ ઈચ્છતા હતા કે યઝીદના હાથ પર બયઅત ન કરવી પડે. યઝીદની બયઅતથી બચવા માટે આપે મદીના શરીફને અલવિદા કહ્યું અને મક્કા શરીફમાં તશરીફ લાવ્યા. મક્કા શરીફમાં રહી આપે એવી કોઈ પોલિટિકલ ચાલ ન ચાલી જેના થકી આપ લોકોને પોતાના તરફ આકર્ષિત કરી પોતાને ખલીફા બનાવી શકતા, ન આપે લોકોનું ધ્યાન ખેંચવાના પ્રયત્નો કર્યા, ન આપે કોઈ એવો વિચાર વહેતો કર્યો કે આપ ખિલાફતના ઈચ્છુક છે. જેવું કે અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہએ આપની બારગાહમાં અરજ કરી હતી કે આપ ખલીફા બની જાવ, આપે તેમની વાત નકારી કાઢી હતી.

જો આપે ખિલાફત મેળવવાના પ્રયત્નો કર્યા હોત, રાજકારણ રમ્યું હોત તો ક્યારેય યઝીદીઓ આપના ખિલાફતના સ્થાનને રોકી ન શકત. પરંતુ આવુ રાજકારણ રમવું આપના લોહીમાં જ ન હતુ. આપના પિતા હઝરત અલી رضی اللہ عنہએ પણ ક્યારેય તેવી રમત રમવા અને ચાલાકી કરવાના પ્રયત્નો ન કર્યા. જે કહેવાનું થતું તે બધા સામે કહેતા, જે કરવાનું થતું તે બધાના સામે કહેતા, બંધ બારણે ગુપ્ત મીટિંગો કરવી આપની ટેવ ન હતી.

*આઈને જવાં મર્દાં હક્ ગોઈ વ બે બાકી*
*અલ્લાહકે શેરોં કો આતી નહીં રુબાહી*

આપને ન ખિલાફત પસંદ હતી ન આપ તેની ઈચ્છા રાખતા હતા. અલ્બત્ત તે સમયે ઈસ્લામી જગતમાં સૌથી મોટા ખિલાફતના હક્દાર આપ જ હતા. ખિલાફત માટે આપનો કોઈ વિકલ્પ જ ન હતો. તેમ છતાં જ્યારે કૂફાવાળાઓ આપને કોથળા ભરાઈ તેટલી ટપાલો લખી, ટોળકીઓ ટોળકીઓ આપની બારગાહમાં આવી આપને કૂફા પધારવા વિનંતી કરવા લાગ્યા. આપ તેમને મના કરતા રહ્યા. તેઓ સતત પ્યાલો લખતા રહ્યા, ટોળકીઓ મોકલી વિનંતી કરતા રહ્યા. કેટલાએ તો આવી વાત પણ કરી નાખી કે કયામતના દિવસે જો અમને પૂછવામાં આવશે કે તમે યઝીદના હાથ પર બયઅત કેમ કરી તો અમે જવાબ આપીશું કે અમે તો તૈયાર હતા ઈમામ હુસૈનના હાથ પર બયઅત કરવા, પરંતુ તે આગળ ન આવ્યા એટલે પરાણે યઝીદના હાથ પર બયઅત કરવી પડી. તેઓએ કસમો ખાઈને વચનો આપ્યાં કે તમારી રક્ષા માટે અમે અમારા પ્રાણ ત્યજી દઈશું. અમારા યુવાન, બાળકો કુરબાન કરી દઈશું, પણ આપને આંચ નહીં આવવા દઈએ. આવી પરિસ્થિતિમાં એક સાચા

મુસલમાન માટે કૂફીઓની વિનંતી સ્વીકારવા સિવાય છૂટકો ન હતો.

આપણો મુખ્ય મુદ્દો તો હજુ બાકી જ રહ્યો કે શું કારણ હતું કે ઈમામ હુસૈન رضی اللہ عنہ યઝીદના હાથ પર બયઅત કરવા તૈયાર ન થયા. શું મર્તબા અને ફઝીલતની દષ્ટિએ યઝીદ આપથી ઉતરતો હતો એટલે ? કે આપનાથી ઉંમરમાં નાનો હતો એટલે ? અથવા આપની તેના સાથે ખાનદાની અથવા વ્યક્તિગત દુશ્મની હતી એટલે ?.... આમાંથી કોઈ પણ વાતના કારણે આપે યઝીદની બયઅત કરવા ન રોકાયા હતા. આવી બાબતો આપને બયઅત કરવાથી રોકી ન શકે. પણ કારણ એ હતું કે આપનો મત એવો હતો કે મુસલમાનોની આગેવાની, વડપણુ, લીડરશીપ એવા માણસના હાથમાં આપવામાં આવે જે તે પદની જવાબદારીઓ નિભાવી શકે, જે મુસલમાનોની જાન, માલ, ઈજ્જત, આબરૂ અને દેશની રક્ષા કરી શકે, જે ઈસ્લામી નિયમોનું પાલન કરે અને કરાવી શકે. ઈતિહાસ સાક્ષી છે કે ઉપરોક્ત દર્શાવેલ બાબતોમાંથી એક પણ ગુણ યઝીદમાં ન હતો. જો યઝીદમાં આવી ખૂબીઓ હોત તો ઈમામ હુસૈન رضی اللہ عنہ તેના સામે કોઈ વિરોધ ન કરત. યઝીદ પોતે ઈસ્લામના નિયમોનું પાલન કરતો ન હતો તો તે બીજાને કેવી રીતે પાલન કરાવી શકે. ખુદ યઝીદના હાથે મુસલમાનોની જાન, ઈજ્જત તથા દેશ સલામત ન હતાં, તો તે દુશ્મનોથી કેવી રીતે રક્ષા કરી શકત. યઝીદ નમાઝ પઢતો ન હતો, તે દારૂ પીતો હતો, તે ઝિના કરતો હતો, બીજાં પણ ઘણા પાપો તે કરતો હતો. તો આવા અપવિત્ર હાથોમાં ઈમામ હુસૈન પોતાનો પવિત્ર હાથ કેમ આપે ? આવા પાપી, અધર્મી અને નાપાક માણસના હાથમાં ઈમામ પોતાનો નૂરાની તથા રક્ષક હાથ કઈ રીતે સોંપે ? યઝીદનું ફાસિક઼ અને ફાજિર હોવું જ ઈમામ હુસૈન رضی اللہ عنہની બયઅત ન કરવાનું સૌથી મોટુ કારણ હતુ.

## ★ જંગે કરબલાથી આપણે શું ગ્રહણ કરવું જોઈએ ? ★

આપણે જોયું કે ઈમામ હુસૈન رضی اللہ عنہએ યઝીદનાં ગુનાહિત કાર્યોના કારણે બયઅત કરવાથી ઈન્કાર કરી દીધો હતો. જો આપણે ખુદને હુસૈની ગણતા હોય તો આપણે ઈમામ હુસૈને પોતાના પ્રાણ ત્યજીને આપેલા સબક઼ને પોતાના જીવનમાં ઉતરવો જોઈએ. આપણે પણ જયારે કોઈને ધાર્મિક, સામાજિક આગેવાન નિમવાનો થાય અથવા તેના હાથ પર બયઅત કરવાની થાય તો પ્રથમ જોઈ લેવું કે તેની ક્ષમતા કેવી અને કેટલી છે ? ઈસ્લામના નિયમોનું પાલન કરે છે કે નહીં ? જો તે વ્યક્તિ હુસૈની માપદંડ પર ખરી ઉતરી આવે તો પછી તેના હાથમાં હાથ આપી દો, તેને પોતાનો માર્ગદર્શક બનાવી લો, તેનું કૂળ કે તેની ખાનદાની તપાસવા ન બેસો. અને જો તે હુસૈની માપદંડ પર પૂરો ઉતરતો ન હોય તો તેને હટાવી દો, તેના હાથમાં હાથ ન આપો, રહમાનને રાજી કરનારાં કાર્યોની આડમાં થતાં તેમનાં શૈતાની કાર્યોની ઓળખ લોકોને કરાવો. આ જ યાદે હુસૈનીની સાર્થકતા છે અને આને જ સાચા અર્થમાં હુસૈની કિરદાર કહેવાય, નહીંતર નરી જહાલત અને શુદ્ધ યઝીદિયત છે.

જો તમારામાં સત્ય સ્થાપવાની કે કહેવાની ત્રેવડ ન હોય, તમે કોઈ કારણસર હુસૈની જઝબો દેખાડવા અસમર્થ હોવ તો ઓછામાં ઓછું પોતાના અંદર ઈમાનનો સૌથી નીચલો દરજો જગાડો. ઈમાનનો સૌથી ઊંચો દરજો બુરાઈને હાથથી રોકી દેવી. વચલો દરજો બુરાઈને જીભ વડે રોકવાના પ્રયત્નો કરવા, અને નીચલો અને છેલ્લો દરજો બુરાઈને દિલથી નાપસંદ કરો, તેના પ્રત્યે હૃદયમાં ધિક્કાર ઉત્પન્ન કરો. જો તમે યઝીદી કાર્યો અને કિરદારોને હાથ વડે કે ઝબાન વડે રોકી ન શકતા હોવ તો ઓછામાં ઓછુ

તે કાર્યોને દિલથી નાપસંદ કરો, તેના પ્રત્યે દિલમાં ધિક્કાર જન્માવો.

**★ મુહર્રમને શા માટે મનાવવી જોઇએ ? ★**

મુહર્રમ એક પવિત્ર અને બાબરકત મહીનો છે અને તેની દસ તારીખ ઘણી જ રહમત બરકત અને ફઝીલતવાળી છે. પરંતુ આપણે પોતાનાં કાર્યોથી તેને પોતાના માટે અપવિત્ર અને બેબરકત બનાવી લઈએ છીએ. કહેવાય છે કે અમુક ડોકટરોના માઢેથી સાંભળ વા મળ્યું છે કે હિન્દુઓના તહેવાર નવરાત્રી અને મુસ્લિમોના તહેવાર મુહર્રમ પછી વિવાહિત અવિવાહિત ગર્ભપાત કરાવનારી મહિલાઓની સંખ્યામાં ખૂબ જ વધારો થઈ જાય છે ! નવરાત્રી તો આપણા વિષયમાં નથી પરંતુ મુહર્રમમાં પણ જો આવું સાચે જ થતુ હોય તો તે ચોંકાવનારી અને શરમની બાબત ગણાય. અરે ! જે રાતો ઈમામ હુસૈન અને તેમના પરિવારે દુઆઓ અને ઈબાદતમાં પસાર કરી, જે સમયમાં ઈમામ હુસૈન અને તેમના સાથીઓએ તકલીફ તથા મુસીબતના પહાડોનો સામનો કર્યો, ઈસ્લામ ખાતર પોતાના લોહીથી કરબલાની જમીન લાલ કરી નાખી, તે જ રાતોનો ઉપયોગ યાદે હુસૈનના લેબલ નીચે આવાં નીચ કામોમાં થાય ! મોજ મસ્તી કરવામાં ઉપયોગ થાય, તો તેનાથી મોટુ અપમાન કરબલાના શહીદોનું બીજું શું હોય શકે ?! મોહર્રમમાં શરબત પીવડાવવું ખીચડો ખવડાવવો, પાણીની સબીલો લગાડવી, નિયાઝ ખવડાવવી, નઅત શરીફનો, તક્રીરનો પ્રોગ્રામ કરવો... એ બધુ જાઈઝ છે, સવાબનું કામ છે. પરંતુ હજારો, લાખો રૂપિયાનાં તાઝિયાં બનાવી ગલીઓમાં ફેરવી ઢોલ શરણાઈ વગાડવી, ડી.જે. પર ડાન્સ કરાવીને કૂવામાં ખાડા કે નદીમાં તેમને પધરાવીને તેને યાદે હુસૈનનું નામ આપવું તે ક્યાંનો ઈન્સાફ છે ! અરે ! એ તો યઝીદી કાર્યો છે !

અરે ભાઈઓ ! તમારા ઘરમાંથી કોઈને અચાનક અકસ્માત થયો હોય, કોઈની હત્યા થઈ હોય, ઘરમાંથી કોઈ ખતરનાક બીમારીમાં સપડાયુ હોય અથવા ઘરમાંથી કોઈનુ મૃત્યુ થયું હોય ત્યારે બેન્ડ બાજા બોલાવી ડિસ્કો ડાન્સની મહેફિલ સજાવો, ત્યારે ખબર પડશે કે ભયાનક દુઃખના સમયે આવાં કરતૂતો હૃદયને કેવાં દુભાવે છે !

આ રાતે ઈમામ હુસૈન પર મુસીબતોના પહાડ પડયા હતા. હુસૈની તંબુઓમાં દુઃખ અને ગમનું વાતાવરણ હતું, હુસૈની કાફલાની સ્ત્રીઓ અને બાળકો રડી રહ્યાં હતાં. ભૂખ્યા હતાં, પ્યાસા હતાં... આવાં દશ્યો યાદ આવતાં કોને ઢોલ વગાડવા અને ડાન્સ કરવાનુ મન થાય ?! યઝીદીઓ સિવાય આવાં કાર્યો બીજુ કોઈ ન કરી શકે, અને ઈતિહાસ પણ એ જ વાતની સાક્ષી આપે છે કે યઝીદની રાજધાનીમાં જે દિવસે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને શહીદ કરવાના સમાચાર તથા તેમના પવિત્ર માથાંને લવાઈ રહ્યાં હતાં, ત્યારે યઝીદના હુકમ અનુસાર આખા નગરને સજાવવામાં આવ્યું હતુ, ઢોલ વગાડી ખુશીઓ જાહેર કરવામાં આવી અને એ રીતે વિજય ઉજવાયો હતો. કેમ કે તેમના માટે આ ખુશીના સમાચાર હતા. હુસૈનીઓ માટે તો કાળો દિવસ હતો, તેઓ તો આંસૂ સારતા હતા.

કરબલાનો વાક્યો માત્ર સમય પસાર કરવા માટે સાંભળવા કે સંભળાવવામાં ન આવે પરંતુ તેનાથી બોધપાઠ મેળવવા અને નવી પેઢીમાં હુસૈની જઝબાનું સિંચન કરવા અર્થે બયાન કરવામાં આવે અને હુસૈની વાક્યા બયાન કરવા અથવા સાંભળવામાં ઈસ્માઈલી રિવાયતોથી બચવું જોઈએ. સહી રિવાયતો દ્વારા સુન્ની ઓલમાના પુસ્તકો અને બયાનો દ્વારા માહિતી મેળવવી જોઈએ.

# હુઝૂર તાજુશ્શરીઅહ

## યાદોના ઝરૂખેથી.....

અઝ : મૌલાના અખ્તરુલ ઈસ્લામ
અલીમી-ચિરૈયાકોટ

અનુવાદક : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

અમને ગર્વ છે કે અમે એવા યુગમાં જીવન વિતાવ્યું કે જેમાં તાજુશ્શરીઅહ જેવી સમયની અજોડ હસ્તી મૌજૂદ રહી. આપણી નસ્લો ગર્વ કરશે અને આપણી આંખોને ચુમશે કે આપણે તાજુશ્શરીઅહ જેવી પાકીઝા શખ્સિયતની ઝિયારત કરી છે. આમ તો મને ઘણીવાર સૈયદી સરકાર તાજુશ્શરીઅહની ઝિયારતે બાકરામતનો સુઅવસર મળ્યો, પરંતુ જીવનમાં એકવાર એવો પણ મોકો આવ્યો જ્યારે મેં રૂબરૂ હઝરતથી મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. આપની મુબારક બારગાહમાં બેસવાનો મોકો નસીબ થયો અને નજીકથી આપની ઝિયારતથી દિલ અને નિગાહને ઠંડક પહોંચાડવાનો સોનેરી અવસર હાથ લાગ્યો. આપના હિકમતથી ભરપૂર અવાજ થકી પોતાના કાનોમાં રસ ઘોળ્યો. આ કોઈ ઈ.સ. ૨૦૦૦ના પ્રારંભિક વરસોની વાત છે જ્યારે હઝરત નોઅમાની સાહબ કિબ્લાની સાથે માલેગાંવમાં કન્ઝુલ ઈમાનની તસ્હીહના સંબંધે રહેવાનું થયું, જે કામ રઝા એકેડમી માલેગાંવ હેઠળ થઈ રહ્યું હતું. તે દરમિયાન હુઝૂર તાજુશ્શરીઅહ મુંબઈમાં આવેલા હતા. મારે એક સંબંધીને મળવા મુંબઈ પણ જવાનુ હતું જેના માટે હું મુંબઈ જવા માટે તૈયાર થઈ ગયો. રઝા એકેડમીના સાથીઓએ જ્યારે સાંભળ્યું તો કહ્યું કે હુઝૂર તાજુશ્શરીઅહ મુંબઈમાં છે, આપ હઝરતની બારગાહમાં પણ જઈ આવશો અને સાથે જ કિબ્લા હુઝૂર નોઅમાની સાહબે અમુક પેજ તસ્હીહ થયેલા કન્ઝુલ ઈમાનના અથવા અન્ય કાંઈ મેટરના હતા હમણા યાદ નથી, હુઝૂર તાજુશ્શરીઅહની બારગાહમાં રજૂ કરવા માટે અતા ફર્માવ્યાં. અલ્લાહ ! અલ્લાહ ! હું તે ક્ષણને કઈ રીતે ભૂલી શકું જ્યારે પહેલીવાર સાંતાક્રુઝમાં કોઈ અકીદતમંદને ત્યાં હઝરત રોકાયા હતા અને હું પોતાના દોસ્ત બદરે આલમ ચિરૈયાકોટી સાથે બારગાહે તાજુશ્શરીઅહમાં હાજર થયો.

સાંજનો સમય હતો. હઝરત એક રૂમમાં આરામ ફર્માવી રહ્યા હતા. અમુક લોકો બહાર મુલકાતની તમન્ના સાથે ઈન્તેઝારમાં બેઠા હતા, પરંતુ અમુક હવાલાઓથી મને જલ્દી જ હાજરીની ઈજાઝત મળી ગઈ. ડરતાં ડરતાં અંદર દાખલ થયો. હઝરત એક તખ્ત પર બેઠેલા હતા. સલામ અને દસ્તબોસી બાદ મેં આવવાનું કારણ બતાવ્યું અને સાથે લાવેલ મેટરને રજૂ કરી. હઝરતે દુઆઓથી નવાઝયો. પછી મેં પોતાના સાથી બદરે આલમને હુઝૂરથી બયઅત કરવાની દરખાસ્ત કરી જે હુઝૂર તાજુશ્શરીઅહએ કબૂલ ફર્માવી અને હાથમાં લઈ મુરીદ કર્યો જેના પર મારો દોસ્ત આજે પણ ગર્વ કરે છે. પછી હઝરતની બારગાહથી રૂખ્સત થઈ અમો નીકળી આવ્યા.

આ હતી તે મુલાકાત જે કદાચ મને જીવનભર યાદ રહેશે અને પોતાની લિજ્જતોથી ખુશ કરતી રહેશે. તે મેહફિલ શું હતી બસ એમ લાગ્યું કે કોઈ અલ્લાહવાળાની બારગાહમાં બેઠા છીએ ! ન કોઈ લપ્પન છપ્પન, ન જરૂરત વિનાની લાંબી લાંબી તકરીરી મેહફિલ, બસ જરૂર જણાઈ તો શબ્દોના ફૂલ

ઝર્યા, નહીં તો ખામોશી અને ઊંડુ ચિંતન ! હુઝૂર તાજુશ્શરીઅહ બહુ ઓછુ બોલનાર પરંતુ હક્ક બોલનાર અને શરીઅતને અનુરૂપ વાત કરનારા હતા. આપની જાત પોતાનામાં એક અંજુમન હતી. આપ ઈલ્મો અમલની કહકશાં (આકાશગંગા) હતા જેનાથી દુનિયા પ્રકાશ મેળવતી રહી. આપને જોઈને પૂર્વજ બુઝુર્ગોની દુનિયાથી દૂરી અને શાને બેનિયાઝી યાદ આવી જતી હતી. તાજુશ્શરીઅહ ચાહતા તો દુનિયા આપના કદમોની દાસી બની જાત, પરંતુ આપે તો અલ્લાહવાળાઓની જિંદગીઓને પોતાના જીવનનું કેન્દ્ર બનાવ્યું હતું એટલા માટે દુનિયાદાર ચાહવા છતાં આપનાથી નજીક ન થઈ શક્યા. આજે જ્યારે તાજુશ્શરીઅહ આપણી નિગાહોથી પર્દો ફર્માવી ગયા તો આ કઠિન ક્ષણોમાં તે જ અકસીર ઘડીઓ દર્દનો ઈલાજ બની રહી છે. હુઝૂર તાજુશ્શરીઅહને અલ્લાહ કરીમે અનહદ બુલંદીઓથી નવાઝયા જેનું દૃષ્ટાંત નજીકના જમાનામાં નથી મળતું, બલ્કે સૈયદી મુફતીએ આ'ઝમે હિંદ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز પછી આવું કોઈ દેખાતું નથી.

આપણે જોઈએ છીએ કે જમાનામાં મકબૂલિયત મેળવવા બે વાતો અગત્યની છે, ક્યાં તો માણસ ફસીહો બલીગ (ઉમદા સ્પીચવાળો) મુકર્રિર હોય અથવા અનોખા અંદાઝમાં લખનારો સાહિત્યકાર હોય. જો આ દષ્ટિકોણથી જોવામાં આવે તો હુઝૂર તાજુશ્શરીઅહ ન તો મોટા મુકર્રિર હતા ન તો મોટા સાહિત્યકાર, છતાં પણ અલ્લાહ તઆલાએ આપને જે મકબૂલિયત અતા ફર્માવી, જે મોટા મોટાઓની ટોપીઓ સીધી કરવા માટે પૂરતી છે. આપની તો એ શાન જોઈ જે કોઈની ન જોઈ ! જેમનાથી આપનો જીવનભર મતભેદ રહ્યો, જેમના વિરુદ્ધ આપે ફત્વા આપ્યા અથવા તેમના પર કોઈ હુકમ લગાવ્યો તેઓ પણ આપની શાનમાં ગીતો ગાય રહ્યા છે અને આપની શાનમાં કાંઈક લખવાનો પોતાની સઆદત (સદ્નસીબી) સમજી રહ્યા છે ! આ વિના શંકાએ આપના પર રબ્બુલ આલમીનની ખાસ નવાઝિશ છે અને અલ્લાહની બારગાહમાં આપની નિકટતાનું સબૂત છે.

હુઝૂર તાજુશ્શરીઅહના જીવનનું સૌથી ઉજજવળ પાસુ એ છે કે આપે હમેશાં એ જ કહ્યું જેને આપે હક સમજ્યું, જેના કારણે આપ એક વર્ગના તરફથી મહેણા ટોણાનો શિકાર રહ્યા, જેમણે આપની જાત પર જાત જાતના આક્ષેપ લગાડયા, આપની ઈજ્જત અને આબરૂ પાછળ પડયા. પરંતુ આ તે બદરે કમાલ હતું જેના આસપાસ જેટલાં પણ વાદળો આવતાં રહ્યાં, તેની રોશની એટલી જ નિખરતી રહી અને ગુમરાહીઓની અંધકારમય રાતમાં પ્રકાશ વેરતી રહી. લોકોએ વિચાર્યું કે તાજુશ્શરીઅહને હક બોલવાથી રોકી દેવામાં આવશે, પરંતુ બુરૂ બોલનારાઓના ડર વિના આપે શરીઅતની પાબંદીનો હક અદા કર્યો. અને જ્યારે જ્યારે આપની જરૂરત મેહસૂસ થઈ ત્યારે ત્યારે આપે પોતાની જવાબદારીઓને સારી રીતે નિભાવી. આપ નિઃશંક ! મઝહરે મુફતીએ આ'ઝમ અને તેમના સાચા જાનશીન હતા. કદમ કદમ પર સૈયદી મુર્શિદી મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની પૈરવી કરતા રહીને આપની નિયાબતનો હક અદા કરી દીધો. આપે શરીઅત અને શરીઅતના હુકમ બારામાં પોતાની તબીઅતને કદી ગવારા ન કરી, ભલે પોતાનાં નારાઝ થાય કે પરાયાં, આપની જાત આ શેઅરને પાત્ર હતી :

*અપને ભી ખફા મુઝ સે હૈં બેગાને ભી નાખુશ*
*મૈં ઝહરે હલાહલકો કભી કેહ ન સકા કંદ*

આપની આ જ ખૂબી હતી જેણે આપને દરેકથી વિશિષ્ટ કરી દીધા અને પોતાનાં તો પોતાનાં પારકા પણ આપની એ જ ખૂબીના પ્રશંસક બન્યા અને આપના વિસાલ બાદ આપની તા'ઝિયતના શબ્દો કહ્યા. આ આપની આસપાસ રહેનારા અને આપની બારગાહમાં હાજર રહેનારાઓનો સંયુક્ત અભિપ્રાય છે જે પોતાનામાં હક અને સત્યતાનું પ્રતિબિંબ દર્શાવે છે.

એક આધારે આપની શખ્સિયત અધિક વિશિષ્ટ

નજર આવે છે કે જેવી રીતે આમ પબ્લિક આપની દીવાની તથા શયદા નજર આવે છે તેવી જ રીતે પોતાના સમયના મહાન ઉલમા તથા મશાઈખ પણ આપની બારગાહમાં અદબનું નઝરાણુ, પેશ કરવાને પોતાની સઆદત (સદનસીબી) સમજતા રહ્યા. મેં જોયું કે આપની બારગાહમાં ઉલમા અને અવામની મોટી ભીડ લાગેલી છે પરંતુ શું મજાલ કે કોઈ અવાજ ઊંચી થતી જણાય અથવા કોઈના કોઈ અમલથી કોઈ પ્રકારની બેઅદબી થતી દેખાય ! લોકો આપની બારગાહમાં અત્યંત ખામોશી સાથે બેસીને બસ આપની ઝિયારતથી જ પોતાની નિગાહોને રોશની પ્રદાન કરતા રહેતા. આપનું હુસ્ન અને સુંદરતા દરેકને આશ્ચર્યમાં પાડી દેતી હતી. આપની બારગાહમાં બોલવાની હિંમત કોને થાય, નજરોથી જ આપ અક઼ીદતમંદોની પ્યાસ બુજાવી દેતા હતા.

ઘણા પીરોને જોવામાં આવે છે કે તેઓ પોતાના મુરીદો સાથે બિલ્કુલ દોસ્તાના અંદાઝમાં વાતો કરે છે અને એ બેતકલ્લુફીનો માહોલ બનાવેલ રાખે છે જાણે એમના વચ્ચે દોસ્તી હોય, કે જેથી મુરીદ એમનાથી રિસાયને અન્ય કોઈની જોલીમાં ન જઈ પડે ! પરંતુ હુઝૂર તાજુશ્શરીઅહ આ બાબતે પણ વિશિષ્ટ જણાય છે કે આપના મુરીદો અને અક઼ીદતમંદો આપના એક ઈશારા પર જાન દેવાથી પણ પાછા ન હટે, અને આપની બારગાહમાં હાજર થવાનો અંદાઝ એવો કે જાણે શરીરમાંથી કોઈએ પ્રાણ કાઢી લીધા હોય.

બુખારી શરીફમાં છે : કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાને મહેબૂબ બનાવી લે છે તો જિબ્રઈલ عليه السلامથી ફર્માવે છે કે હું ફલાણા બંદાથી મહોબ્બત કરું છું તમે પણ તેનાથી મહોબ્બત કરો ! તો જિબ્રઈલ عليه السلام પણ તેનાથી મહોબ્બત કરવા લાગે છે અને આસ્માનવાળાઓમાં એલાન કરે છે કે ફલાણા વ્યક્તિ સાથે અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે તમે સૌ પણ તેની સાથે મહોબ્બત કરો ! તો આસ્માનવાળાઓ પણ તેનાથી મહોબ્બત કરવા લાગે છે, પછી જમીન ઉપર પણ તેની મક઼બૂલિયત થઈ જાય છે.

જોવામાં આવે તો હુઝૂર તાજુશ્શરીઅહ આ હદીષે પાકના પાત્ર સંપૂર્ણપણે હતા. કારણ કે આપના જેવી મક઼બૂલિયત મારી આંખોએ કોઈની ન જોઈ, ન આપની જિંદગીમાં ન આપના વિસાલ બાદ, બલ્કે વિસાલ બાદ તો સમસ્ત દુનિયામાં એવું દશ્ય દેખાયું કે કદાચ જ કોઈની આંખો આવુ દશ્ય જોઈ શકે. આપે વફ઼ાતથી વરસ પહેલાં જ પોતાના આખરી સફર પર રવાના થવાનો ઈશારો આપી દીધો હતો જેને સમજવાવાળાઓ સમજ્યા અને ન સમજવાવાળાઓ ન સમજ્યા :

*દેખને વાલો જી ભર કે દેખો હમેં*
*ફિર ન કહના કે અખ્તર મિયાં ચલ દીએ*

આપણે તો બસ દુઆ જ કરી શકીએ છીએ કે મૌલા ! ગૈબથી આપણને કોઈ નેઅમલ બદલ અતા ફર્માવ જે અમારી રહબરીનો ફર્ઝ અદા કરી શકે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*

**તાજે શરીઅત ચલ દીએ**

*રઝા : રાણા હિદાયતહુસૈન ક઼ાદરી, રિઝવી (નાપાવાળા)*

શરીઅતો સુન્નત કા સૂરજ છોળ હમકો ચલ દિયા
અહલે સુન્નત કા મુહાફિઝ, તાજે શરીઅત ચલ દિયા

ગુલશને ઈલ્મે રઝા કા બાગબાં જાતા રહા
ક઼ાઝિયુલ કુઝાત હિંદુસ્તાનકા વો ચલ દિયા

જાનશીનીકા અદા હક્ક઼ નાના દાદા કા કિયા
આ'લા હઝરત કે મિશન કો લહ લહકાર ચલ દિયા

જિસ્કે ફત્વે ઔર તક઼્વે કા રહા શૈદા જહાં
પૈકરે રૂશ્દો હિદાયત રબસે મિલને ચલ દિયા

ચેહરે પર આરાસ્તા થીં નૂર કી રૌશન કિરન
(અબ) તિશ્નએ દીદાર હમ કો છોળકર વો ચલ દિયા

ગ઼ૌષો ખ્વાજા ઔર રઝા કા આઈના અખ્તર રઝા
ઈલ્મે ફિક઼્હ કા સમંદર સાથ લેકર ચલ દિયા

યા ઈલાહી ઝૂમકર બરસે તેરા અબ્રે કરમ
તુર્બતે મુર્શિદ પે હરદમ, અબ વો હમસે ચલ દિયા

નાઝ કર લે અય 'હિદાયત' નિસ્બતે મુર્શિદ પે તૂ
ક઼ાદરી, બરકાતી, રિઝવી ફૈઝ દેકર ચલ દિયા

# રહમતુલ્લાહ અલૈહ તાજુશ્શરીઅહના



## જીવનચરિત્રની ઝલકો

હપ્તો ૦૧

હુઝૂર તાજુશ્શરીઅહ, વારિષે ઉલૂમે આ'લા હઝરત, મઝહરે હુજ્જતુલ ઈસ્લામ, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ફખ્રુલ મુહદ્દિષીન, જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી શાહ મુહમ્મદ અખ્તર રઝા ક઼ાદરી અઝહરી رحمۃ اللہ علیہ અહલે સુન્નત વ જમાઅતની એક અજોડ ઈલ્મી રૂહાની શખ્શિયત હતા. આપ અનેક ખૂબીઓના માલિક હતા. પ્રસ્તૂત લખાણમાં આપના જીવનચરિત્રનું સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવે છે.

**જન્મ મુબારક** : આપની વિલાદત કાશાનાએ રઝા, મહોલ્લા સોદા ગ્રાન બરેલીમાં ૧૪ ઝી ક઼અદા હિ.સ ૧૩૬૧, અં.તા. ૨૩–૧૧–૧૯૪૨ મંગળવારે થઈ. અન્ય રિવાયતો છે પણ સહીહ તારીખ આ જ છે. *(માહનામા સુન્ની દુન્યા, જાન્યુ. ૨૦૧૨)*

**નામ તથા વંશાવલિ** : આપ હઝરત મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુહમ્મદ ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં رحمۃ اللہ علیہના શાનવાળા ફરઝંદ છે. ખાનદાનના દસ્તૂર પ્રમાણે આપનુ પેદાઈશી નામ ''મુહમ્મદ'' રાખવામાં આવ્યું. વાલિદે માજિદનું નામ ઈબ્રાહીમ રઝા છે એ નિસ્બતથી આપનું નામ ''ઈસ્માઈલ રઝા'' તજવીઝ થયું. ઉર્ફી નામ ''અખ્તર રઝા'' છે અને એ જ નામથી મશહૂર છે. ''અખ્તર'' તખલ્લુસ (ઉપનામ) છે, ''ક઼ાદરી'' મશરબન (સિલસિલાની રૂએ) અને ''અઝહરી'' ઈલ્મન (ઈલ્મના સંબંધી) નામની આખર લખવામાં આવે છે. પિતા તથા માતા બંનેના વંશવેલા તરફથી બળ્હેચી અફઘાની પઠાણ છે. પિતા તરફથી વંશવેલો આ પ્રમાણે છે : તાજુશ્શરીઅહ મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં બિન મુફસ્સિરે આ'ઝમે હિંદ મુહમ્મદ ઈબ્રાહીમ રઝા બિન હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ હામિદ રઝા બિન ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બિન ખાતિમુલ મુતકલ્લિમીન મુફતી મુહમ્મદ નક઼ી અલીખાં..... છેવટ સુધી. માતા તરફથી વંશવેલો : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા બિન નિગાર ફાતિમા ઉર્ફ સરકાર બેગમ બિન્તે મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુહમ્મદ મુસ્તફા રઝાખાં બિન આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ..... છેવટ સુધી. (رحمۃ اللہ علیہم اجمعین)

–*(હયાતે આ'લા હઝરત, ૧/૧૦૩)*

''મુહમ્મદ'' નામ પર આપનો અક઼ીક઼ો થયો. મા બાપ તથા નાના નાનીના પ્રેમાળ સાયામાં આપનો ઉછેર થયો. હુઝૂર તાજુશ્શરીઅહની જિંદગીની કિતાબ એવા માહોલમાં તથા એવા સંસ્કાર તથા સંસ્કૃતિમાં ખુલી જે ચોતરફથી તદ્દન એકદમ ઈસ્લામી શરીઅત મુજબનો હતો. દાદાનું ઘર તથા મોસાળ બંનેવ ખાનવાદામાં જ હતાં અને સંજોગોવસાત સાસરી પણ ખાનદાનમાં જ રહી. એટલા માટે હઝરતની નિગાહે દરેક સમયે એ માહોલ જોયો કે જે શરીઅતના વર્તુળ માં ઉછરે છે, એની અસર હઝરતની જાત તથા શખ્સિયતે ખૂબ જ ક઼બૂલ કરી અને પોતાને ઈસ્લામી શરીઅતમાં ઢાળી લીધા. અને જબરદસ્ત મુબલ્લિગે ઈસ્લામ બનીને ઉભર્યા.

**તઅલીમો તર્બિયત** : વાલિદે માજિદ (પિતા)એ રૂહાની તથા શારીરિક, જાહેરી તથા આંત્રિક (બાતિની) દરેક રીતની તર્બિયત કરી અને

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

શાનદાર તર્બિયતનું આયોજન કર્યું. ખૂબ જ લાલન પાલનથી પાળ્યા અને સર્વ જરૂરતોને પૂરી પાડી. જ્યારે આપ ચાર વરસ ચાર મહિના ચાર દિવસના થયા તો વાલિદે માજિદે બિસ્મિલ્લાહખ્વાનીની વ્યવસ્થા કરી. દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામના તલબા તથા મુદર્રિસોની દાવત કરી, સગાં સ્નેહીઓ, શહેરના માનપાત્ર લોકોને પણ આમંત્રિત કર્યા. મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત અલ્લામા ઈબ્રાહીમ રઝા رحمۃ اللہ علیہ એ પોતાના મોહતરમ સસરા તથા કાકા જાનશીને આ'લા હઝરત હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ની બારગાહમાં અરજ કરી કે "અખ્તર મિયાં"ની બિસ્મિલ્લાહ ખ્વાનીનો પ્રોગ્રામ છે એમાં હુઝૂર શિર્કત ફર્માવે અને તસ્મિયહ (બિસ્લ્લિાહ)ખ્વાની પણ કરાવે. જેથી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ એ બિસ્મિલ્લાહખ્વાની કરાવી.

આપે વાલિદ માજિદથી નાઝરા ખત્મ કર્યું અને પ્રારંભિક કિતાબો ખુદ વાલિદ સાહબે પઢાવી ત્યારબાદ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં દાખલો કરાવી દીધો. મહેનત તથા લગનની સાથે રિવાજ મુજબના દર્સે નિઝામીની પૂર્ણતા અહીં જ કરી. આપને શરૂઆતથી જ અભ્યાસનો બેહદ શોખ રહ્યો. આ બારામાં ત્રણ કદાવર શખ્શિયતોના પ્રતિભાવો મારેહરા શરીફથી બરેલી સુધી નક્લ કરીએ છીએ. ઈમામે ઈલ્મો ફન હઝરત ખ્વાજા મુઝફ્ફર હુસૈન عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْ માજી શૈખુલ હદીષ દારુલ ઉલૂમ ચિરા મુહમ્મદપુર-ફૈઝાબાદ જણાવે છે : "હુઝૂર અઝહરી મિયાંને મેં તાલિબે ઇલ્મીના જમાનામાં જોયા કે અભ્યાસના બેહદ શોખિન હતા, ત્યાં સુધી કે કેટલીકવાર મસ્જિદમાં આવતા તો જોતો કે રસ્તે ચાલતાં જેવો મોક્રો મળ્યો કે કિતાબ વાંચવા લાગતા."

એ જ પ્રમાણે મુફતી ગુલામ મુજતબા અશરફી قدس سرہ શૈખુલ હદીષ મન્ઝરે ઈસ્લામ-બરેલી જણાવે છે કે : "હઝરત તાજુશ્શરીઅહને કિતાબો સાથે ખૂબ જ લગાવ છે. તાલિબે ઈલ્મીના સમયથી જ નવી નવી કિતાબો જોવાનો, વાંચવાનો ઘણો જ અધિક શોખ હતો, ત્યાં સુધી કે રસ્તે ચાલતાં પણ કિતાબ પઢતા અને હવે હું જોઈ રહ્યો છું કે હવે એ શોખ દિન દૂના રાત ચોગુના છે."

ઉમ્મદતુલ મુહક્કિક઼ીન હઝરત અલ્લામા ક઼ાઝી અબ્દુર્રહમાન બસ્તવી رحمۃ اللہ علیہ તો હમેશાં આપના વાંચનના શોખ તથા યાદ શક્તિનો ઉલ્લેખ કર્યા કરતા હતા. કેટલીકવાર કોઈક કોઈક બનાવ પણ વર્ણન કરતા હતા." *-(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

પ્રારંભિક કિતાબો પહેલી ફારસી, દુસ્રી ફારસી, ગુલઝારે દબિસ્તાં ઔર બોસ્તાં, જનાબ હાફિઝ ઈન્આમુલ્લાહ ખાન તસ્નીમ હામિદીથી પઢી. ઈ.સ. ૧૯૫૨માં ફઝલુર્રહમાન ઈસ્લામિયા ઈન્ટર કોલેજ બરેલીમાં દાખલ કરવામાં આવ્યા જેમાં ગણિત, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી વગેરે તાલીમ હાંસલ કરી. આઠમી કલાસ પાસ કર્યા પછી દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં દાખલ થયા. તા'લીમ દરમ્યાન જ આપની અંદર અંગ્રેજી, અરબી બોલવાની પાત્રતા પેદા થઈ ગઈ. ફઝીલતુશ્શયખ મૌલાના મુહમ્મદ અબ્દુત્તવ્વાબ મિસ્રી જે મન્ઝરે ઈસ્લામના ઉસ્તાદ હતા તેઓ અરબી અદબની તા'લીમ આપ્યા કરતા હતા. હુઝૂર તાજુશ્શરીઅહ તેમને વહેલી સવારે હિંદી, ઉર્દૂ તથા ઈંગ્લિશ દૈનિક વર્તમાનપત્રોનો અરબીમાં તર્જુમો કરીને સંભળાવ્યા કરતા હતા. અને આપ એમની સાથે (અરબીમાં) સહજ રીતે વાતચીત કરી લીધા કરતા હતા. આ જ કાબેલિયતોને જોતાં શયખ મિસ્રીએ કહ્યું કે એમને જામેઅ અઝહર-કાહિરા (મિસ્ર) ઉચ્ચ તા'લીમ અર્થે મોકલી દેવામાં આવે.

*-(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૦, મૌ. શહાબુદ્દીન)*

જેથી આપના દાદા હુજજતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہ ના ખાસ મુરીદ જનાબ નિષાર અહમદ હામિદી સુલ્તાનપૂરીએ પૂરી કોશિશ કરી. વાલિદની

ખ્વાહિશ અને લોકોના આગ્રહ પર આપ હિ.સ. ૧૯૬૩માં મશહૂર યુનિવર્સિટી જામિઆ અઝહર–કાહિરા મિસર (અરબી) ઝબાન તથા અદબ (ભાષા તથા સાહિત્ય) પર નિપૂણતા હાંસલ કરવા માટે તશરીફ લઈ ગયા. કુલ્લિયા ઉસૂલુદ્દીનમાં દાખલો લીધો અને દીનના કુર્આન તથા હદીષના ઉસૂલ પર રીસર્ચ કરી અને અરબી અદબને મજબૂત કર્યો. પણ હઝરતને પૂછતાં માલૂમ પડયું કે આપ મિસ્ર જવા ઈચ્છતા ન હતા બલ્કે મુફતીએ આ'ઝમ قُدِّسَ سِرُّهُ الْعَزِيْز ની બારગાહમાં જ રહેવા ચાહતા હતા. જેમ કે કદી કદી ફર્માવતા : "જે ઈલ્મી તથા અદબી (સાહિત્યિક) ફાયદા હઝરત (મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ)ની પાસે રહીને થયા તે મિસ્રમાં નથી થયા. એ ત્રણ વરસો પણ કાશ ! હઝરતની ખિદમતમાં જ ગુજર્યા હોત." પછી ફર્માવતા : "મુફતીએ આ'ઝમે હિંદનો ઈલ્મ ઘણો જ મજબૂત હતો." મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની ઈલ્મી વિશાળતાનો ઉલ્લેખ હઝરત કાઝીએ મિલ્લત મુફતી અબ્દુર્રહમાન બસ્તવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પણ મોટાભાગે કર્યા કરતા હતા.

*–(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

હિ.સ. ૧૩૮૬, ઈ.સ. ૧૯૬૬માં કુલ્લિયતુલ ઉસૂલિદીન કિસ્મુત્તફસીર વલ હદીષની પૂર્ણતા કરી. આ વિભાગમાં આપે પ્રથમ પોઝિશન હાંસલ કરી. વાર્ષિક પરીક્ષામાં જનરલ નોલજની પરીક્ષા તકરીરી થઈ હતી જેમાં પરીક્ષકે ઈલ્મે કલામથી સંબંધિત સવાલો કર્યા એમાં આપના સહાધ્યાયી જવાબ ન આપી શક્યા. પરીક્ષકે સવાલ દોહરાવીને આપની તરફ જોયું અને જવાબ તલબ કર્યો, તો આપે એનો શાનદાર જવાબ આપ્યો. પરીક્ષકે પૂછયું, આપ તફસીર તથા હદીષના વિભાગના વિદ્યાર્થી છો છતાં પણ ઈલ્મે કલામમાં આ ગહરાઈ છે ?! ત્યારે હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہએ જવાબ આપ્યો મેં, "દારુલ ઉલૂમ મંઝરે ઈસ્લામ"માં ઈલ્મે કલામ પઢયું છે. આપના ઈલ્મી જવાબથી તે ખૂબ જ પ્રભાવિત થયા અને આપને સહાધ્યાયીઓમાં સૌથી અધિક માર્કસ આપ્યા. રિઝલ્ટ બાદ આપને પ્રથમ નંબરે આવવાના કારણે મિસરના પ્રમુખ જનાબ કર્નલ જમાલ અબ્દુન્નાસિર સાહબે મેડલરૂપે એવોર્ડ અને **B.A.**ની ડિગ્રી અર્પણ કરી. *(મારહરાસે બરેલી તક, પેજ : ૧૮૪)*

હુઝૂર તાજુશ્શરીઅહએ જ્યારે જામિઆ અઝહર કાહિરામાં પ્રથમ રેન્કમાં સફળતા મેળવી અને જ્યારે એની ખબર ઘરવાળાંને મળી તો રયહાને મિલ્લત મૌલાના રયહાન રઝાખાં રહમાનીમિયાં એડિટર માહનામા આ'લા હઝરતે "કવાઈફે આસ્તાના રઝવિય્યહ"ના હેઠળ લખ્યું છે : "નબીરએ આ'લા હઝરત તથા હુજ્જતુલ ઈસ્લામ رحمۃ اللہ علیہما તથા હઝરત મુફસ્સિરે આ'ઝમના ફરઝંદે દિલબંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં સાહબ દામત બરકાતુહુમુલ કુદસિયહએ અરબીમાં ફરાગતની સનદ ખૂબ જ વિશિષ્ટપણે અગ્રસ્થાને હાંસલ કરી. હુઝૂર તાજુશ્શરીઅહ ન કેવળ જામેઅ અઝહરમાં બલ્કે પૂરા મિસરમાં પ્રથમ નંબરથી પાસ થયા. મૌલા તઆલા તેમને આનાથીય વિશેષ સારામાં સારી કામયાબી અતા ફર્માવે અને તેમને ખિદમતોને પાત્ર બનાવે અને તે સાચા અર્થમાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતના જાનશીન કહેવાય." **اللھم زد فزد**

*–(માહનામા આ'લા હઝરત, સપ્ટેમ્બર : ૧૯૬૫)*

## ઈન્તેકાલ પુરમલાલ !

**દયાદરા** : ખાતે જનાબ બશીર ખીડાના સાહબઝાદા ઈરફાનનો સા. આફ્રિકા, પ્રિટોરીયા ખાતે ૩૧–૭–૨૦૧૮, મંગળવારના રોજ દુ:ખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# رحمۃ اللہ علیہ હુઝૂર તાજુશ્શરીઅહ અરબાબે ઈલ્મો દાનિશ કી નઝર મેં

**(હઝરતની હયાતીમાં બુર્ઝુગ ઉલમાનાં આ મંતવ્યો હતાં)**

*રજૂકર્તા : મુહમ્મદ અમીન અલીમુહમ્મદ બાબી-પોરબંદર/પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*

અલ્લાહ ઔર ઉસકે રસૂલ ﷺ કે ફઝલો કરમ સે હુઝૂર તાજુશ્શરીઅહકી શખ્શિયત કિસી ભી તઆરૂફ કી મોહતાજ નહીં મગર ફિર ભી આ'લા હઝરત કે ઈસ શહઝાદે કે નામ ઔર કામ, દોનોં કી ધૂમ આજ પૂરી દુન્યા મેં મચી હૂઈ હૈ. આપકે ફૈઝ સે કરોળોં લોગ મુસ્તફિઝ હો રહે હૈં. ઈસી કારનામોં ઔર ખિદમતે દીન કી બિના પર અપને વક્ત કે જલીલુલ કદ્ર મશાઈખીને કિરામ, સાદાતે ઈઝામ, ફુકહાએ કિરામ, ઓલમાએ બા અમલ ઔર દાનિશવરાને ઈલ્મ, હઝરત કી ઈસી મુખ્લિસાના ઔર બેલૌષ ખિદમતે દીન કી વજહ સે અપની તેહરીરોં ઔર તકરીરોંકે અંદર હુઝૂર તાજુશ્શરીઅહકો કિસ નઝર સે દેખતે થે, વહ મુલાહિઝા ફર્માએં :-

**(૧) તાજદારે અહલે સુન્નત હુઝૂર મુફ્તીએ આલમે ઈસ્લામ** : આપને ઈર્શાદ ફર્માયા, "અખ્તર મિયાં" અબ ઘર મેં બૈઠને કા વક્ત નહીં, યે લોગ જિન કી ભીળ લગી હૂઈ હૈ મુઝે કભી સુકૂનસે બૈઠને નહીં દેતે. અબ તુમ ઈસ કામ કો અંજામ દો ! મૈં તુમ્હારે સુપુર્દ યે કામ કરતા હૂં. લોગોં સે મુખાતબ હો કર મુફ્તી એ આ'ઝમને ફર્માયા, આપ લોગ અબ અખ્તર મિયાં સલ્લમહુ સે રૂજૂઅ કિયા કરેં, ઉન્હેં મેરા કાઈમ મકામ ઔર જાનશીન જાનેં.

*-(મુફ્તીએ આ'ઝમ ઔર ઉનકે ખુલફા અ જિલ્દ ૧/૧૫૨)*

**(૨) હુઝૂર કુત્બે મદીના હઝરત મૌલાના ઝિયાઉદ્દીન મદની (મદીના શરીફ)** : મુઝે મેરે પીરો મુર્શિદ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ સે જો કુછ મિલા, ઉનકે ખાનદાન કે શહઝાદોં, મૌલાના ઈબ્રાહીમ રઝાખાં (જીલાની મિયાં) મૌલાના રૈહાન રઝાખાં ઔર મૌલાના અખ્તર રઝાખાં કો અતા કર દિયા.

**(૩) હુઝૂર ગયાસે મિલ્લત હઝરત સૈયદ મુહમ્મદ ગયાસુદ્દીન અહમદ કાદરી, તિર્મિઝી, સજ્જાદાનશીન ખાનકાહે આલિયા કાદરીયા મુહમ્મદિયા (કાલ્પી શરીફ)** : અલ્લામા અઝહરી મિયાં દુન્યા મેં રહનેવાલે તમામ સુન્ની મુસ્લિમ સહીહુલ અકીદા લોગોં કે "અમીર" હૈં, આજ યે જો સુન્નિયત કે અંદર બહારેં નઝર આ રહી હૈં, વોહ હુઝૂર તાજુશ્શરીઅહકી મહેનતોં કા નતીજા ઔર ફલ હૈ.

**(૪) હુઝૂર અહસનુલ ઉલમા હઝરત સૈયદ મુસ્તફા હૈદર હસન મિયાં સાહબ કાદરી, બરકાતી, મારેહરવી** : ૧૪,૧૫ નવેમ્બર ૧૯૮૪, કો. મારેહરા શરીફ મેં ઉર્સે કાસમી કી તકરીબમેં, હુઝૂર અહસનુલ ઓલમાને હઝરત અઝહરી મિયાં કા ઈસ્તકબાલ સબસે પહલે જાનશીને મુફતીએ આ'ઝમ અલ્લામા અઝહરી ઝિંદાબાદ કે નારોં સે કિયા ઔર મજમએ કષીર મેં ઓલમા વ મશાઈખ ઔર દાનિશવરોં કી મૌજૂદગી મેં હુઝૂર તાજુશ્શરીઅહ કો યે કેહ કર કે ફકીર આસ્તાનએ આલિયા કાદરિયા બરકાતિયા કે સજ્જાદાકી હૈસિયત સે મૈં કાયમ મકામ મુફ્તી એ આ'ઝમ અલ્લામા અખ્તર રઝાખાં સાહબ અઝહરી કા સિલસિલએ કાદરિયા, બરકાતિયા, નૂરિયાકી તમામ ખિલાફત વ ઈજાઝત માઝૂન વ ઈનાયત કરતા હૂં ઔર હઝરત અહસનુલ ઉલમાને આગે ફર્માયા,

પૂરા મજમા સુન લે, તમામ બરકાતી ભાઈ સુન લે ઔર જો ઓલમાએ કિરામ જો ઉર્સ મેં મૌજૂદ હૈં, ઈસ બાત કે ગવાહ રહેં.

*–(મુફતીએ આ'ઝમ ઔર ઉનકે ખુલફા, પેજ ૧૬૨)*

**(૫) હુઝૂર સૈયદુલ ઓલમા મુફ્તી સૈયદ શાહ આલે મુસ્તફા મિયાં બરકાતી–મારેહરવી :** આપને હુઝૂર તાજુશ્શરીઅહ કો જમીએ સિલસિલએ આલીયા કાદરીયા બરકાતીયા કી ઈજાઝત વ ખિલાફત અતા ફર્માઈ ઔર દુઆઓં સે નવાઝા.

*–(મુફતીએ આ'ઝમ ઔર ઉનકે ખુલફા પેજ–૧૬૨)*

**(૬) ગુલે ગુલઝારે બરકાતીયહ, હઝરત સૈયદ મુહમ્મદ અમીન મિયાં સાહબ કાદરી, બરકાતી, સજ્જાદાનશીન ખાનકાહે આલીયા કાદરીયા બરકાતીયા મારેહરા શરીફ :** હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અઝહરી મિયાં, આ'લા હઝરત કે ઉલૂમ કે સચ્ચે વારિષ મુફતીએ આ'ઝમ કે હક઼ીક઼ી જાનશીન ઔર બરૈલી શરીફ મોહલ્લા સૌદાગરાંકી આબરૂ હૈં.

**(૭) હઝરત શૈખ સૈયદ સબાહુદ્દીન કાદરી–રિફાઈ (બગદાદ શરીફ) :** સન. ૨૦૧૨ મેં આપ ઉર્સે આ'લા હઝરત મેં શિરકત કે લિયે બગદાદ શરીફ સે બરૈલી શરીફ તશરીફ લાએ ઔર જબ હુઝૂર તાજુશ્શરીઅહસે આપને મુલાકાત કી તબ આપને ઈર્શાદ ફર્માયા કે હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લાહકે બળે વલીયોંમેં સે હૈં.

હુઝૂર તાજુશ્શરીઅહ કો અલ્લાહને ચેહરએ મુબારક મેં જો નૂર અતા ફર્માયા હે. વહી નૂર હઝરત શૈખ સૈયદ સબાહુદ્દીન ક઼ાદરી રિફાઈ કો અતા ફર્માયા હે. આપને ઉર્સે રઝવી મેં અરબી મેં તકરીર ભી ફર્માઈ થી.

**(૮) હઝરત સૈયદ મુહમ્મદ અલવી–માલિકી :** હુઝૂર તાજુશ્શરીઅહ ૧૯૮૮ મેં જબ હજ્જ વ ઝિયારત કે લીયે તશરીફ લે ગએ તો અલ્લામા સૈયદ અલવી માલિકીને અપની લિખી હુઈ કિતાબેં આપ કો ઈનાયત ફર્માઈ ઔર બહોત ક઼દરો મનઝિલતકી નઝરસે દેખા. આ'લા હઝરત કે પરપોતે હોને કી વજહસે આપકી બહોત ઈઝઝત અફઝાઈ ફર્માઈ ઔર દુઆઓં સે નવાઝા.

*–(મુફતીએ આ'ઝમ ઔર ઉનકે ખુલફા, પેજ–૫૧૭)*

**(૯) હુઝૂર મુજાહિદે–મિલ્લત હઝરત અલ્લામા હબીબુર્રહમાન સાહબ (ઓરિસ્સા) :** એક સાહબ કી વાલિદા હુઝૂર મુજાહિદે મિલ્લત સે મુરીદ હોને આઈ તો આપને ફર્માયા : મિયાં ! સરકાર આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કે શહઝાદે હઝરત અઝહરી મિયાં કી મૌજૂદગીમેં ઐસા કૈસે હો સકતા હૈ કે મૈં મુરીદ કરૂં, ઉન્હીં સે મુરીદ કરવાઈએ. દૂસરી રિવાયત હૈ કે, હુઝૂર મુજાહિદે મિલ્લતને ફર્માયા કે મૈં હઝરત અઝહરી મિયાં સાહબ કે, સામને સે હોકર કૈસે ગુઝર સકતા હું. આખિર કાર પિછલે દરવાઝે સે હોકર અંદર તશરીફ લે ગએ ઔર ફર્માયા કે કોઈ તેઝ (ઊંચી) આવાઝ મેં ન બોલે, કે હઝરત અઝહરી મિયાં તશરીફ ફરમાં હૈં, આહિસ્તા બોલો, શહઝાદે ક઼યામ ફરમાં હૈં.

*–(બયાન : મુનાઝિરે અહલે સુન્નત મૌલાના અબ્દુલ મુસ્તફા હશ્મતી–રદોલ્વી)*

**(૧૦) હુઝૂર મુફસ્સિરે આ'ઝમ અલ્લામા મુહમ્મદ ઈબ્રાહીમ રઝા (જીલાની મિયાં) :** ડોક્ટર અબ્દુલ નઈમ અઝીઝી લિખતે હૈં, મુફસ્સિરે આ'ઝમે હિંદ (વાલિદે મોહતરમ અઝહરી મિયાં)ને હુઝૂર તાજુશ્શરીઅહ કો તમામ ઈલ્મોંસે ફરાગત કે બાદ આ'લા હઝરતકે ઈલ્મ કા જાનશીન બનાયા ઔર એક તેહરીર ભી ઈનાયત ફર્માઈ બવજહે ઈત્તેલાઅ યે તવક્કુઅ નહીં કે અબ ઝિયાદા ઝિંદગી હો. ઝરૂરત થી કી દૂસરા કાયમ મકામ હો. લેહાઝા અખ્તરે રઝા સલ્લમહુ કો ક઼ાયમ મક઼ામ વ જાનશીને મુફતીએ આ'ઝમ બના દિયા, જાનશીની કા આમામા બાંધા ગયા, ઔર ઈબા પહેનાઈ ગઈ.

*–(મુફતીએ આ'ઝમ ઔર ઉનકે ખુલફા, પેજ–૧૬૩)*

**(૧૧) સદરૂલ ઉલમા હઝરત અલ્લામા તેહસીન રઝાખાં મોહદ્દિષે બરેલ્વી** : અલ્હમ્દુ લિલ્લાહ કે હઝરત અઝહરી મિયાં સલ્લમહુને બાવજૂદે મસ્રૂફિયત ઔર અલાલતે તબઅ (અલમોત ક્દિ ફિલ મુન્તક્દિ)કા તર્જુમા ફર્માયા તા કે ઉસકે ફાયદે આમ હો જાએં. ઉસકા બિલ ઈસ્તીઆબ મુતાલા તો મૈં ન કર સકા. મગર જસ્તા જસ્તા જો મક઼ામાત મૈંને દેખે ઉસસે બળી ખૂશી હાસિલ હૂઈ કે બહુત સલીસ ઔર બા મુહાવરા તરજુમા કિયા. –*(અલ્ મોઅ્તક઼દુલ્ મુન્તક઼દ, પેજ–૩૮)*

**(૧૨) ક઼ાઝી શમ્સુલ ઓલમા હઝરત શમ્સુદીન રઝવી–જોનપુરી** : મૌલાના શમ્સાદ હુસૈન રઝવી ફર્માતે હૈં : એક દિન હમ તમામ તાલિબે ઈલ્મ હઝરત ક઼ાઝી શમ્સુદીન રઝવી કે દર્સ મેં મૌજૂદ થે ઔર આપ દર્સ દે રહે થે. એક બુઝુર્ગ સિફત ઈન્સાન તશરીફ લાએ. ક઼ાઝી સાહબને ખળે હોકર ઉનકા ઈસ્તક઼બાલ કિયા ઔર આને વાલે કો અપની મસ્નદ પર બિઠા દિયા ઔર આપ અદબ કે સાથ બૈઠ ગએ. ઉસ વક઼્ત તલબા કે ઝહેન વ દિમાગ મેં ક્યા તસવ્વુર ઉભરા ઉસ કો મૈં નહીં બતા સકતા. અલબત્તા મૈંને ઐસા મેહસૂસ કિયા કે ક઼ાઝી સાહબ જૈસી શખ્સિયત અલ્લાહ ! અલ્લાહ ! ઉનકી ઈલ્મી શાનો શૌકતકા યે આલમ થા કે, બળે બળે ઉનકે સામને તિફલે મકતબ (તાલિબે ઈલ્મ) માલૂમ હોતે થે. અપને અસાતિઝા સે, મૈંને દરયાફત કિયા કે યે હઝરત કૌન હૈં ? ઉન્હોંને ફર્માયા, યે અઝહરી મિયાં ક઼િબ્લા હૈં.

**(૧૩) શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક઼** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ : આપ તકરીબન ૧૧ સાલ તક બરેલી શરીફમેં હુઝૂર મુફતીએ આ'ઝમ કી સરપરસ્તી મેં ફતવા લિખતે રહે ઔર જિન્હેં મુફતીએ આ'ઝમ કી ઉમ્ર હી મેં "નાઈબે મુફતીએ આ'ઝમ" લિખા ઔર કહા જાતા રહા. ઉનકી ઝબાની કઈ બાર ઉનકો યે બતાતે સુના હૈ. હઝરત મુફતીએ આ'ઝમે હિંદ કો અપની ઝિંદગી કે આખરી ૨૫ સાલોં મેં જો મક઼બૂલિયત ઔર હરદિલ અઝીઝી હાસિલ હૂઈ વોહ આપ કે વિસાલ કે બાદ, અઝહરી મિયાં કો બળી તેઝી કે સાથ ઈબ્તેદા સાલોં હી મેં હાસિલ હો ગઈ, ઔર બહોત જલ્દ લોગોં કે દિલોં મેં અઝહરીમિયાંને અપની જગહ બના લી.

**(૧૪) હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી:** અલ્લાહ તઆલાને હુઝૂર અઝહરી મિયાં કો બળા મક઼ામ અતા કિયા. આપકો મુખ્તલિફ જગહ પર પ્રોગ્રામો મેં જાના થા. રાંચી એરપોર્ટ પર ઉતરે ફિર કાર કે ઝરીઅ઼ા દૂસરી જગહ પહોંચના થા. મગર રાંચી મેં ઉનસે મિલને કે લિયે હઝારોં આદમીયોં કી ભીળ જમા હો ગઈ થી. જબ કે રાંચી મેં રૂકના ન થા. સિર્ફ વહાં સે ગુઝરના થા. મગર થોળી દેર મેં હઝારોં લોગોં કા જમા હો જાના બળી બાત હૈ. માલૂમ હોતા હૈ કે કોઈ દૂસરી મખ્લૂક઼, લોગોં કે કાનોં તક યે બાત પહોંચા દેતી હૈ ઔર થોળી હી દેર મેં હઝારોં લોગ જમા હો જાતે હૈં.

**(૧૫) અલ્લામા મુહમ્મદ મુશાહિદ રઝાખાં હશ્મતી** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ **(પીલીભીત શરીફ)** : ફક઼ીર હક઼ીરને કિતાબ "ટાઈ કા મસ્અલા" (મુસન્નિફ : હુઝૂર તાજુશ્શરીઆ) બગૌર મુતાઅલા કિયા, અપને દલાઈલ કે લિહાઝ સે વોહ ફતવા કિસી કી તસ્દીક કા મોહતાજ નહીં. ઈમ્તિશાલે અમ્ર કે લિયે ફક઼ીર તસ્દીક઼ કરતા હૈ.

**(૧૬) હઝરત ખ્વાજા મુઝફ્ફર હુસૈન રઝવી** : હુઝૂર તાજુશ્શરીઆને ઉન અહમ મુબાહિષ કા સલીસ ઉર્દૂ ઝબાન મેં ઐસા બરજસ્તા તર્જુમા અલ્ મોઅ્તક઼દુલ્ મુન્તક઼દકા ફર્માયા હૈ કે તર્જુમે હી સે મતલબ ઔર મફહૂમ ઝાહિર હો જાતા હૈ ઔર બેઈખ્તિયાર હમારી ઝબાન સે નિકલ પળતા હૈ કે યે આ'લા હઝરત ઔર મુફતીએ આ'ઝમ કે ફૈઝ હૈં જો 'તાજુશ્શરીઆ" પર ખાસ હૈં.

–*(અલ્ મોઅ્તક઼દુલ્ મુન્તક઼દ, પેજ : ૪૬)*

**(૧૭) મુફતીએ આ'ઝમ રાજસ્થાન અલ્લામા અશ્ફાક હુસૈન સાહબ** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને

હઝરત મુફ્તી અખ્તર રઝા કાદરી, બરકાતી, અઝહરી مدظلہ العالی કો બેશુમાર ફઝાઈલ ઔર મુનાકિબે જલીલાસે નવાઝા હૈ. મૈં આપકે ઈલ્મો ફઝલ, હીઝમો ઈત્તેકા, તસનીફી, ફિકહી, તબ્લીગી ખિદમાત સે બહુત મુત્તાસિર હૂં. અરબી અદબમેં આપ હુજ્જતુલ ઈસ્લામ હઝરત અલ્લામા અશ્શાહ મુફ્તી હામિદ રઝાખાં કાદરી બરકાતી رحمۃ اللہ علیہ કે પરતવ હૈં ઔર હુઝૂર સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી કા આપ પર ખુસૂસી ફૈઝાન હૈ, જિસકી વાઝેહ દલીલ યે હૈ કે એશિયા, યૂરોપ કી બુલંદ સે બુલંદ ચોટીયાં પર આપકી અઝમતોં કે પરચમ લેહરા રહે હૈં ઔર આપકી ઈલ્મી જલાલત વ શખ્સી વજાહત કે આગે, બળે બળોં કે સર ખમીદા ઔર ઝુકે નઝર આતે હૈં.

*–(મઆરિફે મુફ્તીએ આ'ઝમ–રાજસ્થાન, પેજ : ૩૮૩)*

**(૧૮) મુસિન્નફે તસાનીફે કષીરા, અલ્લામા ફૈઝ અહમદ ઉવૈસી** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ : હઝરત તાજુશ્શરીઆને અલ્ મોઅ્તકદુલ્ મુન્તકદ કા જો તર્જુમા ફર્માયા, ફકીર હકીરને સઆદત સમજ કર ઉસ કિતાબ કા મુતાલિઆ કિયા. ઉસસે ફકીર ઈલ્મી તૌર સે ખૂબ મુસ્તફીઝ હુવા. ફકીહ નિહાયત યકીનસે અર્ઝ કરતા હૈ કે અવામ કે લિયે તો અકાઈદ કે મુઆમલાતમેં બિલાશુબાહ, યે તર્જુમા રેહબર વ હાદી હૈ લેકિન ઓલમાએ કિરામ કે લિયે ભી બેહતરીન દસ્તાવેઝ હૈ.

*–(અલ્ મોઅ્તકદુલ્ મુન્તકદ, પેજ : ૫૨)*

**(૧૯) મુફ્તી નઈમ અખ્તર નકશબંદી (લાહોરી)** : હુઝૂર મુફ્તી અખ્તર રઝા સાહબ કા ઈલ્મી મકામ કા ક્યા કહના ! કિતાબ અલ્ મોતકિદ ફિલ મુન્તકિદ કે બારેમેં સિર્ફ ઈતના કહૂંગા કે યેહ કિતાબ હઝરત કે અરબી અદબ પર મહારત કી દલીલ હૈ ઔર યેહ કિતાબ ષાબિત કરતી હૈ કે વાકઈ આપ જાનશીને મુફ્તીએ આ'ઝમ હૈં.

*–(અલ્ મોઅ્તકદુલ્ મુન્તકદ, પેજ : ૫૮)*

**(૨૦) માહિરે રઝવિયાત હઝરત અલ્લામા પ્રોફેસર મસઊદ અહમદ** : અલ્લામા અખ્તર રઝાખાં ૧૯૮૩મેં પાકિસ્તાન તશરીફ લાયે. અઝ રાહે કરમ મેરે ગરીબ ખાને પર ભી તશરીફ લાએ. હઝરતસે એક અરબી નઅત કી ફર્માઈશ કી. કલમ બરદશ્તા ઉસી વકત અરબીમેં નઅત લિખ દી. ઉસસે અંદાઝા હોતા હૈ કે અરબી ઝબાનને ઈમામ અહમદ રઝાખાં કે ઘરાને મેં ઘર કર રખ્ખા હૈ ! યે ઉસી ઘરાને કા ઈમ્તિયાઝે ખાસ હૈ.

**(૨૧) અલ્લામા બદરુલ કાદરી (હોલેન્ડ) :** હોલેન્ડ કે અંદર સિલસિલએ કાદરીયા, બરકાતીયા, રઝવિય્યા કી ઈશાઅત હો રહી હૈ. યહાં કે કઈ ખાનદાનોં કો બરૈલી શરીફ ભેજકર દાખિલે સિલસિલા કરાયા ગયા. યહાં કે કઈ લોગોંને હરમૈન તૈયબૈન કી મુકદ્દસ સરઝમીન પર હુઝૂર તાજુશ્શરીઆ કે દામન સે વાબસ્તગી હાસિલ કી ઔર મુરીદ હૂએ ઔર એક બાર કે સફરએ હોલેન્ડ કે દૌરાન હુઝૂર અઝહરી મિયાંને કાદરિયત, રઝવિય્યત કે અન્વાર સે ઈસ ખિત્તએ તારીક કો ખૂબ રોનક બખ્શી હૈ.

*(તાજદારે અહલે સુન્નત, પેજ : ૨૨૫)–(તા. ૧ થી ૨૧ સુધી ફયઝે રઝા માસિક પોરબંદરમાંથી સંપાદક : મુહમ્મદ બાબી)*

**(૨૨) શયખ જમીલ ઈબ્ને આરિફ હુસૈની શાફઈ–ફિલિસ્તીન** : હુઝૂર તાજુશ્શરીઅહ દામત બરકાતુહુમુલ આલિયાકી ઝાત વો ઝાતે હૈ કે ઉનકે તવસ્સુલસે દુઆએં માંગી જાએં તો અલ્લાહ તઆલા ઉસે ઝરૂર કબૂલ ફર્માએગા. આપને અપની તકરીરમેં હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કે લિએ શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, આરિફ બિલ્લાહ, શૈખુલ કામિલ જૈસે અલ્કાબ ઈસ્તેમાલ કિયે.

*–(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૫૯૫)*

**(૨૩) શાહઝાદાએ હુઝૂર ગૌષે આ'ઝમ ડૉ. અબ્દુલ અઝીઝ ખતીબે દમિશ્ક–શામ :** મૈંને તમન્ના કી થી, આરઝૂ કી થી, અય કાશ ! આનેવાલે ઈન તમામ સૂફિયાએ કિરામકી સરપરસ્તી ફર્માતે અલ્લામા મુફ્તી ઈમામ શયખ અખ્તર રઝા અલ્હિંદી

હિફ઼ઝુલ્લાહ, લેકિન વો અપની મસરૂફિયત ઔર દિગર મુશ્કિલાત કે સબબ ન આ સકે. ઉનકા ફયઝ હમ પર જારી હૈ, ઔર ઉનકે ફયઝકી યહ બરકત હૈ કે આજ યે અકાબિરે અજિલ્લાએ સૂફિયા અત્કિયા હસની હુસૈની શહઝાદે આપકે સામને હૈં. *(ઈક઼્તેબાસે બયાન બ મૌક઼ા ઈન્ટરનેશનલ સૂફી ક્રોન્ફ્રન્સ–દેહલી)*

**(૨૪) અશ્શયખ મુહમ્મદ ઉમર બિન સલીમ મહદી દબ્બાગ** مدظلہ العالی**–બગદાદ શરીફ** : આપ તાજુશ્શરીઅહકી તારીફો તૌસીફ બળે અક઼ીદતમંદાના અંદાઝમેં ફર્માતે. શયખ સાહબને હઝરતકી શાનમેં અરબીમેં મન્ક઼બત ભી લિખ્ખી ઔર આપસે સનદે હદીષ વ ઈફતા ભી હાસિલ કી, નીઝ ઈજાઝતો ખિલાફત ભી લી. *(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૯૫૯)*

**(૨૫) હુઝૂર સૈયદ પીર અલાઉદ્દીન ગીલાની કિ઼બ્લા** : હઝરત પીર સાહબ કિ઼બ્લાને ફીલ્બદીહા અરબીમેં એક ક઼તઅ પળ્હા જિસકા મફહૂમ યે થા કે, ''અખ્તર રઝા સિતારોંકી તરહ તાબિન્દગી બિખેરેગા.'' *(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૨૫૦)*

**(૨૬) અલ્લામા શાહ તુરાબુલ હક઼ ક઼ાદરી** رحمۃ اللہ علیہ : હિંદો પાકમેં હમારી મર્કઝી શખ્સિયત હઝરત અલ્લામા મૌલાના મુફતી અખ્તર રઝાખાં સાહબ ક઼ાદરી રઝવી દામત બરકાતુહુમુલ આલિયા હૈં, જો નાઈબે મુફતીએ આ'ઝમે હિંદ કે નામસે પહચાને જાતે હૈં. (તક઼રીરમાંથી)

**(૨૭) સુલ્તાનુલ ઉલમા શૈખ અબૂબક્ર મસલ્યાર હિફ઼ઝુલ્લાહ** : હુઝૂર અઝહરીમિયાં મુફતી અખ્તર રઝાખાં ક઼ાદરી અઝહરીકી શખ્શિયત આલમે ઈસ્લામમેં મર્કઝી હૈષિયત રખતી હૈ. આપ ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે આ'ઝમ કી મસ્નદકે સચ્ચે જાનશીન ઔર ક઼ાબિલે એ'તેમાદ મુફતી હૈં. આપને જામિઅતુર્રઝા બરેલી શરીફમેં ક઼ાઈમ કરકે અહલે સુન્નત પર એહસાને અઝીમ ફર્માયા. *(તક઼રીરે ઉર્સે રઝવી)*

**(૨૮) હઝરત અલ્લામા સૈયદ ઈર્ફાનશાહ મશહદી** مدظلہ العالی : દૌરે હાઝિરમેં આ'લા હઝરત, હુજ્જતુલ ઈસ્લામ, મુફતીએ આ'ઝમકે સચ્ચે જાનશીન, ઈફ્કારે રઝાકે ખરે વારિષ હુઝૂર તાજુશ્શરીઅહ મુફતીએ આ'ઝમ અલ્લામા અશ્શાહ અખ્તર રઝા ક઼ાદરી બરેલ્વી દામતહુમુલ આલિયા હૈ. *(ઉપર મુજબ, પેજ–૪૬)*

**(૨૯) હઝરત સૈયદ શાહ ફઝલે મતીન ચિશ્તી કિ઼બ્લા, ગદ્દીનશીન અજમેર મુઅલ્લા :** તાજુશ્શરીઅહ મુફતી અખ્તર રઝા અઝહરી સાહબ દામત બરકાતુહુમુલ આલિયા કી ઝાતે બાબરકાત ઈલ્મી દીની રૂહાની સમાજી ખિદમતકે હિસાબસે એક મિષાલ હૈ. યહ ઈસ વક઼્તકી એક અહમ ક઼ાબિલે ઝિક્ર ઔર ક઼ાબિલે ક઼દર શખ્સિયત હૈં ઔર ઐસે હલકે કે સરબરાહ હૈં જિસકે ઝિક્રકે બગૈર હમારે અહદકી દીની મસ્લકી ફિક઼્હી તારીખ મુકમ્મલ હો નહીં સકતી. યહ બઝાતે ખુદ શખ્સી એતબારસે બુલંદ મર્તબત હૈં.

*–(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૩૫)*

**(૩૦) હઝરત મૌલાના સૈયદ ઉવૈસ મુસ્તફા વાસેતી–બેલગ્રામ શરીફ :** ફક઼ીર ક઼ાદરી કો જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા અઝહરી મિયાં સાહબ દામત બરકાતુહુમુલ આલિયા સે બારહા મુલાક઼ાતકા શરફ હાસિલ હોતા રહતા હૈ. યહ મુલાકાત વ રાબતે દેરાના તઅલ્લુક઼ાતકે બાઈષ હૈં જો ખાનકાહે બેલગ્રામ વ બરેલીમેં હમેશાસે રહે હૈં. મૌસૂફકો ખાનક઼ાહે રઝવિય્યહમેં વો મક઼ામ હાસિલ હૈ કે તાજુશ્શરીઅહ ઔર ક઼ાઝીયુલ કુઝાત જૈસે અલ્ક઼ાબસે યાદ કીયે જાતે હૈં.

*(પેજ–૬૦૧)*

**(૩૧) હઝરત અલ્લામા ફખ્રુદ્દીન અશરફ અશરફીયુલ જીલાની–સજ્જાદાનશીન કછૌછા શરીફ** : ઈસી અઝીમ રૂહાની ખાનવાદે (ખાનવાદએ રઝવિય્યહ) કે ચશ્કો ચરાગ, તરીક઼તો શરીઅતકે અલમબરદાર, ફક઼ીહે અસ્ર, મર્તબઉત્તક઼વા, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન હઝરત અલ્લામા મૌલાના તાજુશ્શરીઅહ અલ્હાજ અખ્તર રઝા સાહબ કિ઼બ્લા

મુકલ્લબ બ અઝહરી મિયાં દામત બરકાતુહુમુલ આલિયાકી ઝાતે સતૂદા સિફાત હૈ જો ઈલ્મો અમલ, ઝોહદો તક્વા, શર્મો હયા, સબ્રો કનાઅત, સદાકતો ઈસ્તિકામત વગેરા અઝીમ સિફાતે હસનાસે મુત્તસિફ હૈં. યહ અસ્રે હાઝિરકી વો અઝીમ હસ્તી હૈં જિસસે અવામો ખવાસ યકસાં તૌર પર મુસ્તફીઝ હો રહે હૈં.

*–(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૨૪૯)*

**(૩૨) હુઝૂર મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)** : હુઝૂર તાજુશ્શરીઅહ દામત બરકાતુહુમુલ આલિયા એક શખ્સિયતકા નામ નહીં, એક ઝમાનેકા, એક અહદકા (યુગનું) નામ હૈ. એક દમસે ઝમાને પર છા જાનેવાલી ઝાતકા નામ હૈ."

*–(આપના બયાનમાંથી)*

**(૩૩) શહઝાદાએ અહસનુલ ઉલમા શરફે મિલ્લત હઝરત સૈયદ શાહ અશરફમિયાં મારહરવી કિબ્લા** : દુઆગો રહતા હૂં કે કાશ ! હમારી ખાનકાહે બરકાતિયાકી અગલી પેઢિયાં અપને ઝમાનેકે પૌદેવાલેસે યહ કહ શકેં કે, સુનો ! માઝી કરીબમેં હમારી ખાનકાહકી તીન કરામતેં હૈં : અહમદ રઝા, મુસ્તફા રઝા ઔર અખ્તર રઝા.

*–(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૨૮૫)*

**(૩૪) હઝરત અલ્લામા સૈયદ શાહ મુઝફ્ફર હુસૈન શાહ સાહબ કિબ્લા (પાક.)** : અલ્હમ્દુલિલ્લાહ ! મેરે શયખ (હુઝૂર તાજુશ્શરીઅહ)ને ઈસ વક્ત ફતાવા રઝવિય્યહકી તીન જિલ્દેં મુકમ્મલ અરબીમેં કર દી હૈં ઔર અરબી ભી વો જિસ પર મિસરી ભી નિષાર હો જાએં. તાજુશ્શરીઅહકા આજ કોઈ નઝીર નહીં, ન તક્વામેં કોઈ નઝીર, ન ઈલ્મમેં કોઈ નઝીર.

*–(તકરીરમાંથી)*

**(૩૫) નબીરએ મીર અબ્દુલવાહિદ બેલગ્રામી હઝરત મૌલાના સૈયદ સુહૈલ મિયાં કિબ્લા વલી અહદ ખાનકાહે વાહિદિયા–બેલગ્રામ શરીફ** : હમ સબને ઈસ વક્ત તાજુશ્શરીઅહકો આલમે સુન્નિયતકા, જમાઅતકા રહનુમા ઔર કાઈદ માન લિયા હૈ. હમ સબકો ચાહિયે કે હુઝૂર તાજુશ્શરીઅહકા જો હુકમ હો ઉસ પર અમલ કરેં. હુઝૂર તાજુશ્શરીઅહ દામત બરકાતુહુમુલ આલિયાકા કલમ ઈસ વક્ત કલમે આખિર હૈ. જબ કિસી મસ્અલે પર તાજુશ્શરીઅહકા કલમ ચલ જાએ તો કિસી સુન્નીમેં યહ જુર્અત નહીં હોની ચાહીયે કે ઉનકે કલમ પર તઝહીક કરે. *(ઈમામ અહમદ રઝા કોન્ફ્રન્સ બ મૌકા ઉર્સે રઝવી–૨૦૧૫, તકરીરમાંથી)*

**(૩૬) જાનશીને મુજાહિદે મિલ્લત હઝરત મૌલાના સૈયદ ગુલામ મુહમ્મદ હબીબી કિબ્લા–ઓરિસ્સા** : હુઝૂર તાજુશ્શરીઅહ, આ'લા હઝરત رحمۃ اللہ علیہકે ઈલ્મી સરમાયે કે અમીન હૈં ઔર આલમગીર શોહરત વ મકબૂલિયતકે હામિલ હૈં. લાખોં અહલે તરીકતકે કિબ્લા વ અકીદત, શરઈ કાઉન્સિલકે ઝરીઆ ઉમ્મતે મુસ્લિમાકો દરપેશ દીની મસાઈલકા હલ નિકાલનેવાલે ઔર સવાદે આ'ઝમકે મુન્તશિર અરબાબે ઈફતાકો યહ જેહતીકા પૈગામ દેનેવાલે કાઈદ, કદીમ ઉલૂમકે સાથ જદીદ ઉલૂમ કે ઝરીઆ અસ્રી (હાલના) તકાઝોંકી તકમીલકે લિયે અઝીમ દાનિશગાહકે બાની હૈ.

*–(તજલ્લિયાતે તાજુશ્શરીઅહ, પેજ–૭૪)*

**(૩૭) હઝરત સૈયદ મુહમ્મદ ઈસ્માઈલ ગુલઝાર મિયાં–સજ્જાદાનશીન મસૂલી શરીફ** : હુઝૂર મુફતીએ આ'ઝમ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કા ઈન્તેખાબ (હુઝૂર તાજુશ્શરીઅહ) લાજવાબ હૈ. યહી વજહ હૈ કે આજ તન્હા એક મેરે શયખે આ'ઝમ તાજુશ્શરીઅહ કા ડંકા બજ રહા હૈ ઔર જો મુકદ્દસ દરવેશ કુત્બેઝમાં મુફતીએ આ'ઝમકે ઈન્તેખાબ તાજુશ્શરીઅહ પર ઉંગલી ઉઠાતા હૈ વો દર હકીકત મુફતીએ આ'ઝમ ઔર આ'લા હઝરત رحمۃ اللہ علیہما પર ઉંગલી ઉઠાતા હૈ. *(તકરીરમાંથી)*

*(નં. ૨૨ થી ૩૭, સુન્ની દાવતે ઈસ્લામી મંથલી, ઓગસ્ટ–૨૦૧૮માંથી, સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી)*

# શરીઅત તથા તરીકતનો આફતાબ

**અઝ : અલ્હાજ મુદષ્ષિરહુસૈન હબીબી**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝાખાં અઝહરી رحمۃ اللہ علیہ સાથે મારી પ્રથમ મુલાકાત ક્યારે અને ક્યાં થઈ એ તો બરાબર યાદ નથી, પરંતુ જયારે કદી ખિદમતમાં હાજર થવાનો મોકો મળ્યો તો હઝરતે ઉષ્માભેર સ્વાગતથી નવાઝયો, દુઆઓથી નવાઝયો અને સંસ્થાકીય કામોમાં માર્ગદર્શન ફર્માવ્યું.

**ચાહવાવાળાઓના જઝબાતની કદર :** ઈ.સ. ૧૯૭૭માં ઉર્સે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મોકા પર અજમેર મુકદ્દસમાં રઝવી મંઝિલમાં મુલાકાત થઈ હતી ત્યાં હું ટેપ રેકોર્ડર લઈને ગયો હતો. (ત્યારે હાલના સ્માર્ટ ફોનનું અસ્તિત્વ ન હતું). મેં વિનંતિ કરી કે આપનું કલામ "ઉનકે દર કી ભીક અચ્છી સરવરી અચ્છી નહીં" આપના અવાજમાં રેકોર્ડ કરાવી દો. હસમુખા ચહેરે હઝરતે પોતાના ખાસ લહેજામાં લહનની સાથે (ગાવાના અંદાઝમાં) કેટલાય શેઅરો ટેપ કરાવ્યા હતા (અફસોસ કે તે ટેપ મહેફૂઝ ન રહી શકી).

એ દરમ્યાન એક અકીદતમંદ હાજર થયા. વાતચીત દરમ્યાન હઝરત ટોપીવાલે બાબા (જે દર વર્ષે ઉર્સે ગરીબ નવાઝમાં હાજર થતા રહેતા હતા અને એવી ઈમારતમાં રોકતા હતા જયાંથી હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના મઝારનો ગુંબદ સ્પષ્ટ દેખાતો હતો. મુંબઈમાં દોટાંકીની પાસે એમની દુકાન હતી) વિશે પૂછયું. હઝરતે ફર્માવ્યું, તે સૂફી મલામતી છે. તે સાહબ લગભગ બાબા સાહબથી અકીદત ધરાવતા હતા. અર્ઝ કરી, હુઝૂર ! મુજાહિદે મિલ્લતને તેમની સાથે ખૂબ અકીદત છે. ફર્માવ્યું, બુઝુર્ગ આદમી છે. તેને અધિક અસમંજસ થઈ કે હમણા તો મલામતી કહ્યા પછી કહે છે કે બુઝુર્ગ આદમી છે ! ખુલાસો કર્યો કે કેટલાક એવા નિસ્બતવાળા વલી અલ્લાહ હોય છે જેઓ પોતે ખલ્ક (લોકો)થી દૂર અને લોકોને પોતાનાથી દૂર રાખવા ચાહે છે. જાહેરી રીતે તેમની એક્ટિવિટીઝ નાપસંદીદા હોય છે અને લોકો એમના વિશે સારી રાય નથી ધરાવતા. તેમને ઈસ્તેલાહમાં ફિર્કએ મલામતિયા કહે છે. બાબા સાહબ એ ગૃપથી સંબંધ ધરાવે છે.

**ગલતી પર ઉલમા તથા અવામની ઈસ્લાહ:** મશહૂરો મઅરૂફ મુકર્રિરે લગભગ ૪૦ વરસો પહેલાં બંગાલી બાઝાર, મેટિયા બુર્જના જલસામાં તકરીર દરમ્યાન કહ્યું કે "સરકારે દો આલમ ﷺ અલ્લાહની જાતના નમૂના હતા." આપે તરત જ સુધારણા કરી કે સરકાર ﷺ અલ્લાહ તઆલાની જાતનો મઝહર છે નમૂનો નથી. અલ્લાહ તઆલાની જાતનો કોઈ નમૂનો હોઈ જ નથી શકતો.

એક મૌલાના સાહબને જે ખત બનાવીને આવ્યા હતા. હિદાયત કરી કે ચહેરા પર અસ્તરો ફેરવવો ન જોઈએ. વધેલા વાળોને કાતર વડે કટ કરી લેવા જોઈએ.

એકવાર આપ વુઝૂ કરી રહ્યા હતા. તો વુઝૂ દરમ્યાન જોયું કે એક માણસ ખોબામાં પાણી લઈને હાથ પર ઘસી રહ્યો છે. પછી ત્રણવાર ખોબામાં પાણી લઈને હાથને થોડા ઊંચા કર્યા, આ રીતે પાણી કોણીઓ સુધી નથી પહોંચતુ. અને જો ઉપરના હિસ્સામાં વહી પણ ગયું તો નીચલો હિસ્સો ધોવાથી રહી ગયો. તેને તાકીદ કરી કે કેવળ ત્રણવાર ખોબામાં પાણી લઈને હાથને થોડાક ઉપર નીચે કરી લેવા સહીહ નથી, બલ્કે બંનેવ હાથોને કોણીઓ સહિત સારી રીતે ધોવું (પાણી વહાવવું) ફર્ઝ છે, એના વિના વુઝૂ નથી થતું. અને જ્યારે વુઝૂ નથી થતુ તો નમાઝ કેવી ?!

એકવાર કલકત્તામાં રોકાણ દરમિયાન મારા સ્થાપિત કરેલા "મદ્રસા અરબિય્યહ ગૌષે આ'ઝમ"માં તશરીફ લાવ્યા. એ જમાનામાં મદ્રસાની મસ્જિદ બંધાયી ન હતી અને નજીકની મસ્જિદમાં આપણી જમાઅતના ઈમામ ન હતા. એટલા માટે અમે લોકો મદ્રસામાં બાજમાઅત નમાઝની વ્યવસ્થા કરતા હતા. ઈશાની નમાઝનો સમય થયો તો હઝરતે ઈમામત ફર્માવી. મુસાફિર હોવાના કારણે કસર કરી અને બે રકાતમાં સલામ ફેરવી દીધી. મુક્તદીઓમાંથી એક સાહબ ન સમજી શક્યા અને લુક્મો આપી દીધો. ફર્માવ્યું, કેમ કે આપે ગલત લુક્મો આપ્યો છે જેથી આપની નમાઝ ફાસિદ થઈ ગઈ જેથી દોહરાવી લો.

**મારા પર ભરોસો તથા વિશ્વાસ :** લગભગ એ અરસામાં બરજુનાલા મેટિયા બુર્જમાં રાતે જલસો થયો. સવારે ફજરની નમાઝ બાદ જ્યારે ખાસ લોકો રહી ગયા તો મેં અર્ઝ કરી કે હુઝૂરના મુરીદ વર્તુળમાં દિન પ્રતિ દિન વધારો થતો જઈ રહ્યો છે એમનામાં અમુક લોકો એવા પણ છે જેઓ સિલસિલાની તાલીમ હાંસલ કરવા ચાહે છે, ઝિક્ર ફિક્રમાં પોતાનો અમુક સમય પસાર કરવા માટે તૈયાર છે, એવા કેટલાક લોકો મારી પાસે આવે છે. એ જમાનામાં મદ્રસા અરબિય્યહ ગૌષુલ આલમમાં જુમેરાત મગરિબની નમાઝ બાદ મેં ઝિક્રનો હલકો જારી કરી રાખ્યો હતો, જેમાં "ઝિક્રે નફી વ અષ્બાત, ઝિક્રે અષ્બાત, ઝિક્રે ઈસ્મે ઝાત"નો વિર્દ થતો હતો અને "પાસે અન્ફાસ" વગેરેના બારામાં બતાવવામાં આવતુ હતું. ખાસી સંખ્યામાં સિલસિલાવાળા ભાઈઓ શરીક થતા હતા. મેં અર્ઝ કરી કે આપના મુરીદોના વર્તુળ માં માશા અલ્લાહ ! ઉલમા તથા ઈમામોની મોટી સંખ્યા છે જેથી એમનામાંથી કોઈને નિયુક્ત કરી આપો જે હુઝૂરના મુરીદોની તાલીમો તર્બિયતની વ્યવસ્થા કરી શકે. ફર્માવ્યું, મુબારકબાદના પાત્ર છે એ લોકો જેમને આ જમાનામાં પણ ઝિક્ર તથા ફિક્રથી લગાવ છે અને એના માટે પોતાનો સમય કાઢે છે, નહીં તો આ જમાનામાં ફર્ઝો તથા વાજિબોથી પણ ગફલતની વબા ચાલી રહી છે. હવે કેમ કે આપે એનું આયોજન કરી રાખ્યું છે જેથી અલગથી કોઈને નિયુક્ત કરવાની જરૂરત નથી. ત્યાં હાજર લોકોને ફર્માવ્યું, આપ લોકો દસ્તૂર મુજબ આમની હેઠળ તમારુ શુગ્લ (ઝિક્ર ફિક્રની ક્રિયા) ચાલુ રાખો, આ આપણામાં માણસ છે.

લગભગ ઈ.સ. ૧૯૮૪ની વાત છે. એ જમાનામાં પખવાડિક "નવાએ હબીબ" મારી નિગરાનીમાં પ્રકાશિત થતુ હતું.

એક પખવાડિક પત્ર પ્રેસમાં જવા માટે તૈયાર હતું પરંતું થોડી સરખી જગા ખાલી રહી ગઈ હતી. એ જમાનામાં કોમ્પ્યુટર સિસ્ટમ ચાલુ થયેલ ન હતી. તે સમયમાં ઓઈલ પેપર પર કાળી શાહી વડે લખતા હતા. કાતિબ વાજિદ જે પોતે પણ હબીબી છે. એમની નજર દૈનિક પત્ર આઝાદ હિંદ પર પડી જે મદ્રસામાં લાવવામાં આવતુ હતું. એમાં એક ખબર સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہના સબંધે હતી. તો મારી રાહ જોયા વિના તેમણે એને નકલ કરી આપી. એમાં સરકાર આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઉલ્લેખ આપની શાનને લાયક ન હતો. ખાલી જગા પૂરી કરીને મારી રાહ જોયા વિના તથા દેખાડયા વિના અખ્બાર પ્રેસમાં મોકલી આપ્યું અને અખ્બાર પ્રસિધ્ધ પણ થઈ ગયું. સંજોગોવસાત હુઝૂર અઝહરીમિયાં સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ કલકત્તા આવેલા હતા. મહેરબાનોએ જઈને જોડી આપ્યું કે મુદ્દષ્રિરે પોતાના અખ્બારમાં સરકાર આ'લા હઝરતનો અયોગ્ય ઢબનો બલ્કે ગુસ્તાખીપૂર્ણ અંદાઝમાં ઉલ્લેખ કર્યો છે. હઝરતે મને બોલવ્યો અને પૂછયું, તમો આના બારામાં શું કહો છો ?! મેં વાસ્તવિક પરિસ્થિતિથી માહિતગાર કર્યા. હઝરત મારા ખુલાસાથી સંતુષ્ઠ થઈ ગયા અને ભાવિ માટે સલાહ આપી કે, "તમારા સ્ટાફને તાકીદ કરો કે તેઓ કોઈ એવું કામ ન કરે જેના સબબે કોઈને રાઈનો પહાડ બનાવવાનો મોકો મળે. અને દિલચસ્પી રાખવાવાળા તે લોકો જેઓ અત્યારે હાજર નથી તેમને પણ જણાવી દેશો."

**ગુલામોના માટે દુઆઓ :** ધામનગર શરીફમાં ઉર્સે હુઝૂર મુજાહિદે મિલ્લત رحمۃ اللہ علیہના મોકા પર મુલાકાત થઈ એ વખતે બંદાઝાદે અઝીઝી (મુફતી

મુજાહિદ હુસૈન હબીબી તથા મુબશ્શિર હુસૈન હબીબી) પણ સાથે હતા તેમની હઝરતથી મુલાકાત કરાવી અને દુઆઓની દરખાસ્ત કરી, તો શફકતથી (હેત પૂર્વક) માથા પર હાથ રાખીને દુઆ ફર્માવી, નામ પૂછયું. નામ સાંભળીને ખુશી પ્રદર્શિત કરી અને અઝીઝી મુફતી મુજાહિદ હુસૈન હબીબીના સંબંધે દુઆ ફર્માવી કે અલ્લાહ તઆલા એમને ઈસ્મે બામુસમ્મા (નામ તેવા ગુણવાળા) બનાવે અને તેમને વધુથી વધુ દીનો સુન્નિયત, આ'લા હઝરત તથા મુજાહિદે મિલ્લતના મિશનને ફેલાવવાનો મોકા અતા ફર્માવે.

એકવાર બંગલા બસ્તી, મેટિયા બુર્જમાં જીલાનીમાં આવેલા હતા. જ્યારે હું હાજર થયો તો વુઝૂ કરી રહ્યા હતા. એ વખતે આંખોમાં ચશ્મો ન હતો પણ અવાજથી ઓળખી ગયા. ત્યારબાદ સંસ્થાકીય બાબતોમાં લાભદાયી મશ્વરાઓથી નવાઝયો. લગભગ ૧૫ વરસો પહેલાં ખુર્શિદ આલમ રઝવીના દૌલતખાનામાં મુલાકાત થઈ હતી તો શિકાયતી લહેજામાં ફર્માવ્યું, મુદષ્ષિર ભાઈ ! આપની સાથે મુલાકાત નથી થતી. અર્ઝ કરી, હુઝૂર ! શું કરું ! લોકો ખબર પડવા નથી દેતા કે ક્યારે તશરીફ લાવશો, ક્યાં કયામ (રોકાણ) હશે. છતાં જાણ મુજબ ક્યાંક પહોંચુ છું તો જાણવા મળે છે કે હઝરત તશરીફ લાવ્યા હતા પણ અત્યારે એમને બીજી જગાએ લઈ ગયા છે, ખબર નહીં ક્યાં તશરીફ લઈ ગયા ! અને ક્યારે તશરીફ લાવશે. જલસાના સ્ટેજ પર પહોંચુ છું તો જાણવા મળે છે કે મોડી રાતે તશરીફ લાવશે ! તો ભલા આવામાં કેવી રીતે મુલાકાત થઈ શકે છે ?! ફર્માવ્યું, તમારો નંબર મને આપી દો, હું પોતે જ તમને બોલાવી લઈશ. સારાંશ એ કે વખાણ કર્તાઓની ભીડ અને મામૂલાત તથા વ્યસ્તતા અને તંદુરસ્તીની ખરાબી છતાં પણ યાદ શક્તિ ઈર્ષા ઉપજાવે તેવી હતી, અને પોતાનાઓને સારી રીતે ઓળખતા હતા. અફસોસ શરીઅત તથા તરીકતનો આ સૂરજ પોતાના ચાહનારાઓને રડતા ધ્રુસ્કાં લેતા છોડીને ખુદાને પ્યારો થઈ ગયો. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, સપ્ટે. ૨૦૧૮)*

# સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ ની બારગાહમાં

## ખિરાજે અકીદત

કાર્યાલય

નવાસએ રસૂલ, જિગર ગોશએ બતૂલ, હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના નૂરે નઝર, સરકાર સૈયદના ઈમામ હુસૈન શહીદે કર્બલા رضی اللہ عنہ થી ઉલ્ફત તથા મહોબ્બત એક મો'મિનના માટે અણમોલ નેઅમત છે. એટલા માટે કે સરકાર મુસ્તફા ﷺ એ હઝરત હુસૈન رضی اللہ عنہ થી મહોબ્બતને પોતાની મહોબ્બત ઠરાવી અને તેમને પોતાના ફૂલ કહ્યા, જેમને યઝીદીઓએ ૧૦ મુહર્રમુલ હરામ હિ.સ. ૬૧માં ભૂખ્યા તથા તરસ્યા હોવાની હાલતમાં શહીદ કરી નાખ્યા. જેમને આજે દુનિયા શહીદે આ'ઝમના નામથી યાદ કરે છે. હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એ એ બારગાહે ઉઝમામાં (મહાન બારગાહમાં) આ પ્રમાણે ખિરાજે અકીદત પેશ કરી છે :–

શહાદત નાઝ કરતી હૈ જલાલત નાઝ કરતી હૈ
વો સુલ્તાને ઝમાં હૈં ઉનપે શૌકત નાઝ કરતી હૈ

બિઠાકર શાને અકદસ પર કર દી શાન દોબાલા
બનીકે લાડલોં પર ફઝીલત નાઝ કરતી હૈ

જહાં હુસ્નમેં ભી કુછ નિરાલી શાન હૈ ઉન્કી
નબી કે ગુલપે ગુલઝારોંકી ઝીનત નાઝ કરતી હૈ

શહેનશાહે શહીદાં હો અનોખી શાન વાલે હો
હુસૈન ઈબ્ને અલી તુમ પર શહાદત નાઝ કરીતી હૈ

ખુદાકે ફઝ્લસે **'અખ્તર'** મૈં ઉનકા નામલેવા હૂં
મૈં હૂં કિસ્મત પર નાઝાં મુઝપે કિસ્મત નાઝ કરતી હૈ

*(અનુવાદક : તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

# તાજુશ્શરીઅહના رحمۃ اللہ علیہ વિસાલ પર ઈસ્લામી જગત શોકમાં ડૂબ્યુ !

❑ અઝ ❑
મૌલાના અબ્દુલ મુબીન નોઅમાની
(સિયૈચાકોટ)

❑ અનુવાદક ❑
મૌલાના અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

તા. ૨૦ જુલાઈ, ૨૦૧૮ જુમ્આના દિવસે ૬, ઝિલ્કાદા હિ.સ. ૧૪૩૯ મગરિબ પહેલાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાના ખાનદાનના મહાન વ્યક્તિ, જાનશીને મુફતીએ આ'ઝમ, કાઝિયુલ કુઝાત ફિલ હિન્દ (ચીફ કાઝી) તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝા કાદરી અઝહરી ફાની દુનિયાથી હમેશાંની દુનિયા તરફ કૂચ કરી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

*વો ક્યા ગએ કે સારા ઝમાના ઉદાસ હૈ !*

હઝરત વર્તમાનકાળમાં ફિક્હ અને ફત્વામાં આ'લા હઝરતની યાદગાર અને તક્વા પરહેઝગારીમાં મુફતીએ આ'ઝમે હિંદના પ્રતિબિંબ હતા. એકલા આખી જમાઅતે એહલે સુન્નતનુ કેન્દ્ર હતા, પીરે તરીકત એવા હતા કે આખા ભારતમાં જેમનું દષ્ટાંત નથી, ફિક્હી મુદ્દાઓ પર પૂર્ણ નિપૂર્ણતા હતી, અઢળક ફિક્હી મુદ્દાઓ મોઢે હતા. આપના વિસાલથી ફક્ત બરેલી નહીં, ફક્ત હિંદો–પાક નહીં બલ્કે આખુ ઈસ્લામી જગત સોગ તથા શોકમાં ડૂબલુ છે. મુરીદો તથા ચાહકો અને ખલીફાઓ તથા અનુયાયીઓ, આ'લા હઝરતના આશિકો અને એહલે સુન્નતના ચાહકો શોકની ઊંડી લહેરોમાં ડૂબેલા છે. બધા ફિકરમાં છે કે હવે આપણા દુખોનો સહારો કોણ બનશે, શરીઅતો તરીકતની રાહમાં આપણુ માર્ગદર્શન કોણ કરશે. અલ્લાહ તઆલા જ પોતાની ફઝ્લથી તેમની કમી પૂરી ફર્માવે. (આમીન)

આમ તો બધા સુન્નીઓ દુઃખી છે પણ તેમના માનનીય ખલીફા તથા સાહબઝાદા હઝરત મૌલાના અસ્જદ રઝા કાદરી અને કુટુંબની બીજી વ્યક્તિઓ પર જે શોકનો પહાડ તૂટયો છે, તેને તો તેઓ જ મેહસૂસ કરી શકે છે. અલ્લાહ તઆલા સૌને સબ્રની તૌફીક આપે અને તેમની રૂહાની બરકતોથી આપણને માલામાલ કરે.

હુઝૂર તાજુશ્શરીઅહનો જન્મ ૨૬ મુહર્રમ હિ.સ. ૧૩૬૨/૨, ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૪૩ મંગળ વારના દિવસે થયો. આ રીતે હિ.સ. પ્રમાણે જીવનની ૭૭ બહારો જોઈ, અને ઈ.સ.ના હિસાબે પંચોતેર વર્ષ થયાં. શરૂઆતની તાલીમ પિતા હઝરત અલ્લામા શાહ ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં, (હુજ્જતુલ ઈસ્લામ મૌલાના હામિદ રઝા ખાનના પુત્ર) પાસેથી લીધી. પછી દારૂલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફના ઉસ્તાદો પાસેથી આલિમ કલાસમાં નિપૂણતા મેળવી. ત્યારબાદ જામિઅતુલ અઝહર કાહેરા (Cairo) મિસ્ર (Egypt) ગયા અને ત્યાંના ઉસ્તાદો પાસેથી તાલીમ હાંસલ કરી ઈ.સ. ૧૯૬૬માં એ ગ્રેડની સનદ સાથે પરત ફર્યા.

આપના ઉસ્તાદોમાં આ હઝરતોને વર્ણન કરવા જેવા છે :–

**(૧)** સરકાર મુફતીએ આ'ઝમે હિંદ અલ્લામા શાહ મુસ્તફા રઝા નૂરી رحمۃ اللہ علیہ

**(૨)** પિતાજી મુફસ્સિરે આ'ઝમ હઝરત અલ્લામા ઈબ્રાહીમ રઝા જીલાની મિયાં رحمۃ اللہ علیہ

**(૩)** બહરુલ ઉલૂમ મુફતી સૈયદ મુહમ્મદ અફઝલ હુસૈન મૂંગેરી رحمۃ اللہ علیہ ઉસ્તાદ મન્ઝરે ઈસ્લામ

**(૪)** રૈહાને મિલ્લત મૌલાના રૈહાન રઝાખાન رحمۃ اللہ علیہ (મોટા ભાઈ)

**(૫)** મૌલાના મુફતી હાફેઝ જહાંગીર અહમદ ખાન ફતેહપૂરી

**(૬)** મૌલાના બિલાલ અહમદ પૂર્નવી رحمۃ اللہ علیہ

હું પોતાની સંસ્થાઓ, દારુલ ઉલૂમ કાદરિય્યા ચિરય્યાકોટ, અલ મજમઉલ્ ઈસ્લામી–મુબારકપુર આઝમગઢ અને મર્કઝે ઈશાઅતે કન્ઝુલ ઈમાન નિશાને અખ્તર–મુંબઈ તથા તેના સ્થાપક અલ્હાજ ઈમરાન દાદાણી રઝવી તરફથી સહકુટુંબ બધાને તસલ્લી તથા શાંતિના શબ્દો પેશ કરું છું, જો કે પોતેય શોકમાં ડૂબેલો છું.

લેખન તથા સંપાદનના મેદાનમાં પણ તેમણે ઘણા વિખ્યાત કારનામાં કર્યાં છે.

★ સહીહ બુખારી શરીફ પર અરબી ભાષામાં ટૂંકી સમજૂતી લખી છે, જે મજલિસે બરકાત અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુરથી હઝરતની પરવાનગી બાદ પ્રકાશિત થઈ છે.

★ ઈમામ બૂસૈરી رحمۃ اللہ علیہના પ્રસિધ્ધ કસીદા ''બુર્દા''ની અરબી ભાષામાં શરહ ''અલ્ ફરઈ''ના નામે લખી, જે રઝા એકેડમી મુંબઈથી છપાઈ ચૂકી છે.

★ અલ્લામા ફઝ્લે રસૂલ બદાયૂનીની પ્રખ્યાત કિતાબ المعتقد المنتقدનો ઉર્દૂ ભાષામાં શાનદાર અનુવાદ કર્યો, જે જામિઅતુર્રઝા, બરેલી શરીફથી પ્રકાશિત થયો છે.

★ ''ફતાવા અઝહરીય્યહ''ના નામથી આપના ફતાવા બે ભાગોમાં છપાઈ ચૂક્યા છે, બીજા ભાગો પર કામ ચાલુ છે.

★ ''શરહે હદીષે નિય્યત''ના નામથી انما الاعمال بالنیات ની બહુ સારી સમજૂતી લખી છે.

★ ''દિફાએ કન્ઝુલ ઈમાન'' નામથી કુર્આન શરીફના અનુવાદ કન્ઝુલ ઈમાન પર ઉઠાવવામાં આવેલા વાંધાઓનો ઈલ્મી તથા તેહકીકી જવાબ લખ્યો, આ કિતાબ પણ પ્રકાશિત થઈ ચૂકી છે.

★ ફિકહે હનફીના મહાન ઈન્સાયકલો પિડિયા ''ફતાવા રઝવિય્યહ''ના કેટલાય ભાગોનો અરબી અનુવાદ કર્યો, જે (અત્યાર સુધી) છપાયો નથી.

★ ''આષારે કયામત'' (કયામતની નિશાનીઓ)ના નામથી પણ આપની એક કિતાબ છે. *(જે દયાદરાથી ગુજરાતી છપાઈ ચૂકી છે. –તંત્રી)*

★ તારીખે હિજરત ★ સુનો, ચુપ રહો ★ ટાઈ કા મસ્અલા ★ અશ્શોહદા.

આ સિવાય અરબી ભાષામાં લગભગ દસ કિતાબો છે :–

**(૧)** અલ્ હક્કુલ મુબીન. **(૨)** અસ્સહાબતુ નુજૂમુલ ઈહતેદા **(૩)** શરહુ હદીષિલ ઈખ્લાસ. **(૪)** નબ્ઝતુમ્મીન હયાતિલ્ ઈમામ અહમદ રઝા. **(૫)** સદુલ મશારેઅ **(૬)** હાશિયતુ અસીદતિશ્શીદહ શરહુલ કસીદતિલ બુર્દા **(૭)** તહકીક અન્ન અબ સૈયિદિના ઈબ્રાહીમ તારૂખ લા આઝર. **(૮)** મિર્અતુન્નજદિય્યહ બિજવાબી અલ્ બરેલ્વિય્યહ (બે ભાગ) **(૯)** નિહાયતુઝઝૈન ફી તહકીકી યૌમિલ ઈષ્નૈન. **(૧૦)** અન્વારૂલ મનાન ફી તૌહીદિલ્ કુર્આનનો ઉર્દૂ અનુવાદ **(૧૧)** અઝઝુલાલુલ અન્કાનો ઉર્દૂ અનુવાદ, આ'લા હઝરતની કિતાબોના અરબી અનુવાદ **(૧૨)** બર્કાતુલ્ ઈમ્દાદ લિ અહલિલ્

ઈસ્તિમદાદ **(૧૩)** ફિક્હે શહેન્શાહ **(૧૪)** અતાયા અલ ક્દીર ફી હુકમિત્તસ્વીર **(૧૫)** ઈહલાકુલ વહાબિય્યીન અલા તૌહિની કુબૂરિલ મુસ્લેમીન **(૧૬)** તૌસીરુલ માઉન બિ–સુકુનીન ફિત્નાઉન **(૧૭)** શુમૂલુલ્ ઈસ્લામ લિ ઉસૂલિર્રસૂલિલ્ કિરામ. **(૧૮)** કવારિઉલ્ કહ્હાર ફી રદ્દિલ મુજસ્સિમતિલ ફુજ્જાર. **(૧૯)** અલ્ હાદુલ્ કાફ ફી હુકમિઝ્ઝિઆફ. **(૨૦)** અલ અમ્ન વલ્ ઉલા બિ નાઈતિલ્ મુસ્તફ બિદાફિઈલ બલા. **(૨૧)** સુબ્હાનસ્સુબ્બૂહ અન્ ઐબી કિઝ્બિમ્મકબૂહ. **(૨૨)** હાજિઝુલ બહરૈન અલ્વાકી અન્ જમઈસ્સલાતૈન.

આ રીતે અરબીમાં લગભગ ૯ કિતાબો છે. વધુ બે કિતાબો અરબીથી ઉર્દૂ અનુવાદ રૂપે છપાયેલી છે. લગભગ અગ્યાર કિતાબો તે છે, જેનો ઈમામ અહમદ રઝાની ઉર્દૂ કિતાબોથી અરબીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. લગભગ પચાસ કિતાબો હુઝૂર તાજુશ્શરીઅહના સોનેરી કલમથી લખવામાં આવી, જેમાંથી વધુ પડતી પ્રકાશિત છે. (તેમના) પુસ્તકો પર (અલગથી) સંશોધન રૂપી લેખની જરૂર છે.

તેમના કલમમાં ઈસ્લામી ફકીહ (મસાઈલ નિષ્ણાત) આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ફિક્હ તથા ફત્વાની ઝલક નજર આવે છે. જરૂરત એ વાતની છે કે તેમની કિતાબો વધુથી વધુ સારા રૂપમાં રીસર્ચ અને સુધારણા સાથે પ્રકાશિત કરવામાં આવે. અંગ્રેજીમાં પણ હુઝૂર તાજુશ્શરીઅહ નિપૂણ હતા, અરબી અને ઉર્દૂ જેમ અંગ્રેજીમાં વગર તકલીફે વાતચી ત કરતા. અમુક લખાણો અને ફત્વા અંગ્રેજી ભાષામાં પણ છે.

તેમના મુરીદોની સંખ્યા લાખોમાં છે, જે આખા જગતમાં ફેલાયેલા છે. અરબ દેશોમાં પણ તેમના સિલસિલા સાથે જોડાયેલા લોકો મળે છે અને ઈંગ્લિશ દેશોમાં પણ. તે જ રીતે તેમના ખલીફા ઈન્ડિયા–પાકિસ્તાન ઉપરાંત અન્ય દેશોમાં પણ છે. તેમની સંખ્યા પણ ઘણી છે. આ રીતે તે સિલસિલા આલિયા કાદરિય્યાહ બરકાતિયાના આખા જગતમાં સૌથી મોટા પીર હતા. તેમના જનાઝામાં લાખોની સંખ્યામાં અકીદતમંદોએ હાજરી આપી. બરેલી શરીફની બધી ગલીઓ, રોડ અને મેદાનો ભરાયેલાં હતાં, અમુક લોકોએ જનાઝામાં હાજર થનારાઓની સંખ્યા લાખો સુધી જણાવી છે. પણ આ વાત હકીકતની રોશનીમાં આવી ગઈ છે કે ભારતના ઈતિહાસમાં મુસલમાનોની આટલી મોટી સંખ્યા કોઈ જનાઝામાં અત્યાર સુધી જોવા કે સાંભળવામાં નથી આવી.

અકીદતમંદોની આટલી મોટી ભીડનું ઘડીભરમાં ભારતના વિભિન્ન ભાગો અને બીજા દેશોથી ઉમટી પડવું અને હજાર જાતની સફરની તકલીફ વેઠવું, ખરેખર આ હુઝૂર તાજુશ્શરીઅહ્ની અલ્લાહની બારગાહમાં કબૂલિયતની બહુ મોટી દલીલ છે. આને ખરેખર તાજુશ્શરીઅહ્ની કરામત પણ કહી શકાય છે. લોકોમાં તેમની લોકપ્રિયતાનો અંદાજો આનાથી પણ લગાડી શકાય છે કે તેમના વિસાલ પર એ લોકોએ પણ શોક વ્યક્ત કર્યો, અને ખુલ્લા દિલથી તેમની મહાનતા માન્ય રાખી, જેમને તેમના જીવનમાં કોઈ પ્રકારનો કાંઈક વિવાદ હતો અથવા તેમના દિલોમાં કાંઈક ખટક હતી. આશ્ચર્યજનક અને અતિ આશ્ચર્યજનક વાત એ પણ છે કે તેમના વિસાલ બાદ ગેર સુન્ની લોકોએ પણ તા'ઝિયતી પ્રોગ્રામ કર્યા અને કુર્આનખ્વાની રાખી ત્યાં સુધી કે બરેલી શરીફના હિંદુઓએ પણ આપના વિસાલ પર શોક વ્યક્ત કર્યો અને જનાઝામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે પોતાના દિલના દરવાજા ખુલ્લા રાખ્યા બલ્કે તેમના રહેઠાણ અને જમવાની પણ અમુક લોકોએ વ્યવસ્થા કરી. આ લોકપ્રિયતા અને દિલો પર આવુ રાજ ખરેખર તેમને અલ્લાહ તઆલા તરફથી મળ્યું હતું. એમ સમજો કે તેમને સરકારે ગૌષે આ'ઝમ رضی اللہ عنہની લોકપ્રિયતાનો એક મોટો ભાગ મળ્યો હતો. આને જોતાં તેમને નાઈબે ગૌષે આ'ઝમ પણ કહેવામાં આવે તો અયોગ્ય નથી.

કુર્આને પાકથી સાબિત છે કે અલ્લાહ તઆલા પોતાના તે બંદાઓને જેઓ આમાલે સાલેહા, શરીઅત પર ઈસ્તેકામત (અડગતા), દીનમાં મજબૂતી અને મઝહબે હક્કની તરફ દા'વત આપવામાં પોતાનું જીવન પસાર કરે છે, તેમને ધરતી પર લોક પ્રિયતાની દોલત આપે છે. ખરેખર હુઝૂર તાજુશ્શરીઅહ પણ અલ્લાહના નેક અને પ્યારા બંદાઓમાંથી હતા.

વિસાલ બાદ હુઝૂર તાજુશ્શરીઅહ્‌ને જે લોકપ્રિયતા મળી છે તેનો અંદાજો પણ ન હતો. ખરેખર આ લોકપ્રિયતા ઈત્તેહાદે એહલે સુન્નતનું ચિન્હ છે. આજે તમામ ખાનકાહો અને તન્ઝીમો ઉદાસ છે અને એહલે સુન્નતના મદ્રસાઓ દુ:ખી છે. હવે આપણે જોઈએ કે આ ઈત્તેહાદથી ફાયદો ઉઠાવીએ, આ ઈત્તેહાદને તૂટવા ન દઈએ. નાની નાની વાતોને લઈને એકબીજા વચ્ચે ફૂટ નાખવાનું કામ હવે આપણે બંધ કરી દેવું જોઈએ. તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ એક મોટી તાકત હતા, હવે આપણે કમજોર થઈ ગયા છીએ, આપણે ઈત્તેહાદની શક્તિથી કામ લેવું જોઈએ. તાજુશ્શરીઅહ જેવી શખ્સિયત હવે સરળતાથી નથી મળવાની. હુઝૂર તાજુશ્શરીઅહ ખરેખર શરીઅતની તલ્વાર હતા, શરીઅતનું પ્રભુત્વ તેમના જીવનનો હેતુ હતો, દીનમાં મજબૂતી તેમની નિશાની હતી, સાથોસાથ જ તે પોતાના (સુન્ની) લોકો પર ઘણા મહેરબાન પણ હતા, સારા અખ્લાકનો નમૂના હતા, ફિક્હ અને ફત્વાની બારીકીઓ જાણતા હતા. મૂળભૂત વિવાદ અને ઉપર ઉપરના વિવાદનો તફાવત મહેસૂસ કરતા હતા. અંધાધુંધ ફત્વા લગાડતા ન હતા, હા ! કોઈએ ખોટા બયાન દ્વારા કોઈ હકીકત વિરુદ્ધ સવાલ મોકલી કોઈ ફત્વો પૂછી લીધો તો તેનો જવાબદાર સવાલ કરનાર પોતે છે. હુઝૂર તાજુશ્શરીઅહ્‌ رحمۃ اللہ علیہનું જીવન આપણા માટે નમૂનો છે.

***અબ્રે રહ્‌મત ઉન કે મર્કદ પર ગોહરબારી કરે***
***હશ્ર તક શાને કરીમી નાઝ બર્દારી કરે***

–(માહનામા : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૮–૧૯નું બુકીંગ ચાલુ છે.**

**મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.**

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# હુઝૂર તાજુશ્શરીઅહકા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા ઈસ્તેઆરા

**અઝ : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કૃમરુઝ્ઝમાખાં આઝમી** (સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન—યુ.કે.)

ઉલમાએ મિલ્લતે ઈસ્લામિયહ, હાઝરીને મજલિસ ! અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહ. મેરે લિયે બહુત મુશ્કિલ હૈ કે ઈસ વક્ત કોઈ ખિતાબ કર સકું. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કા વિસાલ હુવા તો અલ્લામા ખુશ્તર સાહબ رحمۃ اللہ علیہ મૌજૂદ થે જિનકે કાંધે પર સર રખકર...... ચૂં કે આજ વો બુઝુર્ગ નહીં હૈ કે મૈં ઉનસે અપને દર્દકા ઈઝહાર કર સકું. બિલા શુબ્હા જુમ્આકી શામકો જબ સૂરજ ડૂબનેવાલા થા તો એક અઝીમ આફતાબ જલ્વાગર હો રહા થા ઔર વો હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કા વિસાલ હૈ. સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કી હયાતે તયબહમેં હમ લોગ કહા કરતે થે કે ઉનકે બાદ ક્યા હોગા ? લેકિન આપને દેખા કે ઉનકે બાદ ઉનકે સહીહ જાનશીન હુઝૂર તાજુશ્શરીઅહ જલ્વાગર હુએ. ઉન્હોંને વો તમામ ઉમ્મીદેં પૂરી કીં જો ઉમ્મતસે વાબસ્તા થીં. આજ ભી યહ સોચા જા રહા હૈ, મગર મુઝે યકીન હૈ કે આ'લા હઝરતકી કરામત, મુફતીએ આ'ઝમકી નઝર, હુજ્જતુલ ઈસ્લામકા કરમ (رحمۃ اللہ علیہم اجمعین), બરેલી શરીફસે ફિર કોઈ તાજુશ્શરીઅહ પૈદા હોગા ઔર ઈન્શાઅલ્લાહ ! હમ અપની ઝિંદગીમેં દેખેંગે. આપ પરેશાન ન હોં, બરેલી શરીફ કભી ખાલી નહીં હોગા. વો મર્કઝ હૈ હમારા, મર્કઝે અકીદત ભી હૈ, મર્કઝે ફિક્ર ભી હૈ, મર્કઝે તાલીમ ભી હૈ ઔર મહવર (ધરી) હૈ હમારે ઈમાન કા.

હઝરાતે ગિરામી બહોત મશ્હૂર હદીષે પાક આપને બારહા સમાઅત ફર્માઈ હોગી : ''જિસને મેરી સુન્નત પર ફસાદે ઉમ્મતકે વક્ત તમસ્સુક કિયા (મજબૂતીથી અમલ કર્યો) ઉસકો સો શહીદોંકા ષવાબ હૈ.'' યહ શહીદોંકા ષવાબ ક્યૂં દિયા જા રહા હૈ ? શહીદ વો હોતા હૈ જો યા તો ઈસ્લામી મુલ્કકી સરહદોંકી હિફાઝત કરતા હૈ યા ઈસ્લામી ઈફકાર વ રિવાયત કી, ઔર મુહક્કિક વો હોતા હૈ જો ઈસ્લામી અકાઈદ ઔર મઅમૂલાત કી (હિફાઝત કરતા હૈ). ઈસ લિએ એક સુન્નતકા અહ્યા કરનેવાલા (એક સુન્નતને જીવંત કરનાર) સો શહીદોં કે બરાબર ષવાબ હાસિલ કરતા હૈ. હૂઝૂર તાજુશ્શરીઅહને ન સિર્ફ સુન્નતોંકા અહ્યા ફર્માયા (જીવંત કરી) બલ્કે રિવાજ દિયા હૈ, ઈસ લિએ ઉનકો કિતને શહીદોંકા ષવાબ મિલેગા, આપ અંદાઝા નહીં કર સકતે. શહીદ ઝિંદા રહ્યા હૈ વો ભી ઝિંદા રહેંગે.

મૈંને સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ કે આખરી ઐયામ દેખે હૈં. બીમાર થે તો ઉનકી ઝબાન પર કરાહ નહીં થી. ઉનકી ઝબાન પર અલ્લાહ અલ્લાહ થા ઔર યહી કૈફિયત હુઝૂર તાજુશ્શરીઅહકી થી. હર એતબારસે વો સહીહ જાનશીન થે. જાનશીને મુફતીએ આ'ઝમ બળી અઝીમ શખ્સિયત થે. ફકીહ ઈબ્ને ફકીહ ઈબ્ને ફકીહ ઈબ્ને ફકીહે આ'ઝમ થે. યઅની ઈતને સિલસિલે હૈં અઝમતોં કે જિનકા એહાતા કરના, ઉનકા ઝિક્ર કરના ઈસ મુખ્તસર સી મજલિસમેં મુમ્કિન નહીં હૈ. યહાં ચંદ બાતેં અર્ઝ કરના ચાહુંગા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદકે વિસાલસે પહલે દેવબંદમેં જશ્ને સદસાલા મનાયા ગયા થા ઔર બેશુમાર લોગ શરીક હુએ. હિંદુસ્તાન પર એક અષર

થા કે ક્યા અહલે સુન્નત ભી ઈતના બળા ઈજતેમા કર સકતે હૈં ? મગર સરકાર મુફતીએ આ'ઝમે હિંદકે વિસાલ ઔર ઉનકે જનાઝેમેં ઈતને અફરાદ શરીક હુએ કે વો સારે ઈજતેમાઆત પીછે ચલે ગયે !

આજ ઉમ્મતે મુસ્લિમાકા જો હાલ હૈ હિંદુસ્તાનમેં, જિતને મસાઈલ વ મુશ્કિલાત હૈં ઉનમેં ઈતના બળા ઈજતેમા એક મક઼ામ પર નામુમ્કિનાતમેંસે થા, મગર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કે વિસાલને એક મર્તબા ફિર ઉમ્મતે મુસ્લિમાકો ઝિંદગી દે દી હૈ, જુરઅત (હિંમત) ઔર હયાત દે દી હૈ. આજ પૂરી દુન્યા ઉન દસ મિલિયન અફરાદ કો દેખ રહી હૈ ઔર કહ રહી હૈ કે એક ફર્દ કે (વ્યક્તિકે) નામ પર અગર ઉમ્મતે મુસ્લિમા ઈસ તરહ જમા હો સકતી હૈ તો ખ્વાજાએ આ'ઝમ કે નામ પર ઉસે જમા કરના કિતના આસાન હોગા.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! ઉન્હોંને હમેં હયાતે તાઝા બખ્શી હૈ, જુરઅત બખ્શી હૈ, હૌસલા બખ્શા હૈ ઔર હિંદુસ્તાની મુસલમાનોંકો દોબારા ઉભરને કી જુર્અત અતા ફર્માઈ હૈ.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયહ ! વિસાલ આમ તૌર પર કિસીકે જાનેકા નામ હોતા હૈ મગર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કા વિસાલ ઉમ્મતે મુસ્લિમાકી હયાતકા નામ હૈ, ઝિંદગીકા નામ હૈ. એક નઈ બેદારીકા નામ હૈ, એક નયે ઈન્કિ઼લાબકા નામ હૈ, આજ દુન્યા દેખ રહી હૈ કે એક શખ્સિયતકે એહતેરામમેં અગર કઈ લાખ અફરાદ જમા હો સકતે હૈં, એક કરોળ અફરાદ ! તો યહી ઉમ્મતે મુસ્લિમા અગર કભી જમા હો જાએ બાતિલકે મુક઼ાબલેમેં તો તમામ બાતિલ કુવ્વતેં સર ખમીદા હો જાએંગી ! યહ અઝીમ કારનામા અંજામ દિયા હૈ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ને અપને વિસાલસે.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! મૈં ઉન્હેં અપને ઓહદે શબાબસે જાનતા હૂં. મૈં ઈસ મેહફિલમેં કમ અઝ કમ ઈસ સઆદતકા હામિલ હૂં કે ઝમાનાએ તાલિબે ઈલ્મીસે લેકર આખરી ઐયામ તક મૈંને ઉન્કા મુશાહેદા કિયા હૈ, દેખા ભી હૈ. ઉનકા બચપના દેખા હૈ, તાલિબે ઈલ્મીકા ઝમાના દેખા હૈ. તીન સાલ મુઝસે બળે થે, લેકિન વો બહોત બળે થે ! યહ તો પયમાને હૈં વરના કહાં વો ઔર કહાં મૈં ?! બહુત અઝીમ થે વો ! રુખસત હો ગએ હૈ મગર એક ઝિંદગી દે ગયે હૈં અપની ક઼ૌમકો, અહલે સુન્નતકો, ઉમ્મતે મુસ્લિમા કો. ઔર એક બાત શાયદ આપને મેહસૂસ નહીં કી હોગી, બહોતસે લોગ ખાનકાહોં કે એતબારસે, મુખ્તલિફ ઈદારોંકે એતબારસે ઈખ્તિલાફાતકી બાત કરતે થે, ઔર યહ કહતે થે કે હિંદુસ્તાન કે સુન્ની મુન્તશિર હો ગયે હૈં અબ મુત્તફિક઼ નહીં હો પાએંગે. ઉનકો મુત્તહિદ કરના બળા મુશ્કિલ કામ હૈ. મગર હઝરત કે જનાઝેને ઈસ ખયાલકો ગલત સાબિત કર દિયા. બરેલી ભી થા વહાં, મારહરા શરીફ થા, કછોછા મુક઼દ્દસા ભી થા, બદાયૂં ભી હાઝિર થા, આજ નાગપુર ભી થા, આજ પીલીભીત ભી થા. આજ સભી થે બલ્કે પૂરા આલમે ઈસ્લામ થા, પૂરા આલમે સુન્નિયત થા ! વો હમેં મુત્તહિદ કર ગએ હૈં. હમ ઈત્તેહાદ ચાહતે થે ઔર મુઝે ઉમ્મીદ હૈ કે ઈન્શાઅલ્લાહ ! ઉનકા બખ્શા હુવા ઈત્તેહાદ ક઼ાઈમ રહેગા.

હમ એક ઝિંદા ક઼ૌમ એક મુતસલ્લિબ ક઼ૌમકી બુન્યાદ પર ક઼ાઈમ રહેંગે. યાદ રખિયે ! મૈં અકષર કહા કરતા હૂં અપને પ્રોગ્રામમેં કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાકે મસ્લકસે અક઼ીદે કે મામલેમેં એક ઈંચ ભી ઈન્હેરાફ કરનેવાલે (દૂર હટનેવાલા) કહાં જા કે ડૂબેલા ઔર મરેગા યહ કોઈ નહીં જાનતા. જિતને મુન્હરિફૈન (વિમુખ થનારા) હૈં આપ ઉન્હેં દેખ લિજીએ કોઈ દુન્યામેં પૂછનેવાલા નહીં હૈ ! સિયાસતકે મેદાનમેં ઝલીલ કર દિયે ગયે, મઝહબકે મેદાનમેં કોઈ ઉન્હેં પૂછનેવાલા નહીં હૈ. ઉન્હોંને આ'લા હઝરતસે ઈન્હેરાફ કિયા થા, બરાબરીકા દાવા કિયા થા, યહ સમઝા થા કે શાયદ હમ ભી ઈમામે અહલે સુન્નત બન સકેંગે ! આ'લા હઝરત બન સકેંગે ! આજ ઉન્હેં કોઈ પૂછનેવાલા નહીં હૈ. ઉન્કી ઈલ્મી હૈષિયતકો ક઼ૌમને ક઼દમોં કે નીચે રોંદ દિયા હૈ. યહી હાલ ઉન

લોગોંકા ભી હુવા જિન્હોંને ઉનસે ઈખ્તિલાફ કિયા.

પૂરી એક સદી કે બારેમેં બતા સકતા હૂં મૈં કે જિન જિન લોગોંને મસ્લકે આ'લા હઝરતસે ઈખ્તેલાફ કિયા હૈ વો યક઼ીની તૌર પર મન્ઝર સે ગાઈબ કર દિયે ગયે હૈં, મન્ઝર સે હટા દિયે ગયે હૈં. ઉનકે મસ્લક પર ક઼ાઈમ રહના ખુદ અપની હયાત કી અલામત (નિશાની) હૈ, મિલ્લત (ક઼ૌમ) કી હયાતકી અલામત હૈ.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયહ ! યાદ રખિયે ! દો તબક઼ે હમેશા રહે હૈં. ફુક઼હાકે દરમિયાનમેં ઔર ઉલમાકે દરમિયાનમેં. અરબાબે રુખસત ઔર અરબાબે અઝીમત. ઔર હમ અરબાબે રુખસત કે બારેમેં કોઈ ખરાબ ખયાલ નહીં રખતે, યહ ઝરૂરત ભી હૈ ઔર તક઼ાઝા ભી હૈ કે કહીં કહીં રુખસતોં પર ભી અમલ કિયા જાતા હૈ. મગર આપને સુના હોગા કે રુખસત બહોત ક઼રીબ હૈ હુર્મતકે. અગર રુખસત કે ક઼રીબ આદમી આયેગા તો હુર્મતકે ક઼રીબ ભી પહુંચ જાએગા. ઈસ લિએ આ'લા હઝરત હોં, હુજ્જતુલ ઈસ્લામ હોં, મુફ્તીએ આ'ઝમ હોં, મુફસ્સિરે આ'ઝમ હોં ઔર ફિર તાજુશ્શરીઅહ હોં, સબ અઝીમતોંકે ક઼ાઈલીન થે. રુખસતોં કે હવાલેસે એક લમ્હે કે લિયે ભી તૈયાર ન થે. શરઈ કાઉન્સિલકે જિતને ફૈસલે હૈં રુખસતોંકી બુન્યાદોં પર નહીં હૈં, વો સબ અઝીમતોં કી બુન્યાદ પર હૈં. વો અઝીમતોં કે ક઼ાઈલ થે. અઝીમતોં કે હવાલે સે મસ્લકકો હમેશા બુલંદો બાલા રખના ચાહતે થે. ઔર યહ તમામ કામ ઉન્હોંને કિયા હૈ. ફતાવાકી રોશનીમેં ભી, અપની તહરીરોંસે ભી, અપને કિરદારસે ભી ઔર અપને અમલસે ભી.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! આજ વો હમમેં નહીં હૈ મગર આજ દીવાનગીકા યહ આલમ હૈ કે મૈંને જબ સુના કે ઉન્કા વિસાલ હો ગયા હૈ તો મુઝે યક઼ીન થા કે એક સૈલે રવાં હોગા (ઉન્કે જનાઝેમેં), એક અઝીમ સમંદર હોગા ઈન્સાનોંકા કે જિસકો બરેલીકી સરઝમીન અપને અંદર સમેટ ન સકેગી ઔર ફિર આપને અપની નિગાહોંસે દેખા, આપને ઉસકા મુશાહિદા કિયા.

અઝીઝાને મિલ્લતે ઈસ્લામિયા ! હુઝૂર સૈયદી તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہકા વિસાલ દર અસ્લ ક઼ૌમકી ઝિંદગી હૈ ઔર યક઼ીનન ! અરબાબે અઝીમતકા વિસાલ એક નઈ ક઼ૌમકી અલામત ભી હોતા હૈ ઔર ઝિંદગી ભી હોતા હૈ. જિસ તરહસે આજ હમ ઉનકે જનાઝેમેં મુત્તહિદ હૈં, બેક઼રાર હૈં કે હર તબક઼ાએ ફિક્રકા સુન્ની મુસલમાન વહાં પહુંચા હૈ દીવાનાવાર, ઔર યહી દીવાનગી અગર બાક઼ી રહી તો દુન્યામેં હમારે ઈત્તેહાદકો કોઈ પારા પારા નહીં કર સકતા. હિંદુસ્તાન નહીં, અરબો અજમ જમા હો ગયે હૈં ઉન્કી તઆઝિયતમેં. તઅઝિયત કી જાતી હૈ, કોઈ શખ્સ વિસાલ કર જાએ ઘરવાલોંકી તઅઝિયત કી જાતી હૈ. મૈંને કલ ભી યહ પયગામ દિયા થા કે યક઼ીની તૌર પર મૌલાના અસ્જદ રઝાસે તઅઝિયત કર રહે હૈં, મગર યાદ રહે કે સરકાર તાજુશ્શરીઅહકા વિસાલ યહ એક ખાનદાન કે લિયે તઅઝિયત નહીં હૈ બલ્કે પૂરી ઉમ્મતે મુસ્લિમાકે લિયે હૈ. આજ દુન્યા કે કરોળોં ઈન્સાન ગમઝદા હૈં, હમ સબકી બારગાહમેં તઅઝિયત પેશ કરતે હૈં ! અલ્લાહ તઆલા સબકો સબ્રે જમીલ અતા ફર્માએ ઔર મસ્લકે આ'લા હઝરત પર, સુન્નિયત પર ઔર ઉનકે ફિક઼્હી મસ્લક પર કાઈમ રહકર ઈસ બાતકી તૌફીક઼ અતા ફર્માએ કે હમ ઉન્કે મિશનકો આગે બળ્હાએં, **ઉનકી બારગાહમેં ખિરાજે એહતેરામ પેશ કરનેકા સબસે બેહતર તરીક઼ા યહી હૈ કે સુન્નિયત પર તસલ્લુબ (મજબૂતી) ઈખ્તિયાર કરેં, કિસી હાલતમેં ભી અપને મસ્લક સે સરે મૂ ઈન્હેરાફ (બાલ બરાબર હટવાની) કોશિશ ન કી જાએ.** અલ્લાહ તઆલા ઉન્કે મરાતિબકો બુલંદ ફર્માએ ઔર બરેલીમેં ઉનકે અમ્સાલ (ઉન્કે જૈસા) પેદા ફર્માએ. આમીન.

*(બયાન : ગૌષિયા મસ્જિદ, બોલ્ટન–યુ.કે. **Youtube** પરથી ઉર્દૂ લખનાર : મૌલાના મુહમ્મદ અસ્લમ રઝા ક઼ાદરી અશ્ફાક઼ી, સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓગસ્ટ–૨૦૧૮, મુંબઈ)*

# અતાએ મુસ્તફા ﷺ અખ્તરે રઝા

વારિષે ઉલૂમે આ'લા હઝરત, જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ તાજુશ્શરીઅહ અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો વિસાલ સુન્ની જગતનું એક મહાન નુકસાન છે જેનું ભરપાઈ થવું જાહેરી રીતે જોતાં શક્ય નજર નથી આવતુ. બસ, અલ્લાહ ﷻ આકાએ કરીમ ﷺના સદકા તથા વસીલાથી ગૈબથી આપણને અહલે સુન્નતને મદદ ફર્માવે. હઝરતનો વિસાલ યકીનન ! મૌતુલ આલિમ મૌતુલ આલમના સમાન છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત હઝરતને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા ફર્માવે અને એમના દરજાઓ બુલંદ ફર્માવે. એમાં કોઈ શક નથી કે હઝરતના વિસાલથી તમામ અહલે સુન્નત અને ખાનવાદાવાળાઓને યકીનન ! મહાન સદમો પહોંચ્યો છે. નાચીઝ લખનાર, મુફક્કિરે ઈસ્લામ ખતીબે આ'ઝમ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આઝમી مدظله العالی તથા અન્ય મુબલ્લિગો તથા અરાકીને સુન્ની દા'વતે ઈસ્લામી ખાનવાદાએ રઝવિય્યહના આ ગમમાં બરાબરના શરીક છીએ અને દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા સૌને સબ્રે જમીલ આપે. હઝરતની રહલત (વિદાય) કોઈ એક વ્યક્તિનું નુકસાન નથી પરંતુ આખી જમાઅતનું નુકસાન છે અને બધાના જ માટે ગમનો સબબ છે, કેમ કે હઝરતની શખ્સિયત સૌના માટે હતી અને આપ સૌના માટે નૂરનો મીનારો (દીવાદાંડી સમાન) હતા.

હઝરત તાજુશ્શરીઅહ વિના શંકાએ આ'લા હઝરતના ઈલ્મના વારિષ હતા. એના પર આપના ફત્વાઓ અને લગભગ ચાર ડર્ઝન કિતાબો તથા પુસ્તિકાઓ ગવાહ છે. આપ હુઝૂર મુફતીએ આ'ઝમ અલ્લામા મુસ્તફા રઝા رحمۃ اللہ علیہના ઝુહદ તથા તકવા અને સબ્ર તથા અઝીમતના સુંદર પ્રતિબિંબ પણ હતા. મોટા મોટા ઉલમા, ફુકહા તથા મશાઈખે એઝામ આપનાથી મુલાકાત, દસ્તબોસી અને ફૈઝ હાંસલ કરવાને પોતાની ખુશનસીબી સમજતા હતા. ઈલ્મી તથા ફિક્રી ગહરાઈમાં તથા પકડમાં એમને ખુદા તરફથી એક ખાસ મહારત અર્પણ કરવામાં આવી હતી. આપની લખેલી નઅતો ઈશ્કે રસૂલની મોં બોલતી તસ્વીર છે. કેટલીક નઅતોને એટલી બધી મકબૂલિયત હાંસલ થઈ કે લોકોની ઝબાનો પર ચઢી ગઈ. આજે જ્યાં જ્યાં પણ ઉર્દૂ બોલવાવાળા અને હુઝૂરથી મહોબ્બત કરવાવાળા મુસલમાન વસે છે ત્યાં આપની આ નઅતો ખૂબ જ શોખ, દીવાનગી તથા ખૂબ જ અકીદતમંદીથી પઢવામાં તથા સાંભળવામાં આવે છે. આ રીતે જોવામાં આવે તો આપ ઈલ્મ તથા ફઝ્લ, કરામત તથા સઆદતમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના હસીન ક્રમની કડી હતા. મારી દુઆ છે અલ્લાહ પાક આ સુહાના ક્રમને કાયમ સલામત રાખે.

સિલસિલાથી જોડાયેલા લોકો તથા મુરીદોની એ જવાબદારી છે કે તેઓ હઝરતના ઈસાલે સવાબ અને દરજાની બુલંદી માટે મજબૂત પાયાનાં તથા રચનાત્મક કામો કરે. હઝરતના નામ પર દીની તથા દુનિયવી સંસ્થાઓ ખોલવામાં આવે, ગરીબો તથા બીમારોના ઈલાજ માટે મફત ઈલાજની વ્યવસ્થા કરવામાં આવે અને તાલીમ હાંસલ કરવાવાળા ગરીબ બાળકોની ફી વગેરેની વ્યવસ્થા કરવામાં આવે. આપણે આ મોકા પર એ પણ દઢ નિશ્ચય કરવો પડશે કે આપણે નમાઝોની પાબંદીમાં કોઈ બેદરકારી નહીં કરીએ અને ન તો બંદાઓના હક્કો અદા કરવામાં કોઈ પ્રકારની કસર કરીશું.

હઝરત તાજુશ્શરીઅહના વિસાલની ખબર સાંભળી સુન્ની દા'વતે ઈસ્લામીના દેશના તેમજ બહાર દેશના તમામ તાલીમી તથા તર્બિયતી ઈદારાઓમાં તાલીમનો ક્રમ અટકાવીને કુર્આન ખ્વાની અને ઈસાલે સવાબનો એહતેમામ કરવામાં આવ્યો. મર્કઝી હફતાવારી સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાને હઝરતને સંબંધિત કરીને કુર્આનખ્વાની કરવામાં આવી અને હઝરતની જિંદગી તથા ખિદમતો પર સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગોનાં બયાનો પણ થયાં. ૨૯ જુલાઈ રવિવારના દિવસે ભીવંડી શહેરમાં "મદ્રસાએ ફૈઝાને તાજુશ્શરીઅહ" કાયમ કરી ઈફતેતાહ કરવામાં આવ્યો.

તદ્ઉપરાંત કુર્આનના તર્જુમા કન્ઝુલ ઈમાન તસ્હીહ થયેલું (નિશાને અખ્તર સંસ્થા મુંબઈ તરફથી છપાયેલુ) નજીકમાં જ એક હજારની સંખ્યામાં હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના ઈસાલે સવાબના માટે પ્રસિધ્ધ કરીને ફેલાવવામાં આવશે. ઈન્શાઅલ્લાહ !

*–(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*

**રજૂકર્તા : મૌલાના મુહમ્મદશાકિર અલી નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર અલી પટેલ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

# સિતારો જે તૂટી ગયો !

સમય યાદ નથી પણ તે ઈ.સ. ૧૯૯૨નું વરસ અને ઓકટોબરની ૨૮ તારીખ હતી, મારા પિતા આંગળી પકડીને મને ઘરેથી લઈ ગયા અને ઘરની સામે આવેલા દારુલ ઉલૂમ અરબિયહ કાદરિયહ (કરીમગંજ, પુરનપુર, પીલીભીત) લઈ જઈને બેસાડયો જ્યાં એક નૂરાની સૂરતવાળા બુઝુર્ગ બેઠેલા હતા. દારુલ ઉલૂમની દક્ષિણ બાજુએ એક સાધારણ લાંબા હોલના કિનારે આ બુઝુર્ગ બેઠેલા હતા, અને હોલ તથા તેની બહારના વરંડા તથા સહનમાં અક઼ીદતમંદોની ખૂબ જ ભીડ હતી. (અત્યારે દારુલ ઉલૂમની ઈમારતનો નક઼શો બદલાય ગયો છે) મને યાદ નથી કે પિતા જ્યારે મારી આંગળી પકડીને દારુલ ઉલૂમ તરફ લઈ ચાલ્યા તો મારુ દિલ ડરના કારણે કાંપી રહ્યું હતું કે ખબર નહીં, અબ્બા મને શા માટે લઈ જઈ રહ્યા છે ! ક્યાં લઈ જઈ રહ્યા છે ! અને મારી સાથે શું થવાનું છે ?! અબ્બા મજમાને ચીરતા એ જગ્યાએ જઈ પહોંચ્યા જ્યાં એ હઝરત બેઠેલા હતા. ત્યાં મારી પાસે શું કરાવવામાં આવ્યું, શું પઢાવવામાં આવ્યું એ મને આજ સુધી ખબર નથી. પછી વરસો બાદ અબ્બાની કિતાબોમાં એક શજરા પર નજર પડી. ઉઠાવીને જોયું તો એના પર જાનશીને મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝા અઝહરી مدظلہ العالی લખેલું હતું અને અંદર ક્યાંક મુરીદની હૈસિયતથી મારું નામ લખેલું હતું. પછી અબ્બાએ જ બતાવ્યું કે તે નૂરાની સૂરતવાળા બુઝુર્ગ હઝરત અઝહરીમિયાં સાહબ ક઼િબ્લા હતા અને એ જ તમારા પીરો મુર્શિદ છે.

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہનો આ પ્રથમ નક઼શો હતો જે મારા દિલો દિમાગનાં પૃષ્ઠો પર ખેંચવામાં આવ્યો. ઘરમાં સવાર સાંજ આ'લા હઝરત તથા મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ચર્ચાઓ, આસપાસ મઝહબી માહોલની ખુશ્બુ, મારા સમવયવાળા કે અધિક વયવાળા લોકો મોટાભાગે હઝરત અઝહરી મિયાં સાહબ ક઼િબ્લાથી બયઅત પામેલા હતા જેથી મને પણ હઝરતની મુરીદી પર ફખ્રનો એહસાસ થવા લાગ્યો. જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ હઝરતના દીદારની ખ્વાહિશ માથુ ઉઠાવતી રહી, પણ એ સમયે એટલી સમજ ન હતી કે એકલા બરેલી શરીફ જઈને હઝરતથી મુલાકાત કરી લેવામાં આવે. અલ્બત્ત દિમાગમાં સતત એ રંજ રહ્યો કે બયઅતના શબ્દો મેં કેવી રીતે અદા કર્યા ?! કમસે કમ એકવાર હોશ હવાસની સાથે એ કલેમાતે તયબહની અદાયગી કરવી જ જોઈએ ત્યારે મારી બયઅત સંપૂર્ણ થશે. અક઼ીદતમંદોએ હઝરતને બોલાવવાની કોશિશ કરી પણ હઝરતની વ્યસ્તતાના કારણે તારીખ ન મળી. એકવાર એક ઈજલાસમાં હઝરતની તારીખ મળી ખરી પણ બરાબર સમય પર હઝરત તશરીફ ન લાવી શક્યા, તો તેમણે હઝરતના નાના ભાઈ મર્હૂમો મગફૂર મૌલાના ક઼મર રઝાખાંને મોકલી આપ્યા જે આપના હમશકલ હતા.

હઝરતના દીદારના શરફનો મોક઼ો મળી જ રહ્યો ન હતો એવામાં ઈ.સ. ૨૦૦૨ આવી ગયું અને એ જ વરસે દેશની મહાન દાનિશગાહ (ઈલ્મનું સેન્ટર) અલ્ જામિઅતુલ્ અશરફિયહ મુબારકપુરમાં દાખલો થઈ ગયો અને લગભગ એક મહિના બાદ જ હઝરત સદરુશ્શરીઅહ બદરુત્તરીક઼હ, લેખક બહારે શરીઅત હઝરત મુફ્તી અમજદ અલી રઝવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْના ઉર્સે પાકમાં શિર્કતના માટે ઘૌસી હાજરી થઈ. એ વરસે હઝરત ઉર્સ મુબારકમાં ઘૌસી તશરીફ લઈ ગયા. કુલ શરીફ પછી એલાન કરવામાં આવ્યું કે જે પણ હઝરતથી બયઅત થવા ચાહે તે થઈ શકે છે. જેથી મેં આ મોક઼ો ગનીમત જાણ્યો

**અઝ :** હઝરત મૌલાના સાદિક઼ રઝા મિસ્બાહી સાહબ | **અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

અને આ રીતે કેટલાય વરસો બાદ મારી બયઅતને દોહરાવી લીધી. હોશ હવાસની સાથે આ મારા પહેલા દીદાર હતા.

પછી ૨૦૦૩નું વરસ આવ્યું તો જામિઆ અશ્રફિયહની સામે રોડના કિનારે એક મેદાનમાં શાનદાર જલસાનું આયોજન થયું જેમાં શિર્કતના માટે હઝરત મુબારકપુર તશરીફ લઈ ગયા. અમો સર્વ તલબા અઝીઝુલ મસાજિદમાં નમાઝ અદા કરી રહ્યા હતા એવામાં હઝરતના આગમનનો શોર બુલંદ થયો. જમાઅત પૂર્ણ થતાં તલબા દીવાનાવાર દરવાજા તરફ ભાગ્યા. હઝરત, હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના મઝાર સામે પોતાની કારમાંથી ઉતરી રહ્યા હતા. મઝાર શરીફ પર હઝરતે હાજરી આપી. અમે લોકો મુત્મઈન હતા કે હઝરત હમણા થોડીવાર માટે જામિઆમાં રોકાણ કરશે તો અમને લોકોને ઝિયારતનો મોક઼ો આપવામાં આવશે. ઉસ્તાઝો તથા સંચાલકોએ ઘણા જ શોખ તથા ઉત્સાહભેર ઝિયાફતનો તથા ફયઝ ઉઠાવવાનો સર્વ સામાન કરી લીધો હતો, પણ હઝરત કોઈક કારણસર જામિઆ ન રોકાયા અને હાફિઝે મિલ્લતના મઝારથી ડાયરેક્ટ મુબારકપુર ચાલ્યા ગયા ! આ રીતે સર્વ તલબા, ઉસ્તાદો તથા વ્યવસ્થાપકો સર્વ મેહરૂમ રહી ગયા. બસ, મઝારે હાફિઝે મિલ્લત પર જ અમુક પળો દીદારનો શરફ હાંસલ થઈ શક્યો.

આ હઝરતનો બીજીવારનો દીદાર હતો. મુલાકાત કરવા તથા ફયઝ પામવા હજારોવાર ખ્વાહિશોએ અંગડાઈ લીધી પણ એ શોખની આગ કદી ન બુઝાઈ શકી. કમનસીબીથી હઝરતની આસપાસ એવા લોકો જમા થઈ ગયા જેમણે સામાન્ય પબ્લિકને તો શું ખાસ લોકોની પહોંચ પણ મુશ્કેલ બનાવી દીધી. પછી એક દિવસ ખ્વાહિશ પોતાની મંઝિલે જઈને મળી. પાંચ વરસો પહેલાં હઝરત સુન્ની દા'વતે ઈસ્લામની ઓફીસની સામે આવેલા કચ્છી મેમણ જમાઅત ખાનામાં તશરીફ લાવ્યા. એ દિવસોમાં પ્રોફેસર તાહિરુલ ક઼ાદરીના હિંદુસ્તાન આગમનની ચર્ચા જોરોમાં હતી. કચ્છી મેમણ જમાઅતખાનાના એક હોલમાં ઉલમા તથા ખાસ લોકો સાથે હઝરત તાજુશ્શરીઅહની મુલાકાતનો એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેથી હું પણ હાજર થઈ ગયો. હઝરત તશરીફ લાવ્યા અને પ્રો. તાહિરુલ ક઼ાદરીના બારામાં પોતાના અભિપ્રાયને પ્રદર્શિત કર્યો અને હાજર રહેલા ઉલમાને વઅઝ તથા નસીહત પણ કરી. ઉલમા તથા ખાસ લોકોને વારી વારી મુસાફ઼ા તથા દસ્તબોસીનો મોક઼ો પણ આપવામાં આવ્યો. જે પણ આલિમ દસ્તબોસીને માટે આગળ વધતા તો રઝા એકેડમીના બાની અલ્હાજ મુહમ્મદ સઈદ નૂરી સાહબ હઝરતને ઓળખ આપતા. જ્યારે મારી વારી આવી તો સઈદ નૂરી સાહબે હઝરતના કાનની નજીક મોં લઈ જઈને કહ્યું, ''આ મૌલાના સાદિક઼ રઝા મિસ્બાહી–પૂરનપૂર.'' મારી ખુશીનો કોઈ પાર ન રહ્યો કે કમસે કમ મારા પીરના સાંભળવામાં મારું નામ તો પહોંચ્યું ! આ મારી હઝરત સાથે પ્રથમ મુસાફ઼ા સાથેની મુલાકાત હતી અને આખરી પણ. ત્યારબાદ પછી કદી એ મોક઼ો નથી મળી શક્યો, અથવા કદાચ મારી વ્યસ્તતાને કારણે મેં કોશિશ જ નથી કરી.

કુદરતનું કરવું ૨૧ જુલાઈ ૨૦૧૮ જુમ્આનો દિવસ (૭–ઝી ક઼અદા હિ.સ. ૧૪૩૯) જ્યારે સાંજના દામનમાં પનાહ લઈ રહ્યો હતો બરાબર એ જ સમયે લગભગ ૭.૩૫ના સમયે હઝરતની હયાતનો તાર તૂટી ગયો અને તે ત્યાં ચાલ્યા ગયા જ્યાંથી કોઈ પરત આવતુ નથી. હઝરતની મક઼બૂલિયત એટલે જ ન હતી કે આપ ઈમામ અહમદ રઝા ક઼ાદરી બરેલ્વી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانْના ખાનવાદાથી હતા, બલ્કે આ મક઼બૂલિયતમાં મહત્વનો હિસ્સો આપના ઈલ્મી જાહોજલાલ તથા ફિક્રી મક઼ામનો પણ હતો. એ જ કારણે જેવી રીતે આમ લોકો અગણિત સંખ્યા

હઝરતથી બયઅતનો શરફ ધરાવે છે તેવી જ રીતે આલિમો તથા ફાઝિલો તથા મુફ્તિયાને કિરામ પણ ખૂબ મોટી સંખ્યામાં હઝરતના દામનથી સંબંધિત છે. કમસે કમ મારી નજરમાં અખંડ ભારતમાં તો કોઈ એવો આલિમ તથા શયખે તરીકત નથી જેનાથી ઉલમા તથા મુફ્તિયાને કિરામ આટલી મોટી સંખ્યામાં બયઅતનો શરફ ધરાવતા હોય, બલ્કે એને ગર્વનો સબબ પણ સમજતા હોય.

ખૂબ જ અધિક પ્રમાણમાં કામકાજ તથા ચિંતાઓની ભીડની વચ્ચે ઈલ્મી કામ કરવુ કોઈ મામૂલી વાત નથી. એને અમે હઝરતની કરામતથી તઅબીર કરીએ છીએ કે આપે લગભગ ૫૦ મહત્વની ઈલ્મી કિતાબોનું લેખન કાર્ય, અનુવાદ તથા અરબી રૂપાંતર કર્યું છે હઝરત મૌસૂફ સંપૂર્ણપણે એક ઈલ્મી માણસ હતા પણ સિલસિલાથી સંકળાયેલા, અક્રીદતમંદો તથા મુરીદોના બેહદ આગ્રહને કારણે તેમણે દેશ તથા વિદેશની સફરો પણ કરવી પડી. બલ્કે એવું કરવું યોગ્ય ગણાશે કે પોતાના જીવનનો એક મોટો હિસ્સો તેમણે સફરોમાં પસાર કર્યો. વિવિધ દેશોમાં તશરીફ લઈ ગયા અને સિલસિલાથી જોડાયેલાઓને તૃપ્ત કર્યા. દેશ વિદેશના લોકો વરસો વરસથી હઝરતની ઝિયારતના શોખમાં તેમની તારીખ લેતા અને જલસા કરીને તેમની ઝિયારત તથા પાકીઝા કલેમા (વાણી)થી મુશર્રફ થતા. આટલા પ્રમાણમાં સફરો કરવામાં હઝરત પાસે લેખન, સંપાદન તથા તર્જુમા માટે સમય જ ક્યાં બચે છે પરંતું માણસ કરવા ચાહે તો ઘણુ બધુ કરી શકે છે, બસ દઢ નિશ્ચય જરૂરી છે. સફર તથા ઉતારા પર જ્યારે પણ મોકો મળતો તો મેહફિલે લોહો કલમ સજાય જતી અને ઈલ્મો ફિક્રનાં મોતી કાગળનાં પૃષ્ઠો પર વિખેરાવા લાગતાં. કહેનારા કહે છે કે હઝરતને જે પણ લખાવવાનું હોતુ તેને ઈમ્લો કરાવતા (બોલીને લખાવતા) હતા. વાંચનારો લખાણ વાંચતો અને હઝરત અઘરામાં અઘરા અરબી તથા ફારસી લખાણનો તર્જુમો મિનિટોમાં લખાવી દેતા. નિઃશંક ! ઈલ્મો ફઝ્લમાં આપનો મકામ અત્યંત બુલંદ હતો. અને આ મામલામાં આપ પોતાના પર દાદા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા કાદરી બરેલ્વી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ના સાચા ઈલ્મી તથા રૂહાની વારિષ તથા જાનશીન હતા. આપ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની ચોથી પેઢીથી હતા અને ઈલ્મના રોશન ચિરાગ હતા જે દૂર દૂર સુધી પોતાની રોશની વિખેરતા રહ્યા.

હઝરત પર એક વાંધો એ ઉઠાવવામાં આવ્યો કે આપ ''હુકમ'' લાગુ કરવામાં જલ્દી કરે છે એના કારણે આમ તથા ખાસના એક મોટા વર્ગમાં હઝરતથી દૂરી પેદા થઈ, દિલોમાં ખટાશ પણ આવી ગયો. આ શિકાયતો અમુક મોટા લોકોની ઝબાની પણ સાંભળ વામાં આવી. પણ મારી અધૂરી સમજ પ્રમાણે એમાં હઝરતનો કોઈ વાંક નથી. હઝરત જેટલા પ્રમાણમાં મોટા હતા એટલા પ્રમાણમાં ભોળા, સીધા તથા શરીફ પણ હતા. દુનિયા સાથે તેમને કાંઈ લગાવ ન હતો અને ન દુનિયાની ચાલબાજીઓથી તેમને વાકેફિયત હતી. એમને ખબર જ ન હતી કે દુનિયાદારી પણ કોઈ ચીજ હોય છે. પણ એ જ દુનિયાદારીની આડમાં હઝરતને ન જાણે કેટલા લોકોથી દૂર કરી આપ્યા. રહી ગયો અવામને મુલાકાત ન કરવા દેવાનો શિકવો તો એ શિકવો તદન અસ્થાને છે. આપણી પબ્લિકે એ વાત સારી રીતે જાણી લેવી જોઈએ કે મોટી હસ્તીઓથી મુલાકાત કરવી તથા એમનાથી ફયઝ હાંસલ કરવો મુબારક અમલ છે પણ એનો એ મતલબ હરગિઝ નથી કે એના એમને તદન આઝાદી આપી દેવામાં આવે. તેમણે એ હકીકત સ્વીકારી લેવી જોઈએ કે દરેક હસ્તીનો પોતાનો એક અલગ મિજાઝ, માપદંડ, રસ, વ્યસ્તતા, મસાઈલ તથા પસંદગીઓ હોય છે અને તેની પૂરી જિંદગી એ જ બાબતોની પાછળ ઘુમતી રહે છે. હઝરત અઝહરી મિયાં સાહબ કિબ્લા અખંડ

ભારતની અનોખી તથા પ્રતિનિધિત્વ ધરાવતી (આગળ પડતી) શખ્સિયત હતા, જેથી એના એતબારથી તેમની સમક્ષ દીની, ઈલ્મી, કૌમી (મિલ્લી) અને ચિંતનાત્મક મસાઈલના અંબાર પણ હતા, જેથી પોતાની પસંદગી પ્રમાણે તે એનામાં મશગૂલ રહેતા. જાહેર છે કે જો આમ લોકોને શરફે બારયાબી (મુલાકાત)ની ખુલ્લી છૂટ આપી દેવામાં આવે તો હઝરતનું જીવવું મુશ્કેલ થઈ જાત. હઝરતની મક્બૂલિયત અને તેમની તબીઅત તથા મિઝાજને જોતાં એવી ઈજાઝત હરગિઝ યોગ્ય ન હતી.

અખંડ ભારતમાં હઝરત એકલી શખ્સિયત હતા જે આટલા મહાન ખાનવાદાના ચશ્મો ચિરાગ હોવાની સાથોસાથ એક મહાન આલિમે દીન તથા મુફતી અને બાફયઝ શૈખે તરીકત પણ હતા. તેમના ઈલ્મો ફઝલનો પોતાનાં તો પોતાનાં પણ ગૈરો પણ સ્વીકારનાર રહ્યા. પણ કેટલાક લોકોએ હઝરતના ઈલ્મો ફઝ્લ અને જાતી શરાફત, સચ્ચાઈ તથા સીધાપણાનો ફાયદો ઉઠાવીને અન્યોને નુકસાન પહોંચાડવાની જાણે અજાણે કોશિશ પણ કરી. સામે તો હઝરતને રાખવામાં આવ્યા પણ પર્દા પાછળ પોતાના દિલના ફોલ્લા ફોડવામાં આવ્યા ! પાકિસ્તાનના એક ઘણા જ મોટા મુફતી સાહબથી કોઈ શરઈ ચુક થઈ ગઈ. તેમની સાથે સમજાવટ પતાવટનો સિલસિલો ચાલુ હતો અને પોતાની ગલતીથી રુજૂઅ કરવાના જ હતા, પણ ખુશામદી અને મૂર્ખ અક્રીદતમંદોએ હઝરતને એ મુફતી સાહબના વિશે સવાલ પૂછી માર્યો. હઝરતે જવાબ પણ ઈનાયત કરી આપ્યો. મસ્અલો એ નથી કે હઝરતને સવાલ શા માટે પૂછવામાં આવ્યો, મસ્અલો એ હતો કે હઝરતની તબીઅત ખરાબ હતી, બોલવામાં પણ તકલીફ થઈ રહી હતી, મોંએથી અવાજ ન નીકળવા પામતો હતો, પણ યાર લોકો જબરદસ્તી હઝરતને પૂછી રહ્યા હતા. તેમની પાસે જબરદસ્તી બોલાવવામાં આવી રહ્યું હતું ! જાહેર છે કે કાઝીયુલ કુઝાત હોય તેની સામે મસ્અલાને જે સ્વરૂપમાં પૂછવામાં આવ્યો તો કાઝીયુલ કુઝાત એ જ સ્વરૂપને લક્ષમાં રાખીને જવાબ આપશે.

ઘણા બધા મામલાઓમાં હઝરત જરૂર ચાહતા હશે કે હિકમત તથા બસીરતથી કામ લેવામાં આવે. સમજાવટ પતાવટનો માર્ગ કાઢી લેવામાં આવે પણ લાભ ખાટનારા ખુશામદી લોકો એવું કેવી રીતે માન્ય કરતા ! તેમણે તો પોતાનો ઉલ્લૂ સીધો કરવાનો હતો. હઝરત કેમ કે શરઈ મામલામાં ઘણા જ બાગૈરત હતા અને વળી આપ કાઝીયુલ કુઝાત જેવા મહાન સ્થાન પર બિરાજેલ હતા, એટલા માટે તેમણે શરીઅતનો હુકમ વર્ણન કરવો જ પડતો હતો. એને એક દૃષ્ટાંત વડે સમજો :–

જ્યાં સુધી જુર્મ ઘરની અંદર થતો રહે, જ્યાં સુધી કાનૂનની નિગાહમાં ન આવી જાય ત્યાં સુધી તેને સજાને પાત્ર સમજવામાં નથી આવતો. પરંતુ તે જેવો કાનૂનની પકડમાં આવે છે તો સજાને પાત્ર બની જાય છે. આપણા સૌનો રોજનો અનુભવ છે કે માણસ વીજળી ચોરી કરી લે છે, ટેક્સ ચોરી કરે છે તથા અન્ય ગુનાહો પર પણ હાથ સાફ કરી જાય છે. ગવર્નમેન્ટને પણ સારી રીતે ખબર હોય છે કે એવું થઈ રહ્યું છે, પણ એ તે સમયે સુધી કાનૂનને હાથમાં નથી લેતી જ્યાં સુધી માણસ રંગે હાથ પકડાય ન જાય.

હઝરત અઝહરીમિયાં رحمۃ اللہ علیہની શખ્સિયત અખંડ ભારતમાં ''ઈસ્લામી કાનૂન''નો દરજો ધરાવતી હતી. આપ આપણા સમાજના ''ચીફ જસ્ટિસ'' હતા, તો એ કેવી રીતે શક્ય છે કે તેમણે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના હિકમત તથા બસીરતથી કોઈ હિસ્સો ન પામ્યો હોય. તે પોતાનાંઓ માટે નરમ હતા અને ગૈરોના માટે ગરમ. આખરી ઉમરમાં તબીયતની નાદુરસ્તી અને અનેક પ્રકારની વ્યસ્તતાના કારણે તેમને એટલી ફુરસદ ક્યારે હતી કે આપ અસલ મામલાઓની તથા હકીકતોની છાનબીન

કરાવતા પછી શરઈ હુકમ જારી કરતા ? એટલા માટે એમની સમક્ષ મસ્અલાની જે સ્થિતિ રજૂ થતી તેના જ પ્રમાણે હઝરત જવાબ ઈનાયત કરતા. પણ મુશ્કેલી એ પણ હતી કે જો અમુક લોકો બનાવની સહીહ સ્થિતિથી વાકેફ કરાવવા માટે હઝરતને મળવાના ખ્વાહિશમંદ પણ હોતા તો ઘેરાવો એટલા બનાવી દેવામાં આવ્યા હતા કે તે હઝરત સુધી જઈ શક્તા જ ન હતા. એટલા માટે દિલોમાં દૂરી વધતી ગઈ અને હઝરતને જાણ પણ ન થવા દેવામાં આવી કે બહાર શું થઈ રહ્યું છે. યાર લોકો એ જ ખુશફહમીમાં મગન રહ્યા કે આ જ "દીન" છે અને આ જ "શરીઅત" !

હઝરતના વિસાલ પર લાખો લોકો બરેલી શરીફ પહોંચ્યા. સર્વ ખાનક઼ાહોએ પણ અફસોસ તથા તઅઝિયત પ્રદર્શિત કરી. એમનામાં એ હઝરાત પણ સામેલ છે જેઓ હઝરતના મૌક઼ફને જરાય પસંદ કરતા ન હતા, પણ આપની ઈલ્મી મહાનતાઓને માનનારા હતા. અફસોસ કરનારાઓમાં હજારો લોકો તે પણ છે જેઓ જિંદગીભર હઝરતથી દૂર રહ્યા અને પોતાની આ રવિશમાં હાસિદો (ઈર્ષાળુઓ)માં પોતાની ગણના કરાવી બેઠા. હઝરતના વિસાલ પછી તેમના તરફથી ગમ તથા તઅઝિયત તથા અફસોસના પ્રદર્શન પર મહેણા ટોણા મારવાં તથા ભલુબુરુ કહેવું શું એ સમજદારોનું કામ છે ? શું હઝરત અઝહરીમિયાં સાહબ ક઼િબ્લા કેવળ (કહેવાતા) અક઼ીદતમંદોના જ છે ? યાદ રાખો, મહાન શખ્સિયતો કોઈની જાગીર નથી હોતા, તેમનો ફયઝ સૌના માટે આમ હોય છે. મારી દષ્ટિમાં પોતાના તથા પરાયાઓ સૌની તરફથી આટલી અધિકથી અધિક સંખ્યામાં અફસોસનું પ્રદર્શન હઝરતની ઈલ્મી અઝમત તથા તેમની મક઼બૂલિયતની ઘણી જ મોટી દલીલ છે. એટલા માટે લોકોને તોડવાનું નહીં જોડવાનું કામ કરો.

હઝરતનું એક ઘણુ જ મહત્વનું અને ક઼યામત સુધી બાકી રહેનારુ કારનામુ "જામિઅતુ ર્ઝા" છે. ઈમામ અહમદ રઝા, હુજ્જતુલ ઈસ્લામ તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہم اجمعین ના શહેરમાં આવા માયનાઝ ઈદારાની જરૂરત અરસાથી મહેસૂસ કરવામાં આવી રહી હતી. હઝરતે આ દિશામાં ધ્યાન કર્યુ. જામિઅતુર્રઝાના પ્લેટફોર્મથી હઝરતના કેટલાયે મહાન મનસૂબા તથા ખ્વાબ હતા. અમને યક઼ીન છે કે હઝરતના જાનશીન તથા સાહબઝાદા હઝરત મૌલાના અસ્જદ રઝા સાહબ હવે ખ્વાબોની તા'બીર બનીને સામે આવશે, ઈન્શાઅલ્લાહ !

*(સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, સપ્ટે. ૨૦૧૮)*

## હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ કે બતાએ હુએ કુછ વઝાઈફ

★ **ફજર કી નમાઝ કે વક઼્ત ઉઠનેકા વઝીફા :** ફજરમેં આંખ ખુલને કે લિયે મુઝે મેરે ઉસ્તાદ મુફતી અફઝલ હુસૈન સાહબને બતાયા કે **સૂરએ કહફ કી આખરી આયતોં** કી પાબંદી કરે તો ઈન્શાઅલ્લાહ ! આંખ વક્ત પર ખુલેગી ઔર ઉસીસે (નમાઝકી) પાબંદીકી ભી ઉમ્મીદ હૈ.

★ **હર તરહ કી બુરી નઝરસે બચને કે લિયે :** **સૂરએ ફલક઼** ઔર **સૂરએ નાસ** પળ્હા કરે.

★ **બુરે ખયાલત કે બારેમેં :** પૂછા ગયા કે, ઝયદ કો ઐસે ખયાલાત આતે હૈં જિનકા ઝબાન પર લાના ગુનાહ યા કુફ્ર હોગા. ક્યા ઝૈદ ગુનેહગાર હોગા ? ઔર ઈન ખયાલાત ઔર વસવસોંસે નજાત કે લિયે કોઈ વઝીફા બતા દેં. ફર્માયા : જબ તક દિલમેં ઉન ખયાલાત કો ન જમાએ યા ઝબાનસે ન બોલે, ઉસ પર કોઈ હુકમ નહીં. હૈ ઔર **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** પળ્હતા રહે. (વસવસે દૂર કરને કે લિયે)

★ **ગુસ્સા રોકને કે લિયે :** ગુસ્સા આએ તો ખળે હો તો બૈઠ જાએં, બૈઠે હો તો લેટ જાએં, દુરૂદ શરીફ કી કષરત કરેં.

★ **કારોબારમેં, રોઝીમેં રુકાવટ દૂર કરને કે લિયે : યા ફત્તાહુ યા અલ્લાહ ! હસ્બુનલાહુ વ નિઅમલ વકીલ** પળ્હતા રહે.

## બારગાહે رحمۃ اللہ علیہ તાજુશ્શરીઅહમાં ખિરાજે અક઼ીદત

કાર્યાલય

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّیْ عَلٰی حَبِیْبِهِ الْكَرِیْمِ

**શહઝાદએ હઝરત અહસનુલ ઉલમા અમીને મિલ્લત હઝરત અલ્લામા સૈયદ અમીન મિયાં સાહબ મારેહરવી બરકાતી** (ખાદિમ સજ્જાદા દરગાહ ક઼ાદરિયા બરકાતિયા મારેહરા શરીફ, ઝિલા—એટા, યુ.પી.) : વારિષે ઉલૂમ આ'લા હઝરત ક઼ાઈમ મક઼ામ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા અખ્તર રઝાખાં સાહબ અઝહરીમિયાં વિસાલ ફર્મા ગએ.

*અર્શ પર ધૂમેં મચીં વોહ મો'મિને સાલેહ મિલા*
*ફર્શ પે માતમ ઉઠે વોહ તૈયબો તાહિર ગયા*

અઝહરીમિયાં કા વિસાલ દુન્યાએ સુન્નિયતકા અઝીમ નુકસાન હૈ જિસકી તલાફી મુમ્કિન નહીં. હઝરતેવાલા કા ખાનક઼ાહે બરકાતિયા મારેહરા મુતહ્હેરા સે પાંચ પુશ્તકા તઅલ્લુક઼ થા. વાલિદે માજિદ હુઝૂર અહસનુલ ઉલમા عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُને અઝહરીમિયાં કો જુમલા સલાસિલે તરીક઼ત કી ખિલાફતો ઈજાઝતસે નવાઝા થા.

મૈં દિલ કી ગેહરાઈયોંસે મૌલ્વી અસ્જદરઝાખાં સાહબ ઉનકે એહલે બૈત, અહલે ખાનદાન ઔર જુમ્લા અહબાબે અહલે સુન્નત કો તા'ઝિયત પેશ કરતા હું.

રબ્બે ઝુલજલાલ ઉનકા નેઅમલ બદલ અતા ફર્માએ ઔર ઉનકે દરજાત બુલંદ ફર્માએ.

آمِیْن بِجَاهِ النَّبِیِّ الْكَرِیْمِ عَلَیْهِ اَفْضَلُ الصَّلٰوةِ وَ التَّسْلِیْمِ

૭ ઝીલ ક઼અહદ—૧૪૩૯ હિજરી મુતાબિક ૨૧ જુલાઈ ૨૦૧૮

**ચશ્મો ચિરાગે ખાનદાને બરકાત હઝરત અલ્લામા સૈયદ નજીબ હૈદરમિયાં સાહબ** (સજ્જાદાનશીન : ખાનક઼ાહે આલિયા બરકાતિયા કાદરિયા નૂરિયા મારેહરા શરીફ) : હમારે લિયે યેહ ખબર નિહાયત હી અફસોસનાક હૈ કે ખાનવાદએ આ'લા હઝરત કે ચશ્મો ચિરાગ મારૂફ આલિમે દીન વ શૈખે તરીકત હઝરત તાજુશ્શરીઆ અલ્લામા અખ્તર રઝાખાન અઝહરી ક઼ાદરી બરકાતી رحمۃ اللہ علیہ હમારે દરમિયાન નહીં રહે હઝરત તાજુશ્શરીઆ કી રેહલત દુન્યાએ સુન્નિયત કા એક અઝીમ નુકસાન હૈ.

વોહ એક મુતસલ્લિબ આલિમે શરીઅત ઔર બાઅમલ પીરે તરીક઼ત થે, જિનકે દમસે સુન્નિયત ન સિર્ફ હિંદુસ્તાન બલ્કે બેરૂને હિંદુસ્તાન બેહદ મઝબૂત થી. ખાનવાદએ બરકાત ખાનવાદએ રઝવિયા કે ઈસ ગમમેં સમીમે ક઼લ્બસે શરીક હૈ.

હઝરત તાજુશ્શરીઆ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ મેરે વાલિદ માજિદ કે બેહદ ચહીતે ખુલફામેં સે એક થે ઔર હઝરત તાજુશ્શરીઆ ભી વાલિદ માજિદ કી બારગાહમેં જિસ નિયાઝમંદીસે પેશ આતે થે વોહ યક઼ીનન આ'લા હઝરત વ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ અજમઈનસે ઈન્હેં વરષેમેં મિલા થા.

અલ્લાહ તબારક વ તઆલા જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ કો જવારે રહમતમેં ખાસ મક઼ામ અતા ફર્માએ ઔર ઉનકે વલી અહદ ઔર તમામ મુતવસ્સેલીન, મો'તક઼િદીન ઔર મુહિબ્બીન કો સબ્રે જમીલ કામિલ અતા ફર્માએ.

آمِیْن بِجَاهِ النَّبِیِّ الْكَرِیْمِ عَلَیْهِ اَفْضَلُ الصَّلٰوةِ وَ التَّسْلِیْمِ

❑ ❑ ❑

**હુઝૂર શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન હઝરત અલ્લામા મૌલાના મુફતી અશ્શાહ સૈયદ મુહમ્મદમદની અશરફી જીલાની (કિછૌછવી)** : મોઅતમદ ઝરાએઅસે અફસુર્દા ખબર મિલી કે ઈમામે એહલે સુન્નત, ઈમામ અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ કે શહઝાદે, આલમે

ઈસ્લામ કે મશ્હૂરો મઅરૂફ આલિમે દીન, મુફતી અખ્તર રઝા ખાં અઝહરી સાહબ નવ્વર લ્લાહુ તઆલા મર–કદ–હુ, જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانَ ઈસ દુન્યાએ ફાનીમેં ન રહે. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ

મુફતી અખ્તર રઝા અઝહરી સાહબ કી રેહલત બિલા શુબ્હા ઈલ્મી વ રૂહાની દુન્યામેં અઝીમ ખલા હૈ, જિસકા પૂરા હોના મુસ્તકબિલે કરીબ મેં નઝર નહીં આતા. અઝહરી સાહબને દીનો સુન્નિયત ઔર રૂશ્દો હિદાયત કી જો ખિદમાત અંજામ દી હૈં, યકીનન ! વોહ તારીખ કા એક અહમ હિસ્સા હૈં.

અલ્લાહ તઆલા અઝહરી સાહબ કે ઝરીએ દીનો સુન્નિયત કી રાહમેં કી ગઈ હર છોટી બળી ખિદમત કબૂલ ફર્માએ, આમીન....ઔર ઉનકે શહઝાદે અઝીઝે મુકર્રમ મૌલાના અસ્જદ રઝાખાં સાહબ ઔર દીગર પસમાન્દગાન, મુરીદીન, મોઅતકેદીન ઔર ખુલફા, તમામ કો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત સબ્રે જમીલ કી તૌફીક અતા ફર્માએ ઔર એહલે સુન્નત કો બદલા અતા ફર્માએ.

اٰمِیۡن بِجَاہِ النَّبِیِّ الۡکَرِیۡمِ عَلَیۡہِ اَفۡضَلُ الصَّلٰوۃِ وَ التَّسۡلِیۡم

**શરીકે ગમ** : ફકીરે અશરફી વ ગદાએ જીલાની અબુલ હમ્ઝા સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની વ ગદાએ અશરફી સૈયદ મુહમ્મદ હમ્ઝા અશરફ અશરફી કિછૌછવી ❑ ❑ ❑

**સદરુલ ઉલમા હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ સાહબ મિસ્બાહી**

*(નાઝિમે તા'લીમાત અલ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર, યુ.પી.)*

**સદ હૈફ મીરે કારવાં જાતા રહા :** તાજુશ્શરીઆ અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી કી રેહલત કા ગમ સિર્ફ એક ખાનદાન એક શહર યા એક મુલ્ક કા ગમ નહીં બલ્કે ઉનકી જુદાઈ પર પૂરી મિલ્લત સોગવાર હૈ.

દુન્યા કે મુખ્તલિફ મમાલિક ઔર બેશુમાર ખિત્તોમેં ઉનકે વિસાલ કે બાદ હી યે તા'ઝિયતી જલ્સોં ઔર ફાતિહા વ ઈસાલે ષવાબ કા સિલસિલા જારી રહા. આજ ૭ ઝિલ કઅદા મુતાબિક ૨૧ જુલાઈ ૨૦૧૮ શનિચર કી સુબ્હ કો અલ જામિઅતુલ અશરફિયા મુબારકપુરમેં ભી તિલાવતે કુર્આન ઈસાલે ષવાબ ઔર તા'ઝિયત કી મહફિલ દેર તક મુન્અકીદ હુઈ ફિર ઉલમા વ તલ્બા કી કષીર તાદાદ નમાઝે જનાઝામેં શિરકત કે લિએ બરેલી શરીફ રવાના હો ગઈ ઔર જામિઓમેં આજ ઔર કલકી તાતીલ (રજા) કર દી ગઈ.

મૈં અપને મુતઅલ્લિકા, તમામ ઈદારોં કી તરફસે હઝરત તાજુશ્શરીઆ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانَ કે અહલે ખાનદાન કો ખુસૂસન ઔર પૂરી મિલ્લતે ઈસ્લામિય્યા કો ઉમૂમન તા'ઝિયત પેશ કરતા હૂં. મૌલા તઆલા સબકો સબ્રે જમીલ વ અજરે જઝીલ સે નવાઝે ઔર હઝરત કે રૂહાની વ ઈલ્મી ફૈઝાનસે મુસ્તફીઝો મુસ્તનીર ફર્માએ.

اٰمِیۡن بِجَاہِ النَّبِیِّ الۡکَرِیۡمِ عَلَیۡہِ اَفۡضَلُ الصَّلٰوۃِ وَ التَّسۡلِیۡم

❑ ❑ ❑

**પીરે તરીકત શહનશાહે કલમ હઝરત અલ્લામા સૈયદ કમરૂદ્દીન સાહબ અશરફી દરિયાઈ કારંટવી :** (સરપરસ્ત : દારુલ ઉલૂમ શાહે આલમ, અહમદાબાદ) : નબીરએ આ'લા હઝરત તાજુશ્શરીઆ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝાખાન સાહબ (અઝહરીમિયાં) બરેલ્વી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانَ બેમિષાલ આલિમ બુલંદપાયા ફકીહ ઉમ્દા મુસન્નિફ ઔર બેહતરીન શાઈર થે. આપ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانَ કો અલ્લાહ તઆલાને બહોત સી ખૂબિયાં અતા ફર્માઈ થીં. અવામ ઔર ઉલમા દોનોંમેં આપ બેહદ મકબૂલ થે. આપ કે મુરીદોં ઔર અકીદતમંદોં કી તાદાદ લાખોં મેં હૈ. આપકી મકબૂલિયત કા અંદાઝા ઈસ બાતસે ભી લગાયા જા સકતા હૈ કે આપકે વિસાલ કી ખબર સુનતે હી દુન્યા ભર સે લાખોં મુસલમાન આપકે આખરી દીદાર

ઔર નમાઝે જનાઝામેં શિરકત કે લિએ બરેલી શરીફ પહુંચ ગએ. આપ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ ને દુન્યા કે બહોતસે મુલ્કોમેં તબ્લીગી દૌરા ફર્માયા ઔર મુસલમાનોં કે ઈમાનો અક઼ીદા કી હિફાઝત ફર્માઈ.

ઈ.સ. ૧૯૬૭મેં આપ પહલી બાર દારુલ ઉલૂમ શાહે આલમ કે નાઝિમે આ'લા ઔર બાની (સ્થાપક) જનાબ મર્હૂમ હાજી સુલૈમાન રઝવી કી દા'વત પર દારુલ ઉલૂમ શાહે આલમ કે ફારિગીન કી દસ્તારબંદી કે જલ્સામેં તશરીફ લાએ થે. ઔર આપને ફસીહ અરબીમેં શાનદાર ખિતાબ ફર્માયા થા. ઉસકે બાદ ભી આપ ઈદારા કે જલ્સેમેં કઈ બાર તશરીફ લાએ હૈં.

આપ (عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ) કે વિસાલ સે અહલે સુન્નત કા અઝીમ નુકસાન હુવા હૈ.

અલ્લાહ તઆલા હુઝૂર ﷺ કે સદકે મેં હુઝૂર તાજુશ્શરીઆ رحمۃ اللہ علیہ કી કબ્ર પર અપને અન્વારો રહમત કી બારિશ બરસાએ. આપકે દરજાત કો બુલંદ ફર્માએ. ઔર આપ કે ઘરવાલે, મુરીદીન, મોઅતકેદીન ઔર અવામે અહલે સુન્નત કો સબ્રે જમીલ અતા ફર્માએ. ઔર હમ સબકો આપકી તા'લીમાત પર અમલ કરને કી તૌફીક અતા ફર્માએ.

اٰمِیۡن بِجَاہِ النَّبِیِّ الۡکَرِیۡمِ عَلَیۡہِ اَفۡضَلُ الصَّلٰوۃِ وَ التَّسۡلِیۡمِ

❑ ❑ ❑

**શહઝાદએ શફીકે મિલ્લત પીરે તરીક્ત હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ હાશમીમિયાં બાપુ ક઼િબ્લા (પીરબાપુ), ઉના :** હુઝૂર તાજુશ્શરીઆ અલ્લામા વ મૌલાના મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાન સાહબ કિબ્લા બરેલ્વી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ કે વિસાલ સે સુન્નિયત કો બહોત બળા નુકસાન પહુંચા હૈ. આપ સુન્નિયત કી બહોત અઝીમ હસ્તી થી. આપને પૂરી દુન્યામેં દીનો સુન્નિયત કી અનમોલ ખિદમત અંજામ દી હૈ ઔર બદ્અકીદા લોગોંસે અહલે સુન્નત વ જમાઅત કે ઈમાનોં અકીદત કી હિફાઝત ફર્માઈ હૈ. આપ કી ખિદમત આફતાબ (સૂર્ય) કી તરહ રોશન હૈ જિનકો હમ ભૂલા નહીં સકતે.

અલ્લામા અઝહરી સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ કે જનાઝા કી નમાઝમેં ઈત્ની બડી તાદાદમેં મુસલમાનોંને શિરકત કી કે આજ તક ઈત્ની બડી તાદાદ (સંખ્યા)મેં કિસી કે જનાઝા કી નમાઝ શરીક નહીં હુઈ. યક઼ીનન ! યહ આપ કે મક઼બૂલિયત કી ખુલી દલીલ હૈ.

લોગોં કે દિલોમેં આપકી અક઼ીદતો મહબ્બત કિસ કદર બસી હૈ કે આપ કે વિસાલ કી ખબર સુનતે હી બહોત બળી તાદાદમેં લોગ બસ, ટ્રેન, હવાઈ, જહાઝ કે ઝરીઆ બરેલી શરીફ કે લિએ રવાના હો ગએ. અલ્લાહ તઆલા હુઝૂર તાજુશ્શરીઅહ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ કા જન્નતુલ ફિરદૌસમેં આ'લા મકામ અતા ફર્માએ, ઔર આપ કે સદક઼ે અહલે સુન્નત વ જમાઅત કી હિફાઝત ફર્માએ.

اٰمِیۡن بِجَاہِ النَّبِیِّ الۡکَرِیۡمِ عَلَیۡہِ اَفۡضَلُ الصَّلٰوۃِ وَ التَّسۡلِیۡمِ

❑ ❑ ❑

**ફક઼ીહે અસ્ર પીરે તરીકત હઝરત અલ્લામા મુફ્તી ઉબૈદુર્રહમાન સાહબ રશીદી** (સજ્જાદાનશીન : ખાનક઼ાહે રશીદિયા, જોનપુર, યુ.પી.) : જુમ્આએ મુબારકા કે દિન નમાઝે મગરિબ કે બાદ નબીરએ આ'લા હઝરત જાંનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુફ્તી મુહમ્મદ અખ્તર રઝાખાન સાહબ કાદરી અઝહરી કે વિસાલ કી ખબર મૌસૂલ હુઈ. اِنَّا لِلّٰہِ وَ اِنَّاۤ اِلَیۡہِ رَاجِعُوۡنَ સુનકર બહોત અફસોસ હુવા, મૌલા તઆલા મૌસૂફ કી મગફિરત ફર્મા કર જન્નતમેં આ'લા મક઼ામ અતા ફર્માએ. (આમીન)

હઝરત મૌસૂફ ખાનવાદએ રઝવિય્યા કે નામવર ફર્દ થે, આ'લા હઝરત શાહ ઈમામ અહમદ રઝાખાં કાદરી બરેલ્વી قُدِّسَ سِرَّہُ الۡعَزِیۡز કે સિલસિલએ ઈલ્મી વ રૂહાની અહદ સુતૂન થે ઔર જમાઅતે અહલે સુન્નત કે

મારૂફ આલિમે દીન ભી. આપ કે ઈન્તેક઼ાલ સે જમાઅતે અહલે સુન્નતમેં એક ખલા વાક઼ેઅ્ હુઈ હૈ. આપને મુખ્તલિફ જેહાતસે દીનો મસ્લક કી ખિદમાત અંજામ દી હૈ જો બિલાશુબ્હા ક઼ાબિલે ક઼દ્ર હૈ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતસે દુઆ હૈ કે ઉનકે પસમાન્દગાન ઓર જુમ્લા લવાહેકીન કો સબ્રે જમીલ અતા ફર્માએ.

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْم

❑ ❑ ❑

**શહઝાદએ અમીરે અહલે સુન્નત પીરે તરીક઼ત હઝરત અલ્લામા અલ્હાજ ગુલ્ઝાર અહમદ નૂરી સાહબ કિબ્લા (જૂનાગઢ) :** ફર્માને ઈલાહી હૈ : (તર્જુમા) : બેશક ! હર નફ્સ કો મૌત કા મઝા ચખના હૈ. યહ અલ્લાહ તઆલા કા મુસ્તહકમ ઔર લાફાની ક઼ાનૂન હૈ જિસે કિસી ન કિસી તરહ અપનાના હી હૈ. ઈ સ ક઼ાનૂનસે કોઈ ભી નફ્સ (જાન) રાહે ફરાર ઈખ્તિયાર નહીં કર સકતા હૈ. ઈબ્તિદાસે ક઼િયામત તક આનેવાલે હર ફર્દ કો મૌત કા મઝા ચખના હૈ.

૭, ઝીલ કઅદા ૧૪૩૯ બરોઝ સનીચર કો વારિષે ઉલૂમે આ'લા હઝરત જાંનશીને હુઝૂર મુફતીએ આ'ઝમ તાજુશ્શરીઆ હઝરત અલ્લામા અખ્તર રઝાખાન અઝહરી قُدِّسَ سِرُّہُ الْعَزِیْز કુર્આન કે ઈસ એલાન પર લબ્બૈક કહતે હુએ અપને માલિકે હક઼ીક઼ી સે જા મિલ. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

હુઝૂર તાજુશ્શરીઆકી ઝાતે બા બરકાત ન સિર્ફ હિંદ બલ્કે બૈરૂને હિંદ (વિદેશ)મેં ભી એક બડે આલિમ, અઝીમ ફક઼ીહ ઔર રૂહાની પેશ્વા કી હૈસિયતસે જાની ઔર માની જાતી થી. આપકે દામનસે વાબસ્તા લોગોં કી તાદાદ બેશુમાર હૈ. આપકા વિસાલ આપકે અહલેખાના (ઘરવાળાઓ) ઔર મુરીદીન કે લિએ એક અઝીમ હાદસા ઔર મિલ્લતે ઈસ્લામિયા કા અઝીમ નુકસાન હૈ.

અલ્લાહ તઆલા કી બારગાહમેં દુઆ હૈ કે હુઝૂર ﷺ કે સદક઼ે હુઝૂર તાજુશ્શરીઆ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان કે દરજે બુલંદ ફર્માએ, ઔર આપકે ઘરવાલે ખુસુસન અલ્લામા અસ્જદ રઝાખાન સાહબ ઔર તમામ મુરીદીન કો સબ્રે જમીલ અતા ફર્માએ.

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْم

❑ ❑ ❑

**અઝ : ખાનકાહે અશ્રફિયહ હસનિયહ સરકારેકલાં કછોછા શરીફ :** (મોઅર્રિખા : ૧૧ ઝી ક઼અદા, હિ. ૧૪૩૯, અં.તા. ૨૪–૭–૨૦૧૮) : અઝીઝુલ ક઼દર મૌલાના અસ્જદ રઝાખાં સાહબ ! અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહિ વબરકાતુહ. ૭ ઝી ક઼અદા હિ. ૧૪૩૯, અ.તા. ૨૦–૭–૨૦૧૮કી શામ ન સિર્ફ ખાનવાદએ રઝવિય્યહ કે લિએ શામે ગમ બન કર આઈ બલ્કે પૂરી જમાઅતે અહલે સુન્નતકે લિએ રંજો અલમકા પયગામ લે આઈ કે આપકે વાલિદે ગિરામી આલમી શોહરત યાફતા ઈલ્મી અબ્ક઼રી શખ્સિયત, અમીને ઉલૂમે આ'લા હઝરત, હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝામાં અઝહરી رحمۃ اللہ علیہ ને દાઈએ અજલકો લબ્બૈક કહા. اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ મૌત બરહક઼ હૈ ઔર નફસકો ઉસકા મઝા ચખના હૈ. મૌત એક ઐસા પુલ હૈ જિસકો ઉબૂર કરકે હી મોમિન વિસાલે હબીબકી લઝ્ઝતોંસે શાદકામ હો સકતા હૈ.

لکل امۃ اجل اذاجاء اجلھم فلایستاخرون ساعۃ ولایستقدمون

હમારે રબકા અટલ ફૈસલા હૈ જિસકે સામને હમ સબકે સરે તસ્લીમ ખમ હૈં. સબ્રો શુક્ર બંદએ મોમિન કા હથિયાર હૈ.

આપકે વાલિદે માજિદકે વિસાલે પુરમલાલ પર હમ આપકે રંજોગમમેં શરીક હૈં. પૂરે ખાનવાદાએ રઝવિય્યહ ઔર ખુસૂસન આપકો તા'ઝિયત પેશ કરતે હુએ અલ્લાહ ગફૂરો રહીમસે દસ્ત બદુઆ હૈં કે અપને હબીબે પાક ﷺ ઔર ઉનકી આલ અત્વારકે વસીલેસે હઝરત અઝહરી મિયાંકી જુમ્લા દીની ઈલ્મી ખિદમાતો

હસનાત કો કુબૂલ ફર્માએ. ઉન્કી મગફિરત ફર્માકર ઉન્હે જન્નતુલ ફિરદૌસમેં જગહ ઈનાયત ફર્માએ. ઉન્કે જુમ્આ પસમાંદગાનકો સબ્રે જમીલ અતા ફર્માએ. આમીન યા મુજીબુદ્અવાતુલ મુઝતરીન બવસીલતિન્નબિય્યિક વ રસૂલિક સૈયદિલ મુરસલીન વસ્સલાતુ વસ્સલામુ અલૈહ વ અલા સહ્બિહી વ ઈત્રતિહી વ ઝિલ્ક્રાબતિહી અજમઈન.

**શરીકે ગ્મ :** *ફક્રીર અશરફી વ ગદાએ જીલાના – અબુલ મુખ્તાર સૈયદ મહમૂદ અશરફ, સજ્જાદાનશીન ખાનકાહે આલિયહ અશ્રફિયહ – દરગાહ કછોછા શરીફ.*

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْمِ

❑ ❑ ❑

**સાબિક્ સજ્જાદાનશીને દરગાહે આ'લા હઝરત હઝરત કિ્બ્લા મૌલાના સુબ્હાની મિયાંકી તરફસે ખિરાજે અક્રીદત :** હઝરતને ફર્માયા કે હુઝૂર તાજુશ્શરીઅહ સચ્ચે જાનનશીને મુફતીએ આ'ઝમે હિંદ થે. આ'લા હઝરત કે ઉલૂમ ઔર ફુનૂનકે સચ્ચે વારિસ થે. વહ હમારે ખાનદાનકી ઈઝ્ઝત ઔર ફખ્ર તો થે હી, સારી દુન્યાકે સુન્નિયોંકી શાન ભી થે. ઉનકી દીનદારી ઔર પરહેઝગારી બેમિષાલ થી. યહ મર્કઝકી આન બાન થે. (બતાયા કે) ઉન્કે વાલિદ રયહાને મિલ્લતકે વિસાલકે બાદ ઉન્હેં યતીમ હોનેકા એહસાસ નહીં હુવા થા, મગર આજ ઐસા લગ રહા હે કે વહ સચમુચ યતીમ હો ગયે. ઉન્કે ચચાજાન અઝહરી મિયાં કે ઈન્તેકાલસે પૂરી દુન્યાએ ઈલ્મો ફનકા બળા નુકસાન હુવા હે જિસ કી ભરપાઈ મુશ્કિલ હે.

*(રવિવાર, ૨૨–૭–૧૮ કે હિંદી ઉર્દૂ અખ્બાર બરેલી)*

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْمِ

❑ ❑ ❑

**જામિઆ નૂરીયા રઝવિય્યહ–બરેલી કે બાની તાજુશ્શરીઅહકે સગે ભાઈ હઝરત મૌલાના મન્નાન રઝા મન્નાની મિયાં** مدظلہ العالی **ને ખિરાજે અક્રીદત પેશ કરતે હુએ બતાયા કે :** વહ પાંચ ભાઈ થે, અબ દો હી ભાઈ રહ ગયે થે, વહ ઔર તાજુશ્શરીઅહ અઝહરી મિયાં. ભાઈ હોનેકે સાથ વહ ઉનકે ઉસ્તાદ ભી થે. વહ ઉનકે નૂરીયા રઝવિય્યહ દારુલ ઈફતાકી તામીરમેં ભી શામિલ રહે. મુફતીએ આ'ઝમે હિંદને જબ ઉન્હેં અપની ખિલાફત દી તો અઝહરીમિયાંને ઉનસે કહકર મુઝે ભી ખિલાફત દિલવાઈ. સભી ભાઈયોંમેં બહુત મહબ્બત થી. તાજુશ્શરીઅહ ખાનદાનકી બળી શખ્શિયત થે. સબસે બળે આલિમે દીન ઔર ઈમામ થે. યૂં તો સભી આલિમ અલ્લાહકી નેઅમત હોતે હેં લેકિન "તાજુશ્શરીઅહ સબસે બળી નેઅમત થે." અબ ઉનકે ચલે જાને સે ઈસ્લામી દુન્યામેં એક બળા ખલા હુવા હે. યહાં આ'લા હઝરત કે દાદા રઝા અલી ખાનને દારુલ ઈફતા ક્રાઈમ કિયા થા જહાંસે ૧૫૦ સાલસે ફત્વે દિએ જા રહે હેં. દાદા પર દાદાકી ઈસ વિરાસતકો તાજુશ્શરીઅહને સંભાલા થા.

*(રવિવાર, ૨૨–૭–૧૮ કે હિંદી ઉર્દૂ અખ્બાર, બરેલી)*

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْمِ

❑ ❑ ❑

## અઝહરીમિયાંકા વિસાલ સુન્નિયતકા બળા નુકસાન !

**દરગાહે આ'લા હઝરત સજ્જાદાનશીન મુફતી અહસન રઝાખાં ક્રાદરી (S/o. સુબ્હાનીમિયાં)ને કહા કે :** તાજુશ્શરીઅહ મુફતી અખ્તરરઝાં અઝહરી મિયાં કે દુન્યાએ ફાનીસે કૂચ કરને કા ઉન્હેં બહુત ગમ હે. મર્કઝે અહલે સુન્નતને એક અહમ શખ્શિયતકો ખો દિયા હે. ઉનકે વિસાલસે સુન્નિયતકા બળા નુકસાન હુવા હે જિસકી ભરપાઈ મુશ્કિલ હે. હઝરત તાજુશ્શરીઅહ અપની પૂરી ઝિંદગી મસ્લકે આ'લા હઝરત ઔર સુન્નિયતકે ફરોગ કે લિયે કામ કરતે રહે. અલ્લાહ ઉન્કે દરજાતકો બુલંદ ફર્માએ, ઉનકે ચાહનેવાલોંકો ભી સબ્રે જમીલ અતા ફર્માએ. (હવાલો : ઉપર મુજબ)

**હઝરત અલ્લામા ડો. આસિફ જલાલી (તેહરીકે લબ્બૈક યા રસૂલલ્લાહ ! ﷺ પાક.) ફર્માતે હૈં :** બળી અફસોસનાક ખબર સુની યકીનન ! અહલે ઈસ્લામકે લિએ અહલે સુન્નત વ જમાઅતકે લિયે યે બળી દુઃખ ઔર દર્દકી ખબર હૈ કે મર્કઝે અહલે સુન્નત બરેલી શરીફમેં મુફતીએ આ'ઝમે આલમે ઈસ્લામ હુઝૂર તાજુશ્શરીઅહ મુહમ્મદ અખ્તર રઝા ખાન કાદરી રઝવી رحمۃ اللہ علیہ આજ ઈસ આલમે ફાનીસે રુખસદ હો ગએ. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ આપ આલમે ઈસ્લામકી વહ શખ્શિયત થે જિનકા સાયા પૂરે આલમે ઈસ્લામ પર થા. મુજદિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ કે ખાનવાદામેં આપ એક મુન્ફરિદ મકામકે હામિલ થે. ઉલૂમે આ'લા હઝરતકા ખુસૂસી હિસ્સા આપકો મિલા થા. આપને અપને ઈલ્મ ઔર કલમસે બળે બળે ફિત્નોંકા જવાબ દિયા ઔર પૂરી દુન્યામેં આપને હક્કકે ઝંડે બુલંદ કિયે. હુઝૂર તાજુશ્શરીઅહ, બંદા નાચીઝકો આપસે ઈજાઝતકા શર્ફ ભી હાસિલ હૈ ઔર બારહા હિજાઝે મુકદ્દસમેં આપ સે મુલાકાત ભી હૂઈ. આપ સિર્ફ મેરે હી નહીં પૂરે આલમે ઈસ્લામકે અઝીમ ઈલ્મી રૂહાની પેશવા થે. આપને પૂરી ઝિંદગી અહકાકે હક્ક ઔર ઈબતાલે બાતિલકે અંદર બસર કર દી. આલમે ઈસ્લામકો અપને ફુયૂઝો બરકાતસે માલામાલ કિયા. ઈસ વકત આપ દુન્યાસે રુખસદ હો ચુકે હૈં લેકિન ઝિંદગીભર આપને ઈશ્કે રસૂલ ﷺ કી સૌગાત દુન્યામેં તકસીમ કી ઉસકે ચરાગ ઈન્શાઅલ્લાહ ! સીનોમેં જલતે રહેંગે. આપને અપને કલમસે જો સૌગાત તૈયાર કી અહલે ઈલ્મકે લિયે અહલે સુન્નત વ જમાઅત કે લિયે વો સૌગાત કિયામત તક કે લિએ ઈન્શાઅલ્લાહ ઉનકો મહઝૂઝ કરતી રહેગી. આપને જિન આખોંમેં સુરમા લગાયા કુર્આનો સુન્નતકે નૂરસે તો યકીનન ! વો આંખ ઔરોંકે લિયે ભી મુર્શિદ ઔર રહનુમાકા કિરદાર અદા કરતી રહેગી. આપ અગર ચે ઈસ આલમે ફાનીસે રુખસદ હુએ, વિસાલ ફર્મા ગએ, ઈકબાલ કહતે હૈ :

*તુખમેં ગુલકી આંખ ઝેરે ખાક ભી બેખ્વાબ હૈ*
*કિસ કદર નસો નુમા કે વાસ્તે બેતાબ હૈ ?*
*સર્દીયે મર્કદસે ભી અફસુર્દા હો સકતા નહીં*
*ખાક મેં દબકર ભી અપના સોઝ ખો સકતા નહીં*
*ફૂલ બન કર અપની તુર્બતસે નિકલ આતા હૈ યહ*
*મૌતસે ગોયા કબાએ ઝિંદગી પાતા હૈ યહ*

ઝાહિર હૈ કે ઈસ વકત આલમે ઈસ્લામકો એક સદીદ ગમ પહુંચા હૈ ખાનવાદાએ આ'લા હઝરત અઝીમુલ બરકત પર જો કયામત તૂટી હૈ ઉસકા તસવ્વુર હમ નહીં કર સકતે. હમ હઝરત મન્નાની મિયાંસે જો હુઝૂર તાજુશ્શરીઅહકે બિરાદરે મોહતરમ હૈ ઔર હઝરત સાહબઝાદા અસ્જદ મિયાંસે થે હુઝૂર તાજુશ્શરીઅહકે લખ્તે જિગર હૈ તા'ઝિયત ગુઝાર હૈં. મૈં અપની તરફસે "તેહરીકે લબ્બૈક યા રસૂલલ્લાહ !" ﷺ ઔર તેહરીક લબ્બૈક ઈસ્લામ કે લાખોં કારકુનાનકી તરફસે ખાનવાદાએ આ'લા હઝરતસે તાઝિયત ગુઝાર હું ઔર આ'લા હઝરત ઔર હુઝૂર તાજુશ્શરીઅહ કે બુલંદિએ દરજાતકી દુઆ કર રહા હું........ (અલ્લામા ડો. આસિફ જલાલી, તેહરીક લબ્બૈક યા રસૂલલ્લાહ ! ﷺ પાકિસ્તાન)

❑ ❑ ❑

**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ને ઈન અલ્ફાઝમેં તા'ઝિયત પેશ કી :** અસ્સલામુ અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતુહૂ. અભી અભી યહ ઈત્તેલા મૌસૂલ હૂઈ કે હુઝૂર તાજુશ્શરીઅહ વારિસે ઉલૂમે આ'લા હઝરત, હઝરત અખ્તર રઝાખાં અઝહરી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُ દારે ફાનીસે દારે બકાકી તરફ કૂચ કર ગએ. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ ફિક્રે રઝાકા યે અઝીમ દાઈ જબ તક ઈસ ફર્શે ગીતી પર જલ્વાગર રહે દુન્યાકો ઈમામે ઈશ્કો મહબ્બતકે ફયઝાનસે માલામાલ કરતે રહે ઔર ઈશ્કે મુસ્તફા ﷺ કા ચિરાગ લોગોંકે સીનોંમેં રોશન કરતે રહે. અલ્લાહ તઆલા હુઝૂર તાજુશ્શરીઅહકો કરવટ કરવટ જન્નતકે જલ્વે નસીબ ફર્માએ. ઉનકી કબ્ર પર અન્વારો તજલ્લિયાતકી બારિશેં

બરસાએ ઔર પરવરદિગાર જુમ્લા મુતઅલ્લિકીનકો સબ્રે જમીલ નસીબ ફર્માએ. બિલ ખુસૂસ અહલે ખાનાકો ઔર ખાસ તૌર પર મૌલાના અસ્જદ રઝા સાહબકો સબ્રે જમીલ નસીબ ફર્માએ. મૈં સુન્ની દાવતે ઈસ્લામીકે જુમ્આ મુબલ્લિગીન ઔર સુન્ની દા'વતે ઈસ્લામી કે જુમ્લા ઈદારોંકે જિમ્મેદારાનસે ગુઝારિશ કરતા હૂં કે આપ અપને અપને ઈદારોંમેં અપને અપને હલકેમેં, અપને અપને ઈલાકેમેં હુઝૂર તાજુશ્શરીઅહકે લિયે ઝરૂર બિઝ્ઝરૂર કુર્આન ખ્વાનીકા એહતેમામ કરેં, ઈસાલે ષવાબ કા એહતેમામ કરેં, ઝયાદાસે ઝયાદા કુર્આને મુકદ્દસ, દુરૂદે મુબારકા પઢકર ઉનકી બારગાહમેં ખિરાજે અકીદત પેશ કરેં. યહ બાત અચ્છી તરહ યાદ રખેં કે ઈન્શાઅલ્લાહુલ અઝીમ ઉન્કે ફુયૂઝો બરકાતકા સિલસિલા જબ તક વો ઝમીન પર થે તબ ભી જારી થા ઔર ઈસ દુન્યાસે કૂચ કરનેકે બાદ કબ્રે અન્વરસે ભી ઉન્કે ફુયૂઝો બરકાતકા સિલસિલા જારી વ સારી રહેગા. અલ્લાહ તઆલા આકાએ કરીમ ﷺકે સદકાઓ તુફૈલ હુઝૂર તાજુશ્શરીઅહ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُકો સરકાર ﷺકે પળોસમેં જગા નસીબ ફર્માએ ઔર મેદાને મેહશરમેં આકાએ કરીમ ﷺકે કુર્બકી દૌલતસે માલામાલ ફર્માએ. *–ફકીર મુહમ્મદશાકિર નૂરી, ખાદિમ સુન્ની દા'વતે ઈસ્લામી* ❑ ❑ ❑

**હઝરત અલ્લામા સૈયદ જીલાની મિયાં અશરફી કછોછવી** : આહ ! તાજુશ્શરીઅહ ! اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ સહીહ યહી હૈ કે યહ એક આલિમકી નહીં આલમકી મૌત હૈ ! બરેલી શરીફકી મર્કઝી વ મોહકમ ઝાત ન રહી ! અપને આબા વ અજદાદ કા શજરે સાયાદાર ન રહા ! હઝરત કિબ્લાગાહી જમાઅતે અહલે સુન્નત સવાદે આ'ઝમમેં અપની અઝીમત વ અબ્કરિયતમેં આ'લા મકામકે હામિલ થે. શરીઅતે મુતહ્હરાકી પાસદારીમેં કિસી લવમતુલ અઈમ સે બે નિયાઝ અપના મઝબૂત મૌકફ રખતે થે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ કે મસ્લક વ મિશને ઈલ્મ વ તેહકીક કે સચ્ચે વારિષ થે હઝરત અઝહરી મિયાં ! હક્ક યહ હૈ કે ન સિર્ફ બરેલી બલ્કે પૂરે બર્રે સગીર ઔર યૂરોપો અફ્રિકા કો નાકાબિલે તલાફી ખસારા હુવા હૈ જિસકી ભરપાઈ મુશ્કિલ હૈ. ખાનવાદએ અશરફિયા ગમઝદા બરેલીકે ખાનવાદા રઝવિય્યહ બિલ ઉમૂમ, ઔર સાહિબઝાદા અસ્જદ સાહબ વ પૂરી ફેમેલીકે બિલ્ખુસૂસ ઈસ અઝીમ ગમમેં બરાબરકા શરીક હૈ ઔર દુઆગો હૈ કે મૌલા તઆલા હઝરત તાજુશ્શરીઅહકી મગફિરત ફર્માએ, જન્નતુલ ફિરદોસમેં આ'લા મકામ અતા ફર્માએ ઔર તમામી પસમાંદગાન વ અહલે ખાનદાનકો સબ્રે જમીલકી તૌફીક અતા ફર્માએ ઔર દુન્યાએ સુન્નિયતકો તાજુશ્શરીઅહકા નેઅમલ બદલ અતા ફર્માએ. આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન શફીઈલ મુઝનબીન અલૈહિત્તહિય્યતુ વત્તસ્લીમ. સોગવાર ઔર ગમઝદા : ફકીર અશરફી સૈયદ મુહમ્મદજીલાની અશરફ કછોછવી, અંબેડકર નગર, યુ.પી.

❑ ❑ ❑

**શાહઝાદાએ ગાઝીએ મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ શાહ સૈયદ મુહમ્મદનૂરાની મિયાં અશરફીયુલ જીલાની** : અહલે ખાનવાદા ઔર કુછ ખૈર ખ્વાહ અહબાબસે યહ અફસોસનાક ખબર મૌસૂલ હુઈ કે વારિષે ઉલૂમે આ'લા હઝરત હઝરત મુફતી અખ્તર રઝાખાન કાદરી ઉર્ફે અઝહરી મિયાં સાહબ ઈસ દારે ફાનીસે મુલ્કે જાવેદાનીકી જાનિબ કૂચ ફર્મા ચુકે હૈં. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ યે સાનહા યકીનન ! ન સિર્ફ ખાનવાદાએ રઝવિય્યહ કે લિયે ધચકા હૈ બલ્કે બર્રે સગીરકે જુમ્લા અહલે સુન્નતકે લિએ શદીદ ગમકા સબબ હૈ. અલ્લામા મૌસૂફકા વિસાલ બિલા શુબ્હા એક બળા ઈલ્મી વ રૂહાની ખસારા હૈ જિસકા ઈઝાલા ઈસ દૌરે કહ્તુર્રિજાલમેં નામુમ્કિન સા નઝર આતા હૈ. રબ તઆલાકી રહમતસે ઉમ્મીદ હૈ કે આપકી ઈલ્મી વ મિલ્લી ખિદમતકે સબબ આપકો તાદેર યાદ રખા

જાએગા. બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમેં દુઆગો હૂં કે મૌલા કરીમ અપને મહબૂબ ﷺકે સદકા વ તુફૈલ આપકે અહલેખાના નીઝ મુરીદીન વ મુતઅલ્લિકીન કો સબ્રે જમીલ અતા ફર્માએ ઔર આપકે જાનશીનકો ખાનવાદાએ આ'લા હઝરતકી મુકમ્મલ ઈલ્મી તર્જુમાનીકા મુતહમ્મિલ બનાએ. આમીન યા રબ્બલ આલમીન બિજાહિ સૈયિદિલ મુર્સલીન ﷺ.

**શરીકે ગમ :** *અબુલ ફૈઝ સૈયદ મુહમ્મદ નૂરાની અશરફીયુલ જીલાની ઈબ્ને સૈયદ મુહમ્મદ હાશમી અશ્રફીયુલ જીલાની–કછોછા શરીફ.*

❑ ❑ ❑

**હઝરત મોઈનુદીન અશરફ અશરફી જીલાની, સજ્જાદાનશીન ખાનકાહે અશ્રફિયા–કછૌછા શરીફ :** મુકર્રમી હઝરત મૌલાના અસ્જદ રઝા સાહબ કિબ્લા, અસ્સલામુ અલૈકુમ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહ, ૨૦ જુલાઈ જુમ્આકી શામ આપકે વાલિદ માજિદ તાજુશ્શરીઅહ જાનશીને મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝાખાં અઝહરી કે વિસાલ પુર મલાલ કી ખબરને અહલે સુન્નતકો મગમૂમ કર દિયા. અહલે સુન્નતકે લિયે એક અઝીમ સાનહા હૈ જિસકી તલાફીકી બઝાહિર કોઈ સૂરત નઝર નહીં આતી. વો દૌરે હુઝૂરમેં બર્રે સગીરકે મુફતીએ આ'ઝમ થે બલ્કે બૈરૂને મુલ્કકે ઉલમા વ ફુકહા ભી ઉનસે રુજૂઅ કરતે ઔર હઝરત તાજુશ્શરીઅહ ઉનકા તશફ્ફી બખ્શ જવાબ ઈનાયત ફર્માતે. હઝરતકે વિસાલે પુરમલાલસે આપ હઝરાતકો જો દુઃખ ઔર ગમ હુવા હૈ વો સિર્ફ ખાનવાદાએ રઝવિય્યહ કા નહીં બલ્કે બર્રે સગીરકી તમામ ખાનકાહોંકા દુઃખ હૈ. ખાનકાહે અશ્રફિયા કછૌછા શરીફ ભી ઈસ દુઃખ ઔર કુર્બમેં શરીક હૈ. અલ્લાહ ﷻસે દુઆગો હૂં કે અલ્લાહ પાક હઝરત તાજુશ્શરીઅહકે મુરાતિબ બુલંદ ફર્માએ ઔર આપ હઝરાત કો સબ્રે જમીલકી તૌફીક મર્હમત ફર્માએ. અમીન બિજાહિન્નબી કરીમ ﷺ–મોઈનુદીન અશરફ અશરફીયુલ જીલાની, સજ્જાદાનશીન ખાનકાહે અશ્રફિયા કછૌછા મુકદસા.

**ખાનકાહે આલિયા અશ્રફિયા જાઈસ, અમેઠી :** મૌતુલ આલિમ મૌતુલ આલમ. اِنَّا لِلّٰهِ وَ اِنَّا اِلَیْهِ رَاجِعُوْنَ નબીરએ આ'લા હઝરત મુફતી અખ્તર રઝા ખાન સાહબ અઝહરી કિબ્લા કે ઈન્તેકાલે પુરમલાલ પર હમ સભી તા'ઝિયત પેશ કરતે હૈં. બિલા શુબ્હા આપ કી વફાત હસ્રતે આયાત મિલ્લતે ઈસ્લામિયા કે લિયે નાકાબિલે તલાફી ખસારા હૈ. મૌલા કરીમ હઝરત કી મગફિરત ફર્માએ ઔર ઉનકે દરજાત બુલંદ ફર્માએ. પસમાંદગાન, મોહિબ્બીન, મુતવસ્સિલન કો સબ્રે જમીલ કી તૌફીક દે.

***–ખાદિમે સજ્જાદાએ અશ્રફિયા*** *(અલ્લામા સૈયદ મુહમ્મદઅશ્રફ કલીમ જાઈસી مدظلہ العالی) વ સાહબઝાદગાને શયખે તરીકત સૈયદ ફહીમ અશરફ, સૈયદ નદીમ અશરફ, પ્રો. સૈયદ અલીમ અશરફ, સૈયદ હસન અશરફ, સૈયદ શમીમ અશરફ.*

❑ ❑ ❑

## THE LOSS OF A UNIQUE PEARL

**A Statement by shaykh sayyid Muhammad Al-Yaqoubi (Siriya)**

Today, we recieved the deeply saddening news about the passing away of the great scholar and sufi master of India, Shaykh Mufti Akhtar Rida Khan. {Indeed, to Allah we belong and verily, to Him is our return}.

This is not an absence of an ordinary scholar, it is a loss of a nation of scholars. As a unique pearl, he was a man of immense piety and deep knowledge. He advocated Sunni Islam in a time when many scholars kept silent. He guided millions of Muslims across the World and a beacon of light for Sunni Muslims.

As the great-grandson of Imam Ahmad Rida Khan, he was a golden link in an unbroken family chain of scholarship.

His level of learning earned him great respect in both Egypt, the cradle of al Azhar, and Sham, the nucleus of Sunni Islam. In 2009, Mufti Akhtar, may Allah have mercy on him, visited me at my home in Damascus. It was a delightful meeting with beautiful memories which we cherish.

We offer our heartfelt condolences to his family, students and friends; and pray that Allah Almighty elevate his status, grant him lofty stations, and shower tranquility in the hearts of his loved ones.

આપના જનાઝાની નમાઝમાં લાખો અક઼ીદતમંદો સિવાય અસંખ્ય નામી ગિરામી આલિમો, મુફતી સાહેબો, પીરસાહબો તથા ખાનક઼ાહોના સજ્જાદાનશીનોએ હાજરી આપી હતી અને લેખિતમાં પોતાના અભિપ્રાય અને તાઝિયતીપત્રો લખ્યા હતા.

આપના જનાઝાની નમાઝમાં સામેલ થનારા આલિમોમાં ઝિયાઉલ મુસ્તફા સાહેબ (ઘોસી), મુફતી મુજીબ અશરફ સાહબ (નાગપુર), મુફતી અશરફ રઝા સાહેબ (મુંબઈ), મુફતી નિઝામુદ્દીન સાહબ (મુબારકપુર), મૌલાના શમ્સુલ હુદા સાહબ (મુબારકપુર), મૌલાના શાકિર સાહબ નૂરી (મુંબઈ), મૌલાના શેખ અબૂબક્ર સાહબ (કેરાલા), મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી સાહબ (માલેગાંવ), જનાબ સઈદ નૂરી સાહબ (મુંબઈ), સૈયદ આલમગીર અશરફ સાહબ (કિછૌછા શરીફ), મુફતી મતીઉર્રહમાન સાહબ રિઝવી (બંગાળ), મૌલાના શમ્સુદ્દીન રઝવી (મકરાના), હઝરત અલ્લામા સૈયદ સલીમ બાપુ (બેડી, જામનગર), અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (જૂનાગઢ), હઝરત સૈયદ નજીબ હૈદર સાહબ બરકાતી (મારેહરા શરીફ), મુફતી અમ્જદ રઝા સાહબ (પટના) તથા ખાનવાદએ રઝવિય્યહ બરેલી શરીફના સજ્જાદાનશીન હઝરત અલ્લામા સુબ્હાન રઝા સાહબ સહિત ખાનદાનના તમામ ફરઝંદો અને વિશ્વના અનેક આલિમોની હાજરી તરી આવતી હતી.

## તઅઝિયતી તથા ઈસાલે સવાબની મજલિસો

હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તરરઝાખાં અઝહરી رحمۃ اللہ علیہના દુનિયાથી પર્દો ફર્માવવાના આઘાતજનક સમાચાર ૭ ઝી ક઼અદા હિ.સ. ૧૪૩૯, અં.તા. ૨૦–૭–૨૦૧૮ના જુમ્આના મગરિબ પછી વહેતા થયા. થોડીક જ મિનિટોમાં જગતભરમાં સોશિયલ મીડિયા થકી ફેલાય ગયા અને સર્વત્ર સોગનો માહોલ છવાઈ ગયો. દયાદરા ખાતે શનિવારે અસર બાદ મુખ્તારુલ મસાજિદ નૂરાની મસ્જિદમાં યાસીન શરીફનો ખતમ રાખી ફાતેહાખ્વાની કરીને ન્યાઝ વહેંચીને હઝરતની બારગાહમાં ઈસાલે સવાબ કરવામાં આવ્યો. બીજા દિવસે રવિવારે અસર બાદ પણ એ જ પ્રમાણે ઈસાલે સવાબ માટે ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના હફતાવારી ઈજતેમામાં પણ તઅઝિયતી પ્રોગ્રામ થયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હઝરતનો મુખ્તસર તઆરૂફ કરાવી હઝરતના દરજાતની બુલંદી માટે દુઆ કરવામાં આવી. એ સિવાય પણ દયાદરા મસ્જિદમાં તથા ઘરોમાં હઝરતના અક઼ીદતમંદોએ ઈસાલે સવાબ અર્થે યાસીન તથા કુર્આનખ્વાની તથા નિયાઝની વ્યવસ્થા કરી હતી. તદ્ઉપરાંત ભરૂચ જિલ્લાના સુન્ની દારુલ ઉલૂમો : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ, દારુલ ઉલૂમ ચાંચવેલ, ટંકારીઆ, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જંબુસરમાં દારુલ ઉલૂમ ફયઝાને ઔલિયા તથા નૂરી ઈબાદતગાહ વ તર્બિયતી સેન્ટર તથા અનેક મસ્જિદોમાં ગામેગામ શહેર શહેર તઅઝિયતી તથા ઈસાલે સવાબના પ્રોગ્રામો ગુજરાતભરમાં બલ્કે દેશ વિદેશમાં પણ થયા. નાચીઝ તથા અન્ય સાથીઓએ તા. ૨ ઓગસ્ટના બરેલી શરીફમાં હઝરતના મઝાર શરીફ પર, આ'લા હઝરત, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہم اجمعینના મઝાર શરીફ પર હાજરીનો શરફ પામ્યો તેમજ હઝરત મૌલાના અસ્જદ મિયાં સાહબથી મુલાકાત કરી તા'ઝિયત કરી હતી.

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને
સવાર-સાંજ જમવાનું મળશે.

**ઉમરાહ ૨૦૧૮-૧૯નું બુકીંગ ચાલુ છે.**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. **નબીપુર**, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

*(ફકત સુન્ની-મસ્લકે આ'લા હઝરતવાળા માટે)*

- **સુન્ની પઠાણ યુવાન** : જ.તા. ૧૭-૮-૧૯૯૪, ઉમર : ૨૩ વર્ષ, ઊંચાઈ : ૫.'૪૪, વજન : ૫૭ કિલો, એજ્યુ. : B.Com L.L.B. જોબ : સબ એકાઉન્ટન્ટ (Dppt., ગાંધીનગર, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત), મહેસાણા ડિસ્ટ્રીક બાજુના, આલિમા, નેક, ખૂબસૂરત, બાઅખ્લાક઼, સુન્ની યુવતી પસંદગીને પાત્ર. **સંપર્ક મો. : 9725001546.**
- **સુન્ની બેલીમ યુવાન** : જ.તા. ૧૫-૫-૧૯૮૬, ઉમર : ૩૨ વર્ષ, ઊંચાઈ : ૫'.૪, સુન્ની મુસ્લિમ (સિપાહી જમાત), અપરણીત, એજ્યુ. : ૧૨ પાસ તથા આઈ.ટી.આઈ ટ્રેડ પાસ : વાયરમેન, જોબ : ઈલેકટ્રીકલ આસિટન્ટ જી.ઈ.બી. (ગુજરાત ગવર્નમેન્ટ), ભણેલી તથા કુર્આન પઢેલી દીનદાર છોકરી પસંદગીને પાત્ર, ઘરના સભ્યોમાં માતા તથા એક નાનો અપરણીત ભાઈ, બહેન તથા પિતા નથી. (વઢવાણ તરફ) **સંપર્ક મો. : મો. 9913623079**

**એક ગમઅંગેઝ અકસ્માત ! બોડેલી** : ખાતે ખત્રી અબ્દુસ્સત્તાર જુશબજી લસોટ, તસ્લીમ વેલ્ડિંગવાળાના પરિવારને હાલોલથી પરત થતાં અકસ્માતે ફોર વ્હીલરનું પાછલુ ટાયર નીકળી જતાં ગાડી નાળામાં પડી જ્યાં પાણી હોય ડૂબી જતાં બાળકોમાં પાંચ દીકરા તથા બે દીકરીઓ કુલ સાત વ્યક્તિઓનો ઈન્તેક઼ાલ થઈ ગયો. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيۡهِ رَاجِعُوۡنَ રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમોની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*